# ઇન્કિલાબે હુસૈન(અલ.) શા માટે?

# જેહાદે હુસૈન(અલ.) શા માટે?

# કરબલા શા માટે?

## : સંકલન :

## ઈબ્રાહીમ બી. પટેલ, ભરુચ

## : પ્રકાશક :


અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

***ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.***

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| ક્રમ | વિગત | પેજનં. |
|---|---|---|
| (૧) | યઝીદ સત્તા સ્થાને આવ્યો તે અગાઉની ઐતિહાસિક પરિસ્થિતિ | ૧૩ |
| (૨) | હઝરત અલી(અલ.) અને મઆવિયા | ૨૦ |
| (૩) | સૂફીઓ અને અવલિયાએ ખુદાનો 12 ઇમામોથી સંબંધ | ૩૫ |
| (૪) | યઝીદની ઓળખ (એની મા, એનો બાપ, દાદો, નાનો બધા જ ખુદા રસૂલ(સલ.)ના દુશ્મન. | ૩૯ |
| (૫) | યઝીદની ખલીફા તરીકેની નિયુક્તિ ઉપર ઇમામ હુસૈન(અલ.)નો વિરોધ | ૬૨ |
| (૬) | મઆવિયાની મક્કારીભરી | ૬૬ |

| | | |
|---|---|---|
| | ચાલબાજીઓ. | |
| (૭) | ઇમામ હુસૈન(અલ.)એ યઝીદથી બયઅત લેવાનો ઇન્કાર કર્યો | ૭૭ |
| (૮) | ઇન્કિલાબે હુસૈન(અલ.) માટેના જરૂરી પરિબળો. | ૮૨ |
| (૯) | ઇન્કિલાબ અંગેના કારણો ઇમામ હુસૈન(અલ.)ની દ્રષ્ટિમાં | ૯૩ |
| (૧૦) | ઝાલિમોના વિરૂદ્ધ ઊભા થવું. | ૯૯ |
| (૧૧) | ઇરાકીઓના કાળાં કરતૂતો | ૧૦૭ |
| (૧૨) | ઇન્કિલાબ સામાન્ય જનસાધારણની દ્રષ્ટિમાં | ૧૨૦ |
| (૧૩) | ઇન્કિલાબ સ્વયં ઇન્કિલાબીઓની દ્રષ્ટિમાં | ૧૨૯ |
| (૧૪) | ઇસ્લામી સમાજમાં ઇન્કિલાબે હુસૈન(અલ.)ની અસરો. | ૧૩૩ |

| | | |
|---|---|---|
| (૧૫) | બલિદાનનો એક ઉચ્ચોચ્ચ નમૂનો | ૧૫૦ |
| (૧૬) | ઇમામ(અલ.)નો દરજ્જો(હોદ્દો) શું છે? | ૧૬૨ |
| (૧૭) | હક એક અટલ સચ્ચાઇ છે. | ૧૬૬ |
| (૧૮) | ઇન્સાનોની બહુમતિ હંમેશા નાફરમાન અએ ગૂમરાહ રહી છે. | ૧૬૯ |
| (૧૯) | વિશ્વના મહાન નેતાઓના ઇમામ હુસૈન(અલ.) વિશે મંતવ્યો | ૧૭૨ |
| (૨૦) | શાયરોની કતાઅ | ૧૯૮ |

# પ્રસ્તાવના

અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતનો લાખ લાખ શુક્ર અદા કરૂં છું સાથે મોહંમદ વ આલે મોહંમદ ઉપર દુરૂદ મોકલું છું કે તેણે મને આટલા મુશ્કેલ વિષય ઉપર કલમ ઉઠાવવાની તૌફીક આપી. સાથે હું તેની રહમતથી જ આ નાની પુસ્તિકામાં વિચારોને સંગ્રહિત કરી શક્યો. આ પુસ્તિકા અચાનક જ તૈયાર થઇ ગઇ, અચાનક જ લખવા બેસી ગયો.

કોઇક વાત એમ બની કે છેલ્લા એકાદ બે વર્ષમાં કેટલાક બિન મુસ્લિમ ભાઇઓએ મને આ બાબત પૃછા કરી છે કે ઇમામ હુસૈન(અલ.) શહીદ કેમ થયા? કયા હેતુસર આપની શહાદત થઇ? પ્રશ્ન પુછનારને તો મેં જે તે વખતે યોગ્ય જવાબ આપી દીધો હતો. મારી ધારણા મુજબ તેઓ મારા ઉત્તરથી સંતુષ્ટ પણ થયા હતા. છતાંય મને

હૃદયમાં એક ખચકાટ સતાવતો હતો કે આપણા બધા માટે પણ એક નાની પુસ્તિકા હોય, જેથી આપણા નવયુવાનો આ બાબતનો ઉત્તર તેમના કોઇપણ યુવાન મિત્રોને આપી શકે. તેમાં વળી આપણી લાયબ્રેરીના હિત્તેચ્છુ એવા જનાબ ખોજા મુશ્તાકભાઇ માસ્તરે (ચાંદની હેન્ડીક્રાફ્ટ-મુન્દ્રા-કચ્છ) મને આ બાબત ફોન કર્યો કે ઇમામ હુસૈન(અલ.)ને જેહાદ કેમ કરવી પડી. આ વિષય ઉપર આપણી પાસે કોઇ કિતાબ છે? મેં કહ્યું ના, મુશ્તાકભાઇએ મને જણાવ્યું કે એમને હાલ જ એક શિક્ષિત બિન-મુસ્લિમ વેપારીએ આ પ્રશ્ન કર્યો હતો. વળી આગળ પણ કોઇક બિન-મુસ્લિમે આવો જ પ્રશ્ન કર્યો હતો.

આ નાની પુસ્તિકા લખવા માટે મુશ્તાકભાઇ મારા માટે પ્રેરકબળ બની ગયા. અલહમ્દોલિલ્લાહ!

કિતાબ વહાલા વાચકોની સેવામાં પ્રસ્તુત છે. ખુદાતઆલા આપણને ઇમામ હુસૈન(અલ.)નો સાચો દરજ્જો સમજવાની તૌફીક આપે.

જો ઉમ્મત ઇમામ હુસૈન(અલ.)ના દરજ્જાને સમજી લેત તો આજે વિશ્વના મુસ્લિમોની આ હાલત ન હોત. વિશ્વનો નકશો જ કંઇક જુદો હોત. આ પાંચ બુઝુર્ગો સાથે અને એમની ઔલાદ કુલ ચૌદ માસૂમો વિલાયતનું પાવર હાઉસ છે. વિશ્વની બધી જ વિલાયતોનું ઉદ્ગમસ્થાન છે. વિશ્વની બધી જ વિલાયતોનું મૂળ છે. અહીંથી જ વિલાયતો તકસીમ થાય છે.

વિશ્વના કોઇપણ ખૂણે બેઠેલા કે સૂતેલા વલી કે સૂફીનો સંબંધ 11 ઇમામો સાથે હોય છે. કોઇનો સિલસિલો છઠ્ઠા ઇમામ સાથે, કોઇકનો

આઠમા ઇમામ સાથે તો કોઇકનો નવમા કે દસમાં ઇમામ સાથે હોય છે.

પરંતુ અફસોસ આપણે તો સાચી રીતે ન રસૂલુલ્લાહ(સલ.)ને ઓળખી શક્યા, ન રસૂલે ખુદા(સલ.)ના દોસ્તો અને દુશ્મનોને ઓળખી શક્યા. આપણે તો પેગંબરે ઇસ્લામના દુશ્મનો એવા કટ્ટર મુનાફિકોને આપના દોસ્ત સમજી લીધા અને સાચા નેકદિલ દોસ્તોને અને આપની એહલેબયતને દૂર ધકેલી દીધાં. આપણી પાસે સત્ય નથી પરંતુ અર્ધ સત્ય છે. પેગંબરે ઇસ્લામને આપણે ચાહિયે છીએ પરંતુ આપની ઔલાદથી આપણને જરાયે લગાવ નથી. આ વાત સત્ય છે કે આપ(સલ.)ના બાલ મુબારકને ચૂમીએ છીએ અને આપ(સલ.)ની આલથી નફરત કરીએ છીએ. બાલથી મહબ્બત

આલથી દુશ્મની જેવો આપણો અધકચરો અકીદો આપણને સાચી વિલાયતથી દૂર રાખે છે.

ઇમામ જેહાદ માટે શા માટે ઊભા થયા? તે સમયની પરિસ્થિતિ શું હતી? ઇમામના માટે ઊભા થવું જરૂરી હતું. આ અલ્લાહનો જ હુકમ હતો. આ એક ઘણો જ મુશ્કેલ વિષય છે. છતાંય અલ્લાહના નામ સાથે મેં આ વિષય ઉપર કલમ ઊઠાવી છે. અલ્લાહ મારી કલમમાં શક્તિ આપે અને વાંચકો સમજી શકે એવી સીધી સાદી ભાષામાં હું સમજાવી શકું. અલ્લાહ મારી મદદ ફરમાવે.

મારો એક અદના પ્રયત્ન છે કે લોકો આલે મોહંમદના દરજ્જાને સમજે. મારા વહાલા વાચકોને વિનંતી કરીશ કે તેઓ આ કિતાબને એક વખત નહિ પરંતુ ત્રણેક વખત વાંચે, સમજીને વાંચે, નવયુવાનો તેની દલીલોને યાદ રાખે.

અલ્લાહથી આ ઉમ્મીદ સાથે કે આ નાની પુસ્તિકા મારી બક્ષિસનો ઝરીઓ બને. એને છપાવનારા, એમાં મદદરૂપ થનારા, એવા લાયબ્રેરીના તમામ શુભેચ્છકો ચાહકોને ખુદા દુનિયા આખેરતમાં બેહતરીન બદલો આપે એવી દુઆ સાથે છૂટો પડું છું.

## (1) યઝીદ સત્તા સ્થાને આવ્યો તે અગાઉની ઐતિહાસિક પરિસ્થિતિ.

યઝીદ મઆવિયા બિન અબુસુફિયાનનો પુત્ર હતો. મુસલમાનોના ચોથા ખલીફા હઝરત અલી(અલ.) હિજરી 35 થી 40 મુતાબિક ઇ.સ. 656 થી 661 માં સત્તા પર આવ્યા. આપ લગભગ 5 વર્ષ સત્તા પર રહ્યા. આપ સમગ્ર ઇસ્લામી આલમની સહમતિથી, કોઇપણ પ્રકારની મુશ્કેલી વગર, એક ટીપું પણ લોહી વહાવ્યા વગર, પ્રજાના અતિશય આગ્રહને વશ થઇ, સત્તા સ્થાને બેઠા હતા.

આપના અગાઉના ખલીફા હઝરત ઉસ્માન(રદિ.)ને બળવાખોરોએ કત્લ કરી નાખ્યા હતા. મિસર અને તેની આસપાસના હજારો બળવાખોરોએ મદીનામાં ચાલીસ દિવસ ધામો

નાખ્યો હતો. ખલીફા હઝરત ઉસ્માન(રદિ.)ના ઘરને ચાલીસ દિવસથી ઘેરી લીધું હતું. છેવટે આ બળવાખોરોએ ઘરમાં ઘુસી જઇ ત્રીજા ખલીફાને કતલ કરી નાખ્યા. ખલીફા હઝરત ઉસ્માન(રદિ.) ઉપર સગાંવાદનો ઘણો જ ભારે આરોપ હતો. ઇસ્લામી હુકુમતના લગભગ 15 રાજ્યો હતાં આ પંદરે પંદર રાજ્યોના ગવર્નરો ત્રીજા ખલીફા ઉસ્માન(રદિ.)ના જમાઇઓ, ભાઇ ભત્રીજાઓ, સાળાભાઇઓ અને બનેવીઓ જ હતા. તે સિવાયનો પણ કોઇ ઉચ્ચ અમલદાર બનુ ઉમય્યા. જે ઉસ્માન(રદિ.)નું ખાનદાન હતું તેની બહારનો ન હતો. આપની હુકુમતના પંદર ગવર્નરોમાંથી દસ ગવર્નરો તો નર્યા દારૂડિયા હતા. ઝિનાખોર સુંદરી અને શરાબના શોખીન હતા. આ જ સગાંવાદે ખલીફા હઝરત ઉસ્માન(રદિ.)નો ભોગ લીધો.

લશ્કર પણ ખલીફા હઝરત ઉસ્માન(રદિ.)થી એટલું નારાજ હતું કે લશ્કરમાંથી એક સૈનિકે પણ આ બળવાખોરોને રોકવાની કોશિશ કરી નથી. બલ્કે તે સમયના મદીનાનો એકેએક વ્યક્તિ ખલીફા હઝરત ઉસ્માન(રદિ.)ની કતલમાં સામેલ હતો. જીભ અથવા કાર્યથી સામેલ હતો. આ ઇતિહાસ સત્ય છે. તે સિવાયનું જે કંઇ કહેવાય છે તે નર્યું જુઠ છે. નર્યો ઘડેલો જુઠ્ઠો ઇતિહાસ છે. મુસલમાનો કહે છે કે હઝરત ઉસ્માનનો કોઇ વાંક ગુનો જ ન હતો. આ વાત સદંતર જુઠ છે.

આ એવું જ જુઠ છે જેવી રીતે કે આજના મુસલમાનો ઓસામા બિન લાદેન જેવા નરપિશાચને, તાલિબાન જેવા જાહિલ અને જંગલી ઇન્સાનિયતના દુશ્મનોને સારા ચિતરે છે. તાલિબાન, અલકાયદા કે ઓસામા આ બધા જ

ઇન્સાનિયતના દુશ્મનો છે. આ લોકોની એક પણ પ્રવૃત્તિ કુર્આન અને ઇસ્લામ સાથે જરાય મેળ ખાતી નથી.

મુસલમાનો મૂર્તિપૂજા નથી કરતા પરંતુ વ્યક્તિપૂજામાં એટલા ઊંડા ઊતરી ગયા છે કે ફટ દઇને ઇતિહાસને ખોટો કહી દે છે. હઝરત ઉસ્માન(રદિ.)ના સગાંવાદ અને પોતાના જ ખાનદાનના બધા ગવર્નરોના દારૂડિયા અને શરાબી હોવા વિશે, તે સિવાય એમના કતલની ઘટનામાં એમનું તમામ લશ્કર અને મદીનાનો એક એક વ્યક્તિ તેમાં રસૂલ(સલ.)ના સહાબીઓ સામેલ હતા. કારણ કે હજી તો રસૂલ(સલ.)ના ઇન્તિકાલને માંડ પચ્ચીસ વર્ષ થયાં હતા. આ વિષયમાં યુરોપીયન ઇતિહાસકારો, અરબી ઇતિહાસકારો, ગ્રીક ઇતિહાસકારો બધા જ એકમત છે કે ઉસ્માનના

સગાંવાદને કારણે તેમની જાન ગઇ. વળી એમના જ લશ્કરનો એક પણ વ્યક્તિ આપની ફેવરમાં ન હતો. આપને કતલ થતાં બચાવવા આગળ આવ્યો નથી.

જ્યારે ખલીફા ઉસ્માન(રદિ.) મુસલમાનોના હાથે કતલ થઇ ગયા. જેમની કતલમાં સહાબીઓના નામ છે. જે અત્યારે અમારો વિષય નથી. આ વિષયમાં વિસ્તૃત જાણકારી માટે જુઓ અમારી કિતાબ “ઇસ્લામ અસત્યના ઘેરાવમાં, ભાગ-3” જે હઝરત ઉસ્માન(રદિ.)નું જીવનચરિત્ર છે.

હઝરત ઉસ્માન(રદિ.)ના કતલ થયા પછી લોકો હઝરત અલી(અલ.)ની તરફ એકદમ દોડી આવ્યા. આપે ઇન્કાર કર્યો ફરી વિચારવા કહ્યું. આઠ દિવસ સુધી વિચારી પછી આવવા કહ્યું: છેવટે સમગ્ર મુસ્લિમ ઉમ્મતે એકમતે સહમત થઇને

આપને ખિલાફત સોંપી. આપ સાડા ચાર કે પાંચ વર્ષ જેટલા સમયગાળા માટે સત્તાસ્થાને રહ્યા. પછી આપની શહાદત થઇ.

હઝરત અબુબકર(રદિ.), હઝરત ઉમર(રદિ.) અને હઝરત ઉસ્માન(રદિ.) ત્રણે ખલીફાઓના સમયગાળામાં મઆવિયા શામનો (અત્યારનું સીરિયા) ગવર્નર હતો. હઝરત ઉસ્માન અને મઆવિયા બંનેનું ખાનદાન એક જ હતું, બની ઉમય્યા. જેથી હઝરત ઉસ્માન(રદિ.)ના સમયથી જ મઆવિયાની વર્તણુંક આઝાદ બાદશાહ જેવી થઇ ગઇ હતી. હઝરત ઉસ્માન(રદિ.) એને કશુંપણ કહી શકવાની કે ઠપકારીને રોકવાની શક્તિ ધરાવતા ન હતા. મઆવિયા માલે ગનીમતની વસુલાત (રાજ્યની આવક) પણ મદીનાની કેન્દ્ર સરકારને એટલે કે ખલીફા હઝરત ઉસ્માનને મોકલતો ન

હતો. તે રાજા જેવો આઝાદ બની ગયો હતો. માલે ગનીમતને પોતાનો ખજાનો સમજતો હતો.

હઝરત અલી(અલ.)એ આ અવ્યવસ્થિત અઘોર તંત્રને સુધારવાનું હતું. આ ઇસ્લામી હુકુમત જેના પાયેપાયા હાલી ઉઠ્યા હતા. જે હુકુમતના લોકોએ પોતાના બાદશાહને મારી નાખ્યા હતા. તેવી હુકુમતમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ સુધારવાની હતી. જે હુકુમત ફક્ત નામની જ ઇસ્લામી હતી. જેવી રીતે અત્યારે ઇરાનને બાદ કરતાં વિશ્વની બધી જ ઇસ્લામી કહેવાતી હુકુમતો ફક્ત નામની જ ઇસ્લામી છે.

## (2) હઝરત અલી(અલ.) અને મઆવિયા

હઝરત અલી(અલ.)એ સત્તાસ્થાને આવતાં તરત જ હઝરત ઉસ્માનના ગવર્નરો જેઓ વ્યભિચારી અને શરાબી હતા. બધાને બદલી નાખ્યા. પદભ્રષ્ટ કરી દીધા. આપે મઆવિયાને પણ પદભ્રષ્ટ કરી દીધો. પરંતુ મઆવિયા પાસે શામ દેશનું ગવર્નરપદું ઘણાં લાંબા સમયથી હતું. વળી અત્યારના રાજકારણીઓ જેમ પોતાના મત વિસ્તારમાં જો ચુંટાઇ આવ્યા તો નાજાઇઝ આવકનો આશરો માંડે છે. અંદાઝો લગાવે છે. 50 કરોડ તો કમાવાના જ છે. માટે 10 કરોડની અગાઉથી લહાણી કરી દો. દરેક ગામના સરપંચોને એક એક લાખ, દરેક ગામ અને શહેરના ગુંડા-ટપોરીને એક એક લાખ, દરેક વસ્તીના ખરીદી શકાય એવા પરંતુ સભ્ય ગણાતા આગેવાનોને એક એક લાખ આમ

ત્રીસ લાખ(ત્રણ કરોડ) થાય તે સિવાય ના નાણાંથી સામાન્ય ગરીબ વસ્તીઓના વોટ ખરીદી લો. જે ચુંચા કરે તેનું મોં બંધ કરી દો. સામ, દામ, દંડ અને ભેદની નીતિ અપનાવીને અત્યારના ગુંડા જેવી રીતે ચૂંટણી જીતી જાય છે તે જ રીત મઆવિયાએ અપનાવી હતી. સામથી કામ લઇને એટલે સમજાવીને પતાવીને, દામ એટલે પૈસાથી ખરીદીને, દંડથી મતલબ દાદાગીરી કરીને તેમની માલ મિલકતને સળગાવીને, માર મારીને અને જો આ ત્રણે રસ્તા કામ લાગે એમ ન હોય તો, છેલ્લે ભેદની નીતિ અપનાવીને કોઇને ખબર જ ન પડે કે કોણે મારી નંખાવ્યો. બુલડોઝરથી-સરકારી-લશ્કરી વાહનથી-ઝેર આપીને કે અજાણ્યા ગુંડા રોકીને મારી નખાવે. એને ભેદની નીતિ કહે છે.

મઆવિયાએ શામની હુકુમતના ગવર્નરપદે આ જ પદ્ધતિથી કામ લઇ શામના લોકોને પોતાના કબજામાં કરી લીધા હતા. નેક આગેવાનો તો શામ છોડી ગયા હતા. કોઇમાં મઆવિયાનો વિરોધ કરવાની હિમ્મત જ ન હતી. વિરોધ કરે જ કઇ રીતે? વિરોધ એટલે મોત. કુટુંબ કબીલા સગાંવહાલા બધાની મોત.

મઆવિયાએ હઝરત અલી(અલ.)ને ખલીફા તરીકે સ્વીકારવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો. પોતે આઝાદ હાકેમ બની ગયો. હઝરત અલી(અલ.)એ તેની સામે જંગે સિફ્ફીન લડી જેમાં કોઇ નક્કર પરિણામ આવે તે અગાઉ મઆવિયા અને અમ્ર બિન આસની લુચ્ચાઇભરી ચાલાકીએ જંગ અટકાવી દીધી.

એક સર્વ સ્વીકૃત અને ખિલાફતે રાશેદહના ચોથા ખલીફા હઝરત અલી(અલ.) હતા. જેથી આપની ખિલાફતનો ઇન્કારી ફિકહે હનફીમાં ઇસ્લામના દાયરાની બહાર નીકળી જાય છે. મતલબ મુસલમાનો હઝરત અલી(અલ.)ની ખિલાફતને ખિલાફતે રાશેદહ કહેતા હોવા છતાં અને તેનો ઇન્કારીનો ગુનો કુફ્રનો ગુનો ગણાતો હોવા છતાં મઆવિયાને ઇસ્લામના દાયરાની બહાર ગણતા નથી. આ એક કોયડો છે.

મઆવિયાની હુકુમતનો ગાળો હિજરી સન 41 થી 60 સુધી મુતાબિક ઇ.સ. 661 થી ઇ.સ. 680 ગણાય છે. હિજરી સન 40 માં હઝરત અલી(અલ.)ની શહાદત થઇ. ઇસ્લામી હુકુમતના બે ભાગ પડી ચૂક્યા હતા. એક મોટો ભાગ જે ઇસ્લામના ચોથા ખલીફા હઝરત અલી(અલ.)ની

પાસે હતો. જ્યારે મુલકે સીરિયા અને તેની આસપાસના કેટલાક પ્રદેશો મઆવિયાના કબજામાં હતા. હઝરત અલી(અલ.)ની શહાદત પછી આપના મોટા ફરઝંદ નવાસએ રસૂલ ફરઝંદે ફાતેમા હઝરત ઇમામ હસન(અલ.) ખલીફા બન્યા. આપ ફક્ત છ મહિના ખિલાફત સ્થાને રહ્યા.

મઆવિયા હઝરત અલીના ચાહકોના ઘરબાર સળગાવી દેતો. કહેતો કે વ્યક્તિને મારી નાખવા કરતાં આ સજા વધુ સખત છે. કારણ કે તેની જિંદગીની પુંજી ખતમ થઇ જાય છે. મઆવિયાએ એટલું ભયંકર વાતાવરણ ઊભું કર્યું હતું કે ઇમામ હસન(અલ.)ના ચાહકોની કમી વર્તાવી હતી. ઉમ્મત ભૌતિકવાદી અને ડરપોક બની ચૂકી હતી. પોતાની ગોદડી સાચવીને એશમાં જીવવું ઉમ્મતને પસંદ હતું. આજે અત્યાચારના

માહોલમાં પણ ગામમાં કે શહેરમાં વસ્તીના કોઇ નેક માણસના મુકાબલામાં કોઇ ગુંડો હોય તો લોકો નેક માણસને પોતાનો વોટ આપતા નથી. અને ઝાલિમને જ જાહેરમાં વોટ આપે છે. તેના પલ્લે બેસવામાં જ પોતાની સલામતી અને ભલાઇ જુએ છે. પરિસ્થિતિ જોઇ ઇમામ હસન(અલ.)એ કેટલીક શરતો સાથે મઆવિયા સાથે “નાયુદ્ધ કરાર” કરી લીધા જેમાં કેટલીક શરતો પણ હતી. ત્યારથી મઆવિયા બધા જ મુસ્લિમ મુલકોનો બાદશાહ બની ગયો. કરારમાં જે શરતો ઇમામે મૂકી હતી. તેમાં ત્રણ મૂખ્ય શરતો હતી. જે મઆવિયાએ કબૂલી હતી પરંતુ તેના ઉપર અમલ ન કર્યો હતો.

(1) મઆવિયા પોતાની હયાતી સુધી જ ઇસ્લામી સલ્તનતનો ખલીફા રહેશે.

(2) મઆવિયા પોતાના મૃત્યુ પછી પોતાનો વલીઅહદ(ગાદીવારસ) નિયુક્ત કરી શકશે નહિ. કારણ કે ઇમામ હસન(અલ.) અને ઇમામ હુસૈન(અલ.) રસૂલના ગાદીવારસ છે જ.

(3) મઆવિયાની હુકુમતમાં જુમ્આના ખુત્બામાં દરેક મિમ્બર પરથી મારા વાલિદ બુઝુર્ગ(મતલબ હઝરત અલી(અલ.))ને ગાળો ભાંડવામાં આવે છે, બુરૂ ભલું બોલવામાં આવે છે. તે બંધ કરવું પડશે.

પરંતુ મઆવિયાએ આ કરારને કુફાની મસ્જિદમાં ફાડી નાખી પોતાના પગો નીચે રગળતા કહ્યું કે આ કરારનો તો હું આવો હાલ કરૂં છું. આ તો મારે તમામ ઇસ્લામી આલમનો આઝાદ ખલીફા બનવું હતું તે બની ગયો. બોલી હસવા લાગ્યો.

આ ઇતિહાસ છે. ઇતિહાસ કોઇને છોડતો નથી તે બધાં જ મોટા માથાઓંને ઉઘાડાં પાડે છે.

મુસલમાનો આંખો ખોલી કાન ખુલ્લા રાખીને સાંભળી લે કે મઆવિયાના મિમ્બરો પરથી લગાતાર ચાલીસ વર્ષ એના મૃત્યુ પછી પણ હઝરત અલી(અલ.)ને ગાળો આપવાની પ્રથા ચાલુ હતી. અલી(અલ.)ની બુરાઈ કરવાની આ નાપાક પ્રથા ચાલી રહી હતી. સમુદ્રો પાર ઊંડાણમાં રહેતી વસ્તીઓમાં તો ચાલીસ વર્ષ પછી પણ આ પ્રથા ચાલૂ રહી.

મઆવિયા અને યઝીદના મૃત્યુ પછી બની ઉમય્યાનો જ એક નેક ફરઝંદ હિજરી સન 99 મુતાબિક ઇ.સ. 717માં સત્તા સ્થાને આવતાં તેમના પ્રયત્નોથી આ પ્રથાને બંધ થઇ હતી. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે આ પ્રથા બંધ કરાવી. સુલહે ઇમામ હસન(અલ.) પછી મઆવિયાએ ઇમામ હસન(અલ.)નો કાંટો કાઢી નાખવા ભરપુર પ્રયત્નો

કર્યા. આપની એક બેવફા પત્ની જઅદાના હાથે ઇમામને પાણીમાં ઝેર અપાવ્યું. આ રીતે ઇમામને શહીદ કર્યા. જઅદાને મઆવિયાએ લાલચ આપી હતી કે તને પાંચ હજાર સોના મહોરો આપીશ અને મારા પુત્ર યઝીદ સાથે તારી શાદી કરી આપીશ. મઆવિયાએ સોના મહોરો મોકલાવી સાથે કહેવડાવ્યું કે તેં ઇમામ જેવા નેક ઇન્સાનને મારી નાખ્યા, હવે તારી ઉપર શું ભરોસો થાય?

હિજરીસન 60 માં મઆવિયાના ચમચાઓમાં ખાસ ચાલબાજ લોકો હતા. તેમણે મઆવિયાને સમજાવ્યું કે હવે તમે તમારો ઉત્તરાધિકારી નિયુક્ત કરી દો. મુસલમાનો તો તેમને સહાબીઓમાં ગણે છે. તેઓની પાછળ રઝિયલ્લાહ તઆલા અન્હો (અલ્લાહ એમનાથી રાજી થાય) એવું પુછડું પણ લગાવે છે. મુસલમાનો

કોની પાછળ પુછડું નથી લગાવતા, દૃષ્ટાંતરૂપે મોગલો આક્રમણખોર શાસક તરીકે હિંદુસ્તાનમાં ચઢી આવ્યા. ઇ.સ. 1526માં પાણીપતના મેદાનમાં દિલ્હીના બાદશાહ ઇબ્રાહીમ લોદી સામે મોગલ બાદશાહ બાબરે યુદ્ધ લડ્યું. જે પાણીપતનું પ્રથમ યુદ્ધ ગણાય છે. ઇબ્રાહીમ લોદી હાર્યો અને બાબર દિલ્હીનો બાદશાહ બન્યો. બધા જ મોગલ બાદશાહો ઐયાશ હતા. જો કે તેઓને હિંદુસ્તાન ગમી જતાં, તેઓએ હિંદુસ્તાનને પોતાનું વતન બનાવ્યું. બાબરનો પ્રપોત્ર ઔરંગઝેબ કટ્ટરપંથી સુન્ની અને એકદમ ઝનૂની બાદશાહ હતો. બાબર, હુમાયુ, અકબર, જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબ આ રીતે એ છઠ્ઠા ક્રમે બાદશાહ બન્યો હતો. તે કટ્ટરપંથી બાદશાહે પોતાના ફિરકા સિવાયના અન્ય ફિરકાઓના મઝહબી અગ્રેસરોની પણ કતલ કરી

છે. આ સિવાય પણ ઔરંગઝેબે અનેક પરધર્મીઓ ઉપર પણ ઝુલમ કર્યા છે. ઇતિહાસ લખાઇ ચૂકેલો છે એને મિટાવી શકાશે નહિ.

મુસલમાનો તો ઔરંગઝેબ જેવા ઝાલિમ બાદશાહને અવલિયા બનાવી દીધો છે. ઓસામા બિન લાદેન અને અબ્દુલ્લાહ બિન ઉમરની જેમ એને સંત બનાવી દીધો. તેની પાછળ પણ રહમતુલ્લાહ અલયહનું(અલ્લાહનુ એના ઉપર રહમત નાઝિલ થાઓ) પુછુડું લગાવી દીધું. આ જ ઔરંગઝેબની સત્તા ભૂખ અને ઝુલમની દાસ્તાનો તો પથ્થરો ઉપર કોતરાઇ ગઇ છે, મિટાવી શકાશે નહિ. એ શાહજહાંનો સૌથી નાનો બેટો હતો. જેથી હિંદુસ્તાનના રિવાજ પ્રમાણે એને સત્તા તો મળે જ નહિ. સત્તા મેળવવા સૌ પ્રથમ એણે પોતાને પેદા કરનાર સગા બાપને જેલમાં પૂરી દીધો. બાદશાહ

શાહજહાં એક લાંબી મુદ્દત 15 વર્ષ સુધી જેલમાં રહી ત્યાં જ મૃત્યુ પામ્યો. ઔરંગઝેબે પોતાના ત્રણ મોટા ભાઇઓને રસ્તામાંથી સાફ કરવા એક ને દગા ફટકાથી ચર્ચા કરવાના બહાને બોલાવી જેલમાં ધકેલી દીધો. બીજા ભાઇને આ જ રીતે બોલાવી તેની આંખોમાં ગરમ સળિયા ફેરવી તેને આંધળો કરી દીધો. તેનો એક ભાઇ તો આ પરિસ્થિતિ જોઇ હંમેશા હંમેશ માટે સન્યાસ સ્વીકારી લીધો, ભાગી છૂટ્યો. મુસલમાનો આવા ઝાલિમ બાદશાહને ઇસ્લામનો ઠેકેદાર શા માટે બનાવે છે? મને સમજાતું નથી.

મોશાળમાં જમણ અને મા પીરસનારી છે. તો પછી પૂછવું જ શું? બાબર બાદશાહની હાજરીમાં બાબરનામા એ જ રીતે અકબરનામા, જહાંગીરનામા આવા ઇતિહાસો આ બાદશાહોની હાજરીમાં જ

લખાયા. પછી શા માટે એમને રહમતુલ્લાહ અલયહ કહેવામાં ન આવે?

જે જે મુસ્લિમ બાદશાહોએ આ દેશની પ્રજા ઉપર ઝુલમ કર્યો હોય તેને સ્વીકારવામાં મુસલમાનોના મઝહબી ઠેકેદારોને શું વાંધો છે? ઉલટાનું આવા સ્વીકારથી તો હિંદુ-મુસ્લિમ એકતાનું સર્જન થશે. વળી આ બાબર કે અકબર ઔરંગઝેબને મુસલમાનો ઇસ્લામના ઠેકેદારો શા માટે બનાવે છે? ઇસ્લામના ઠેકેદારો તો અલ્લાહે નક્કી કરેલા છે. મોહંમદ, અલી, ફાતેમા, હસન અને હુસૈન(અલ.) જેમના અંદર ઝુલમનું નામો નિશાન જ નહીં મળે.

મઆવિયાના રાજ્ય અમલ દરમ્યાન વ્યાપક ભ્રષ્ટાચાર હતો. ખુનામરકી અને મારામારીની કોઇ હદ કે સીમા ન હતી. જંગલ રાજ

હતું. મઆવિયા અને યઝીદના શાસનકાળનો અભ્યાસ કરીને તો શ્રી મોરારજી દેસાઇ, આપણા દેશના માજી વડા પ્રધાને એક વખત એમ કહેલું કે “મુસલમાનોનો ઇતિહાસ લોહીથી ભરપુર છે.” લોહીયાર ઇતિહાસ છે. તેઓએ ગ્રીક ઇતિહાસના હવાલા ટાંકીને આ ટિપ્પણી કરી હતી. તે વખતે હું નવયુવાન હતો. નાસમજ પણ હતો. પછી ધીરે ધીરે મેં મુસલમાનોના ઇતિહાસનો અભ્યાસ કર્યો ત્યારે મને ખરેખર ભાન થયું કે માજી વડાપ્રધાનના શબ્દો બિલકુલ સાચા છે. મઆવિયા અને યઝીદ તો ક્યારનાયે જહન્નમ રસીદ થઇ ગયા. ઇમામ હસન અને ઇમામ હુસૈન(અલ.) જેવી મહાન અને માસુમ હસ્તીઓ જેઓ રસૂલ(સલ.)નું લોહી છે. તેમના મુકાબલામાં આ ઝાલિમો અને સત્તાલાલસીઓને શા માટે મૂકવામાં આવે છે? મઆવિયા અને યઝીદ

સાથે આ લોકોને કયા પ્રકારની મહબ્બતની ગાંઠ બંધાઇ ગઇ છે કે તેઓને વિલાયતના પાવરહાઉસ ઇમામ હસન(અલ.) અને ઇમામ હુસૈન(અલ.)નો દરજ્જો સમજાતો નથી.

## (3) સૂફીઓ અને અવલિયાએ ખુદાના ૧૨ ઇમામોથી સંબંધ

આપણે જોઇશું તો વિશ્વના ખૂણે ખૂણે સમગ્ર દુનિયામાં, ગલીઓમાં, ગામોમાં, શહેરોમાં, મેદાનોમાં, રેગિસ્તાનોમાં, પહાડોની તળેટીઓમાં, પહાડો ઉપર કરોડોની સંખ્યામાં જે અવલિયાઓ સૂતા છે, સંતો સૂતા છે, સૂફીઓ સૂતા છે સાદાત બુઝુર્ગો સૂતા છે. તેઓનો શજરો જોશો તો સમજાશે કે તેમની વંશાવલી 12 ઇમામોમાંથી કોઇ એક ઇમામને મળે છે. કારણ કે આ ઇમામો રસૂલ(સલ.)ની ઔલાદ છે. રસૂલ(સલ.)નું લોહી છે. રસૂલ(સલ.)ની બેટી જનાબે ફાતેમા(સલા.) અને જનાબે અલી મુરતઝા શેરે ખુદાની ઔલાદ છે. આ જ પાંચ પંજતન અને 12 ઇમામો અલ્લાહનું નૂર છે. વિલાયતનું પાવર હાઉસ છે. જો કોઇ વલીનો સંબંધ

આ પાવર હાઉસ સાથે નથી તો પછી તે વલી જ નથી. વિલાયતનો સ્ત્રોત, જ્યાંથી વિલાયત વહે છે. વિલાયતનું ઝરણું જેને કહીએ તે આ જ બુઝુર્ગો છે.

વિલાયતનો સંબંધ બીજે છે જ નથી. મુસલમાનો જ્યારે પણ કોઇ નાના ગામડામાં વલીની કબરની ઝિયારત ઉપર ફાતેહા પઢે તો કબરમાં જઇને તેમના શજરાની તખ્તી જોવા પ્રયત્ન કરે તો અમારી વાત સમજાઇ જશે.

હવે આપણે આપણા અસલ વિષય મઆવિયા ઉપર આવીએ. મઆવિયા ઘરડો થયો તો તેના ચમચાઓએ તેને જણાવ્યું કે તમારો વલીઅહદ નિયુક્ત કરો. એણે કહ્યું કે કોને નક્કી કરૂં? યઝીદ તો શરાબી છે. અમ્ર બિન આસને પોતાનું ઇમાન વેચવાના બદલામાં મઆવિયાએ મિસરનું ગવર્નરપદું આપી દીધું હતું. આ કહેવાતો

સહાબી મહા- ચાલાક અને શાતિર હતો. તેને બોલાવવામાં આવ્યો. તેણે સમજાવ્યું કે તમો મક્કા અને મદીનાની મુસાફરી કરો. ત્યાં અચાનક પહોંચી જાવ. નમાઝે જુમ્આમાં જ લોકોને મસ્જિદના દરવાજાઓ બંધ કરી રોકી યઝીદની બયઅત કબૂલ કરાવી લો. કોઇથી આપનો વિરોધ શક્ય બનશે નહિ. પછી આપણે સમગ્ર ઇસ્લામી આલમમાં આ જાહેરાત કરી દઇશું કે મક્કા અને મદીનાના તમામ મોટા મોટા સહાબાએ યઝીદની વલીઅહદી કબૂલ કરી લીધી છે. જેઓ મસ્જિદમાં બેઠા હશે. તેઓને બહાર નીકળવા દઇશું નહિ. કોઇપણ વ્યક્તિ મસ્જિદની સામાન્ય સભામાં ઊભો થઇને આપની (મઆવિયા જેવા ઝાલિમ રાજાની) વાતનો વિરોધ કરી શકશે નહિ.

આ જ પ્રમાણે કરવામાં આવ્યું. મઆવિયાએ મક્કા અને મદીનાનો પ્રવાસ કર્યો. મસ્જિદે નબવી અને કાબતુલ્લાહમાં સહાબાથી તથા સામાન્ય રીતે તમામ લોકોથી બયઅત લઇ લેવામાં આવી. કોઇએ વિરોધ કરવાની હિંમત કરી નહિ. કેટલાક નેક સહાબા અગાઉથી જાણી ગયા હોઇ કે મઆવિયા આવવાનો છે. તે મક્કા આવ્યો ત્યારે તેઓ મદીના તરફ ચાલી ગયા. અથવા આળપંપાળ નીકળી ગયા. જેઓ મોટા આગેવાન ગણાતા હતા અને મસ્જિદમાં ન દેખાયા તેમના ઘરો ઉપર છાપા મારીને તેઓની તલાશ કરવામાં આવી. જેઓ મળ્યા તેમની પાસેથી બળજબરીથી બયઅત લઇ જાહેરાત કરવામાં આવી. આ રીતે મઆવિયાએ પોતાના વ્યભિચારી, લંપટ, શરાબી બેટાને પોતાની હયાતીમાં જ પોતાનો ઉત્તરાધિકારી બનાવી દીધો.

## (4) યઝીદની ઓળખ

યઝીદ લોકોમાં સૌથી વધારે ઘમંડી, સ્વાર્થી અને અત્યાચારી વ્યક્તિ હતો. તદ્દન બેઅકલ અને જાહિલ પણ હતો. દારૂડિયો, જુગાર ખેલનારો, ઝાની અને મિથ્યાભિમાની હતો. તમામ બુરાઇઓ એની પ્રકૃતિમાં વળાંચ ચુકી હતી. એની પ્રકૃતિમાં હવસ એટલી બધી હતી કે અનેક દવાઓ ખાઇને પણ હવસ પૂરી કરતો. જેમ અકળાંતિયો વ્યક્તિ પેટ ભરાઇ જાય તો પણ ખા ખા કરે તેમ યઝીદ સંભોગ મામલામાં પણ અકળાંતિયો હતો. કૂતરાં, બિલાડાં પાળી તેમની પાસે અજબગજબની નાજાઇઝ પ્રવૃત્તિઓ કરાવતો.

યઝીદની તરબિયતમાં મસીહીય્યતની(યુરોપીયન) વધારે દખલ હતી. મસીહી તાલીમાત પ્રમાણે તેનો ઉછેર કરવામાં

આવ્યો હતો. તેના માટે દરેક સમજદાર વ્યક્તિનો મત આ પ્રકારનો હતો કે યઝીદ હુકુમતને હરગિઝ લાયક નથી. આ પરિસ્થિતિમાં દીનની હિમાયત અને બની ઉમય્યાના (મઆવિયા યઝીદનું ખાનદાન) ઝુલમથી મુસલમાનોને છુટકારો અપાવવા માટે ઇમામ હુસૈન(અલ.)ના ઇન્કિલાબને દરેક વ્યક્તિ કબૂલ કરતો હતો.

યઝીદની દાદીનું નામ હિન્દા હતું તેના બાપનું નામ મઆવિયા અને તેના દાદાનું નામ અબુસુફિયાન હતું. જે મુશરિકોનો સરદાર હતો. મક્કાના આગેવાનોમાં એની ગણના થતી હતી. મક્કા જીતીને પેગંબરે ઇસ્લામે મક્કામાં પ્રવેશ કર્યો ત્યારે મુનાફિકોના તરીકાથી ઇસ્લામની જાહોજલાલીથી અંજાઇ જઇને, મોત અને બેઇઝ્ઝતીના ખોફથી ઇસ્લામમાં દાખલ થયો હતો.

યઝીદ, મઆવિયા અને અબુસુફિયાન બધા જ મુનાફિક હતા.

જંગે બદરમાં હઝરત અલી(અલ.)એ મઆવિયાના નાના ઉતબાને, મામા વલીદને, અને ભાઇ હનઝલાને મોતને ઘાટ ઉતાર્યા હતા. અબુસુફિયાનની પત્ની અને મઆવિયાની મા હિન્દાએ જંગે ઓહદમાં આ જ કતલોના બદલારૂપે નબી(સલ.)ના સગા કાકા હઝરત હમઝા(રઝિ.)ની શહાદત પછી આપનું પેટ ચીરી કલેજું બહાર કાઢી તેને ચબાવ્યું હતું. આ નબી(સલ.)ના કાકાનું જિગર ખાનારી હિન્દા મઆવિયા મલઊનની મા અને યઝીદની દાદી થાય છે. હિન્દા અને અબુ સુફિયાનના મુનાફિક હોવાની આનાથી વધારે કઇ સાબિતી મુસલમાનો માંગી રહ્યા છે?

બની ઉમય્યા એક કડવું ઝાડ અને આ ઝાડના પાંદડા પણ કડવાં, ફળો પણ કડવાં જેને કુર્આને શજરએ ખબીસા કહ્યું છે. જ્યારે પેગંબરે ઇસ્લામના ખાનદાન બની હાશિમને શજરએ તૈયબા પવિત્ર વૃક્ષ જેના મૂળ, થડ, ફળ બધું જ મીઠું.

આ જ યઝીદે-નાપાકે હિજરી સન 63માં 25 ઝિલહજ્જ બુધવારના દિવસે ખાનએ કાબા ઉપર હુમલો લઇ જઇ પથ્થરમારો કરી કાબા ઉપર આગનો વરસાદ વરસાવ્યો હતો. અત્રે આ વાત યાદ રહે કે મક્કા અબ્દુલ્લાહ બિન ઝુબૈરના કબજામાં હતું. યઝીદના હુકમથી તેના સેનાપતિએ મક્કા ઉપર હુમલો કર્યો હતો. આ તો ઇતિહાસ છે.

મુસલમાનો વિચારે કે કાબા ઉપર હુમલો કરાવનાર અને કરનાર બંનેને શું કહેશો. યઝીદે

મદીના ઉપર પણ હુમલો કરી મદીનાને લુંટયું છે, બાળ્યું છે, તેનો વિગતે અભ્યાસ કરીએ.

**(અ) વાકેઅએ હિર્રહ**

હિજરી સન 62 શરૂ થઇ તો યઝીદે ઉસ્માન બિન મોહંમદ બિન અબી સુફિયાનને મદીનાનો હાકેમ નિયુક્ત કર્યો. તેણે હાકેમ બન્યા પછી મદીનાથી એક પ્રતિનિધિ મંડળ દમિશ્ક રવાના કર્યું. આ પ્રતિનિધિ મંડળને યઝીદે ભેટ સોગાદો અને દરેકને નાણાં પણ ભેટમાં આપ્યાં. છતાંય જ્યારે આ પ્રતિનિધિ મંડળ મદીના પરત આવ્યું તો તેમણે યઝીદને ગાળો આપવાનું શરૂ કર્યું. આ પ્રતિનિધિ મંડળના માણસોએ મદીનાની ગલી કુંચીઓમાં, ચકલે ચૌટે ગમે ત્યાં અહીં સુધી કે મસ્જિદે નબવીમાં પણ યઝીદની ખુલ્લા શબ્દોમાં બુરાઇ શરૂ કરી દીધી.

લોકોને જણાવ્યું કે અમે એક એવા વ્યક્તિ પાસેથી આવીએ છીએ જેનો દીન બાકી નથી. શરાબ પીએ છે. તંબુરા વગાડે છે. ઝિનાખોરીમાં રસ્યો પસ્યો રહે છે. કુતરાઓ સાથે રમતો રહે છે. અમે તમને લોકોને સાક્ષી બનાવીએ છીએ અને તેને ખિલાફતથી ઉતારી નાખીએ છીએ.

મનઝર જેઓ પ્રતિનિધિમંડળમાં આગેવાન હતા તેમણે જાહેરમાં વર્ણન કર્યું કે યઝીદે મને તેના વખાણ કરવા એક લાખ દિરહમ આપ્યા છે. તેમ છતાં હું ખુદાની કસમ ખાઇને કહું છું કે જે વર્તાવ ભેટ સોગાદો આપી તે અમારી સાથે વર્ત્યો છે અમને આ વાતથી નથી રોકી શકતો. કે હું સાચી વાતોના વર્ણનથી રોકાઇ જાઉં, તેમણે જાહેર સભામાં ઉંચા આવાજે જણાવ્યું.

"ખુદાની કસમ! યઝીદ શરાબમાં મસ્ત રહે છે. નશામાં નમાઝ પઢતો જ નથી. એટલો મસ્ત થઇ જાય છે. ઝિના કરે છે. કુતરાઓ સાથે રમત રમે છે.

પ્રતિનિધિ મંડળના દરેક પ્રતિનિધિએ ખુદાને ગવાહ રાખીને મસ્જિદે નબવીમાં, જાહેર સભાઓમાં, મસ્જિદની બહાર, મદીનાની બજારો, ગલી કુંચીઓમાં અહીં સુધી કે આસપાસની વેરાયેલી ગામડીયા વસ્તીમાં પણ યઝીદની બધી જ બુરાઇઓના બયાનો કર્યા.

મદીનામાં યઝીદનો વિરોધ ખૂબ જ વધી ગયો. વૃદ્ધ સહાબાઓ અને તાબેઇનંર્ તથા તાબેતાબેઇન સર્વ એકત્ર થયા બધાએ અબ્દુલ્લાહ બિન હનઝલહ ગસીલના હાથ ઉપર બયઅત કરી. અને યઝીદે મુકર્રર કરેલા આમિલ (ગવર્નર)

ઉસ્માન બિન મોહંમદને મદીનાથી બહાર ધકેલી દીધો. પદભ્રષ્ટ કર્યો.

ઇબ્ને હનઝલાએ લોકોને એમ પણ કહ્યું કે "ખુદાની કસમ! અમો તો આવા ભયથી દમિશ્કથી જલદી ચાલી આવ્યા કે કંઇ આસમાન ઉપરથી અમારા ઉપર પથ્થરોનો વરસાદ ન વરસી પડે. ચોક્કસ યઝીદ એવો વ્યક્તિ છે જે માઓ સાથે બહેનો સાથે અને બેટીઓ સાથે નિકાહ કરે છે. શરાબ પીએ છે. નમાઝ છોડી દે છે. ખુદા કસમ! જો મારી સાથે કોઇ નહીં હોય તો પણ હું એકલો પણ યઝીદનો વિરોધ કરવામાં મને ગમે તેટલી તકલીફ-મુસીબતો વેઠવી પડે તે વેઠવા, સહન કરવા તૈયાર છું."

અબુલ હસન મદાઇની કહે છે કે અબ્દુલ્લાહ બિન હનઝલા મદીના બહાર પણ એક વિશ્વાસપાત્ર

અને પ્રમાણિક માણસ ગણાતા હતા. લોકો તેમને પકડીને મસ્જિદે નબવીમાં મિમ્બરે રસૂલની પાસે લાવ્યા. પછી તમામ મદીનાએ યઝીદની બયઅતનો પટો ગળામાંથી ઉતારી નાખ્યો.

તેમણે યઝીદની બુરાઇઓ વર્ણન કર્યા પછી કહ્યું કે હું તમને કહી રહ્યો છું કે યઝીદે જો કે મારી સાથે સારો વર્તાવ કર્યો છે. મને સારૂં એવું ઇનામ પણ આપ્યું છે. પરંતુ અફસોસ સાથે કહું છું કે તે દુશ્મને ખુદા ઘણો જ મોટો શરાબી અને ઝાની છે.

મદીનાની આ ખબરો યઝીદને પહોંચી. તેણે મુસ્લિમ બિન ઉકબાને બોલાવ્યો. કહ્યું કે હમણાં જ લશ્કર સાથે મદીના જા. મદીના વાસીઓએ બળવો કર્યો છે. ત્રણ દિવસ સુધી મદીના વાસીઓને દઅ્વત આપજો કે મારી તાબેદારી ઉપર પાછા ફરે. જો તેઓ મારી તાબેદારી ઉપર આવી જાય તો ઠીક

છે. નહીં તો જંગ કરજો. જ્યારે તેમના ઉપર પ્રભુત્વ પામી લો તો લશ્કરને ત્રણ દિવસ માટે તમામ પ્રકારની લુંટમાર કરવાની છૂટ આપી દેજો. મદીનામાં જે કંઇ માલ સામાન અને હથિયારો, ખાવા-પીવાની ચીજો મળે તે બધું જ ફોજના માટે હલાલ છે, જાઇઝ છે. જ્યારે ત્રણ દિવસ પસાર થઇ જાય તો ફોજને લુંટમારથી રોકી લેશો.

હુકમ મળતાં જ એક વિશાળ ફોજ સાથે મુસ્લિમ બિન ઉકબા મદીના ઉપર ચઢી આવ્યો. મદીનાવાળાઓ પાસે તો લશ્કર જ ક્યાં હતું? કે મુકાબલો કરે. મદીના ઉપર સીધો હુમલો જ કરી દીધો. ત્રણ દિવસ સુધી યઝીદી લશ્કરે બધા પ્રકારની છૂટ મળી ગઇ. આ લોકો પુરૂષોને કતલ કરતા હતા. માલ લુંટી લેતા હતા. ઓરતો સાથે મોં કાળું કરતા હતા. એકે એક ઘરમાં અંદર સુધી ઘુસી

જઇને લશ્કરના માણસો માલ લુંટી લેતા હતા. ઇઝ્ઝતો લુંટતા હતા. કતલોગારત કરતા હતા. એક સ્ત્રીએ મુસ્લિમ બિન ઉકબા (સેનાપતિ) પાસે પોતાના કેદી બનેલા નવયુવાન બેટા માટે વિનંતિ કરી ત્યારે મુસ્લિમે સૈનિકોને કહ્યું: આ સ્ત્રીના પુત્રના મામલામાં જલ્દી કરો. જેથી તેને તરત જ કતલ કરી નાખવામાં આવ્યો.

ત્યાર પછી મુસ્લિમ બિન ઉકબાએ લોકોને યઝીદની બયઅત માટે બોલાવ્યા. કહ્યું કે આ પ્રકારની બયઅત કરો કે બધા યઝીદના ગુલામ છીએ. તમારો માલ યઝીદનો માલ છે. આ સાંભળીને એક સહાબીએ યઝીદ બિન અબ્દુલ્લાહ બિન જમાઅએ કહ્યું: અમે તો રસૂલુલ્લાહ(સલ.)ની સમક્ષ કિતાબે ખુદા ઉપર (અમલ કરવાની) બયઅત કરતા હતા. મુસ્લિમે હુકમ આપ્યો કે તેની

ગરદન ઉડાડી દેવામાં આવે. તરત જ તેમને કતલ કરી નાખવામાં આવ્યા.

બીજા એક સહાબી સઇદ બિન મુસય્યબને મુસ્લિમ બિન ઉકબાની પાસે લાવવામાં આવ્યા. લોકોએ તેમને કહ્યું. બયઅત કરો તેમણે કહ્યું: અમે તો સીરતે રસૂલ અને અલી(અલ.)ની ઉપર બયઅત કરી લેવા તૈયાર છીએ.

મુસ્લિમે કહ્યું: તેમની ગરદન ઉડાડી દો. પરંતુ ત્યાં અચાનક એક માણસ આવી ગયો તેણે સાક્ષી આપી કે તેઓ મજનું(ગાંડા, પાગલ) છે. ત્યારે છોડી દેવામાં આવ્યા.

મોહંમદ બિન સઅદે તબકાતમાં લખ્યું છે કે મરવાન ઇબ્ને હકમ મુસ્લિમને(સેનાપતિને) મદીનાવાસીઓની વિરૂદ્ધ ભડકાવતો હતો. તે આ જ કામે-ભડકાવવા માટે મુસ્લિમને મદદરૂપ થવા

મદીના આવ્યો હતો. અહીં સુધી કે મુસ્લિમ ફતેહયાબ થયો. ત્રણ દિવસ મદીનાને ખૂબ લુંટયું. પછી યઝીદના ગુલામ તરીકેની બયઅત પણ મદીનાવાસીઓ પાસેથી લીધી. બધું પતાવ્યા બાદ મરવાન યઝીદની પાસે દમિશ્ક ગયો, તો યઝીદે તેનો ખૂબ ખૂબ આભાર માન્યો. તેનો પોતાના ખાસ માણસોમાં સામેલ કર્યો.

મદાઇનીએ કિતાબુલ હિર્રામાં ઝહરીથી નકલ કર્યું છે કે હિર્રહની લડાઇમાં (મદીના ઉપરના યઝીદના આક્રમણમાં) કુરૈશ, મુહાજેરીન, અનસાર તેમના નોકરો ચાકરો ગુલામો વગેરેના અગ્રેસરોમાંથી સાતસો પ્રખ્યાત માણસોને કતલ કરવામાં આવ્યા. તે સિવાય અપરિચિત કે સામાન્ય લોકોમાંથી જેમાં ગુલામો અને આઝાદ સ્ત્રીઓમાં દસ હજારની કતલ થઇ. જે જે સ્ત્રીઓ વહુ બેટીઓ

પાકદામન હતી અને યઝીદી સૈનિકોથી પોતાની ઇઝ્ઝત બચાવવા માંગતી હતી તેઓ મોટા પ્રમાણમાં કતલ થઇ. જે જે મા-બહેનો અને બેટીઓ મજબુરીથી માર ખાઇને કે મુકાબલો કરતાં બેહોશ થઇને કે મજબુરીવશ થઇ ગઇ તેમની સાથે મોં કાળુ કરીને છોડી દેવામાં આવી. વ્યભિચાર કરવામાં આવ્યો.

મોહંમદ બિન નાસિરે પોતાની લગાતાર સનદો દ્વારા ઉમ્મે હશીમ બિન્તે યઝીદથી નકલ કર્યું છે કે હિર્રાની ઘટના પછી ઘણાં સમય બાદ મેં કુરૈશની એક સ્ત્રીને તવાફ કરવામાં મશગુલ જોઇ. આ તવાફ દરમ્યાન તેને એક હબશી યુવાન મળ્યો. તે કુરેશી ખાતુને તે ગુલામ કિશોરને ગળે લગાવ્યો, અને ચૂમ્યો. હું આ દૃશ્ય જોઇ ધ્રુજી ઉઠ્યો. ગમગીન થઇ ગયો, મારાથી રહેવાયું નહિ. મેં કહ્યુંઃ અય

ખુદાની કનીઝ તે હબશી સાથે આવો વર્તાવ! આ તમે શું કર્યું? તે હૈયાફાટ રૂદન કરવા લાગી, બોલી આ મારો બેટો છે. હિર્રાના દિવસે એના બાપે મારા ઉપર બળજબરી કરી હતી. તે યઝીદી ફોજનો હબશી સૈનિક હતો. મારી ઉપર કબજો જમાવી લીધો હતો. જેનાથી આ બેટો પેદા થયો.

મદાઇનીએ અબુ કિરાહથી નકલ કર્યું છે કે હિશામ બિન હિસાનથી વર્ણન છે કે વાકેયએ હિર્રા પછી હઝારો સ્ત્રીઓને વગર પતિએ બાળકો પેદા થયાં.

ઇબ્ને જવઝી સાહેબ કહે છે કે જે વ્યક્તિ અજાએબાત ચમત્કારો જોવા ઇચ્છે તે જંગે હિર્રાની ઘટના જોવી જોઇએ. એટલા માટે કે યઝીદે પોતાની ફોજને રસૂલ(સલ.)ના મદીનાને લુંટવાની છૂટ આપી દીધી હતી.

આ અસલ કિતાબ મેં મારા શૈખ અબુલ ફઝલ બિન નાસિરથી સાંભળી છે. તેના કેટલાક ભાગો થાય એમ છે. પરંતુ અમે બહુ લંબાણ નથી ઇચ્છતા. તેથી છોડી દઇએ છીએ.

ઇબ્ને હસીને પોતાની લગાતાર રિવાયતો દ્વારા ખબર આપી છે કે સાએબ બિન ખલા કહે છે કે જનાબે રસૂલે ખુદા(સલ.)એ ઇરશાદ ફરમાવ્યો છે.

જે વ્યક્તિ ઝુલમ અને તાકાત દ્વારા મદીનાવાસીઓને ડરાવશે. ખોફઝદહ કરશે તેના ઉપર ખુદા, મલાએકા અને તમામ લોકોની લઅનત થશે. ખુદાવંદે આલમ કયામતના દિવસે તેનો કોઇ અમલ કબુલ કરશે નહિ. આ હદીસ અને હવે પછીની તમામ હદીસો યઝીદ ઉપર બિલકુલ ફિટ બેસે છે. યઝીદ ઉપર કરોડો મોમિનોની 24 કલાક લઅનત થાય છે.

મને અબ્દ અલ અવ્વલે ખબર આપી. તેઓ પોતાની લગાતાર રિવાયતો દ્વારા સઅદથી નકલ કરે છે કે મેં નબીએ કરીમ(સલ.)થી સાંભળ્યું કે જે વ્યક્તિ મદીનાવાસીઓ સાથે ફરેબ છેતરપિંડી કરશે. તે એવી રીતે પીગળી જશે. જેવી રીતે પાણીમાં નમક પીગળી જાય છે.

આ રિવાયતના જેવી જ રિવાયત ઇમામ મુસ્લિમે પણ નકલ કરી છે.

પેગંબરે ઇસ્લામે ફરમાવ્યું: જે વ્યક્તિ મદીના સાથે બુરાઇ કરશે (બુરો વર્તાવ) તેને ખુદા તે આગથી પીગળાવી-ઓગળી દેશે. જેવું આગથી સીસું પીગળી જાય છે. (સીસું એક ધાતુ છે.) તે આગમાં એવી રીતે ઓગળી જશે જેવી રીતે પાણીમાં નમક ઓગળી જાય છે.

મુસ્લિમે અબુ હુરૈરહની હદીસ નબીએ કરીમ(સલ.)થી નકલ કરી છે કે,

આપ(સલ.)એ ફરમાવ્યું: પાલને વાલે! મદીનાવાસીઓના મુદ્દમાં બરકત દે, વળી ફરમાવ્યું : જે વ્યક્તિ મદીના સાથે બુરાઇભર્યો વર્તાવ કરશે તો ખુદા તેને એવી રીતે પીગળાવી દેશે. જેવી રીતે નમક પાણીમાં ઓગળી જાય.

મુસ્લિમે અબુહુરૈરહની હદીસ નબીએ કરીમ(સલ.)થી નકલ કરી છે કે,

આપ(સલ.)એ ફરમાવ્યું: પાલનેવાલે! મદીનાવાસીઓના મુદંર્માં બરકત દે, વળી ફરમાવ્યું: જે વ્યક્તિ મદીના સાથે બુરાઇ ભર્યો વર્તાવ કરશે, તો ખુદા તેને એવી રીતે પીગળાવી દેશે. જેવી રીતે નમક પાણીમાં ઓગળી જાય.

ઇમામ અહમદ બિન હમ્બલે આ હદીસ વર્ણવીને લખ્યું છે કે યઝીદે મદીનાવાસીઓને ખોફઝદહ કર્યા છે. લુંટારા બનીને મદીનાને લૂંટ્યું છે. લોકોને કતલ કર્યા છે. ઝુલમ કર્યો છે.

હિર્રાની આ ઘટના માટે મારી દલીલ આ છે કે શું યઝીદ માટે આ પણ જાઇઝ હતું કે મદીનાને પોતાના સૈનિકો માટે ત્રણ દિવસ સુધી હલાલ કરી દે? લુંટવાની અને સ્ત્રીઓ ઉપર કબજો કરવાની છૂટ આપે? બળાત્કારો અને કતલે આમ કરવાની છૂટ આપે.

અમે આગળ વર્ણવી ચુક્યા છીએ કે યઝીદે પોતાના સેનાપતિને ઉપરોક્ત હુકમો સ્પષ્ટ અને જાહેરમાં આપ્યા હતા. એ ખુશ પણ થયો. સેનાપતિને સાથ આપવા બદલ મરવાનનો

શુક્રિયાહ પણ અદા કર્યો. તેને પોતાના ખાસ માણસોમાં સમાવી લીધો.

**(બ) ખાનએ કાબા ઉપર પથ્થરમારો અને આગનો વરસાદ**

હિર્રહ ઘટના બુધવારના દિવસે 28 ઝિલહજ હિજરી 63 માં થઇ હતી. મુસ્લિમ બિન ઉકબા મદીના લુંટીને પરવાર્યો ત્યારે હિજરી 64ની શરૂઆત થઇ ગઇ હતી. અત્રે આ વાત પણ યાદ રાખવામાં આવે કે આ સમયે મક્કા અબ્દુલ્લાહ બિન ઝુબેરના કબજામાં હતું.

મદીનાથી મક્કાના રસ્તામાં જ મલેકુલ મૌતે મુસ્લિમ બિન ઉકબાને ડબોચી લીધો. તે મરી ગયો જેથી મદીના મુનવ્વરાની તારાજી અને તેની મૌત વચ્ચે ફક્ત થોડાક જ દિવસનું અંતર રહ્યું.

વળી પેગંબરે ઇસ્લામની હદીસ મુજબ નમક પાણીમાં ઓગળી જાય છે તેમ તે પણ મોતના મોમાં પડીને ઓગળી ગયો. મદીનાનો લુંટેલો માલ કે ચીજો વાપરવા કે ઉપયોગ કરવા પણ ન પામ્યો.

નવાઇની વાત તો આ છે કે આ બેવકૂફ હદ દરજ્જાનો મૂર્ખ, હદ દરજ્જાનો પથ્થરદિલ હતો. મૃત્યુ વખતે બકવાસ કરતો હતો. ‘‘પાલનપોષણ કરવાવાળા ખુદા! તારી દ્રષ્ટિમાં એનાથી બેહતર કોઇ કામ મેં નથી કર્યું કે મદીનાવાસીઓ સાથે જંગ કરી છે. પરંતુ તેમ છતાં પણ તુ મને જહન્નમમાં દાખલ કરશે તો હું પથ્થરદિલ છું.’’ આવી વાહિયાત બકવાસ કર્યા પછી આ ઝાલિમે ફોજમાંથી હસીન બિન નમીર સુકુનીને બોલાવ્યો. તેને કહ્યું: અમીરૂલ મોઅમેનીન(યઝીદે) મારા પછી તને ફોજનો સેનાપતિ બનાવ્યો છે. જેથી ખૂબ જલ્દી સફર કર,

મક્કા ઉપર ચઢાઇ કરીને ઇબ્ને ઝુબૈરને ત્રણ દિવસનો સમય આપજે પછી જંગ શરૂ કરી દેજે.

હસીન ફોજ લઇને રવાના થયો. મક્કા પહોંચીને ઇબ્ને ઝુબેરને ઘેરો ઘાલ્યો. બરાબર ગણીને 64(ચોંસઠ) દિવસ સુધી ઇબ્ને ઝુબેર ઉપર ખાવા-પીવાનો સામાન બંધ કરી દીધો. આ સમય દરમ્યાન અનેક વખત સખતમાં સખત ઝપાઝપી (લડાઇ) પણ થઇ. શનિવાર 3(ત્રીજી) રબીઉલ અવ્વલ હિજરી સન 64(ચોંસઠ)ના દિવસે ગોફણો દ્વારા પથ્થરો પણ ફેંકાયા. વળી યઝીદી ફોજમાંથી એક વ્યક્તિએ ભાલાની અણી ઉપર આગને ઉડાડવાનું શરૂ કર્યું. આ આગ ખાનએ કાબા સુધી પહોંચી ગઇ. અલ્લાહના ઘરમાં પણ આગ લાગી ગઇ.

કાબા સળગી ઉઠ્યું તે જ અઠવાડિયામાં રબીઉલ અવ્વલના છેલ્લા ચાંદે (દિવસે) યઝીદ હલાક થઇ ગયો. તેની ખબર મક્કા પહોંચી વાકેયએ હિર્રહ અને યઝીદની હલાકત બંને વચ્ચે ફક્ત ત્રણ માસનું અંતર છે. જેથી યઝીદ એવી રીતે પીગળી ગયો જેવી રીતે આગમાં સીસું પીગળી જાય છે. જેવી કે અમે હદીસો વર્ણવી ચુકયા છીએ. જેઓ મદીનાવાસીઓ સાથે બુરો વર્તાવ કરે છે. આ જગ્યાએ અમે આટલેથી જ અટકીએ છીએ.

## (5) યઝીદની ખલીફા તરીકેની નિયુક્તિ ઉપર ઇમામ હુસૈન(અલ.)નો વિરોધ.

મઆવિયાએ ઘણી કોશિશ કરી કે હઝરત ઇમામ હુસૈન(અલ.) યઝીદને પોતાના(મઆવિયાના) ઉત્તરાધિકારી તરીકે સ્વીકારી લે. મતલબ બયઅત લઇ લે. જો ઇમામ હુસૈન(અલ.) બયઅત લઇ યઝીદના ઉત્તરાધિકારી તરીકેનો સ્વીકાર ન કરે તો કમ સે કમ ઇમામ હુસૈન(અલ.)ને આ બાબતમાં ખામોશી ઇખ્તિયાર કરવા પર મજબૂર કરવામાં આવે. પરંતુ મઆવિયાની આ કોશિશ સફળ ન થઇ શકી, મઆવિયા જ્યારે યઝીદને પોતાનો વલીઅહદ બનાવવા માટે માહોલ જમાવી રહ્યો હતો. આ સમયગાળાનો ઇમામ હુસૈન(અલ.)નો વિરોધ ઇતિહાસકારોએ પોતાના ઇતિહાસોમાં નોંધી લીધો

છે. તે વખતે હઝરત ઇમામ હુસૈન(અલ.) અને મઆવિયાની વચ્ચે જે પત્ર વ્યવહાર થયો હતો તેની પણ નોંધ લીધી છે. ઇમામ હુસૈન(અલ.) મઆવિયા ઉપર લખેલા એક પત્રમાં ઇરશાદ ફરમાવે છે.

જે કંઇ તેં યઝીદની લાયકાત અને ખલીફા તરીકે યોગ્ય હોવા બાબત લખ્યું છે, તે વાતની મને જાણ થઇ.

અય મઆવિયા! તું લોકોને યઝીદના મામલામાં છેતરવા ઇચ્છે છે. જાણે કે તું લોકોને એવી વ્યક્તિની ઓળખ આપી રહ્યો છે. જેને લોકો જાણતા નથી તે અદૃશ્ય છે. જેને લોકોએ કદી જોયો જ ન હોય. અથવા તેને ફક્ત તું જ જાણતો હોય.

પરંતુ આમ નથી. પરંતુ યઝીદે તો જાતે પોતે જ બધા સમાજને પોતાની ઓળખ બરાબર આપી છે. પોતાની બુદ્ધિનું પ્રદર્શન પોતે જ કર્યું છે.

યઝીદની ઓળખ આપવાની હોય તો એમ આપ કે યઝીદ કૂતરાઓ અને કબૂતરો સાથે રમવામાં રચ્યો પચ્યો રહે છે. પોતાની હવસના તાબે રહેનારો વ્યક્તિ છે. તે પોતાનો મોટા ભાગનો સમય નાચગાન, રાગરાગીણીની મેહફિલોમાં પસાર કરે છે.

મઆવિયા! આ ઉમ્મત ઉપર તેં જે કંઇ ઝુલમો કર્યા છે, તે ઘણાં છે. હવે યઝીદને તારી જગ્યાએ ખલીફા બનાવીને આ ઉમ્મત ઉપર વધારે ઝુલમ ન કર. તેં તો એટલો ઝુલમ કર્યો છે કે લોકોની ધીરજ ખૂટી જવા આવી છે. હવે તારી મોતનો થોડોક જ સમય બાકી રહી ગયો છે.

(જુઓ કિતાબ અલ ઇમામત વ સિયાસત, પેજ નં. 155, 156)

મઆવિયાએ બની હાશિમના બધા જ હકો છીનવી લીધા હતા. તેમના જાઇઝ હકોથી તેઓને વંચિત કરી દીધા હતા. યઝીદને ખલીફા તરીકે સ્વીકારવા માટે દબાવ લાવવાની બહુ ભારે કોશિશ કરી હતી. પરંતુ તે આ કોશિશમાં નિષ્ફળ ગયો. મઆવિયા મૃત્યુ પામ્યો. પરંતુ ઇમામ હુસૈન(અલ.) પોતાના ઇરાદા ઉપર મક્કમ રહ્યા. આપે યઝીદને ખલીફા તરીકે સ્વીકારવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો.

## (6) મआવિયાની મક્કારીભરી ચાલબાજીઓ

જ્યારે મઆવિયા મરી ગયો તે વખતે સામાન્ય રીતે બધા જ મુસલમાનો અને વિશેષ ઇરાકવાસીઓ બની ઉમય્યાથી દુશ્મની કરતા થઇ ગયા હતા. આ લોકો અહલેબૈત (રસૂલુલ્લાહના ઘરવાળા) સાથે મહબ્બત કરવાને પોતાના દીનનો એક ભાગ સમજતા હતા.

(જુઓ અલફિતનતુલ કુબરા પેજ. નં. 95)

હવે ઇસ્લામી સમાજે ઉમવીંર્ હુકુમતની હકીકતને બરાબર ઓળખી લીધી હતી. તેમના ઝુલ્મો અને અત્યાચારોની મજા પણ માણી લીધી હતી. મુસલમાનો બની ઉમય્યાના રાજ્યઅમલમાં પ્રજાના હક્કોનું નિકંદન, પ્રજાની બેઇઝ્ઝતી વગેરે ગુનાહોથી જાગૃત થઇ ગયા હતા. મઆવિયાની હયાતીમાં આ ખાનદાને પોતાના ચેહરા ઉપર જે

મુખોટો-મ્હોરૂં પહેરેલું હતું તે જુઠ્ઠી સભ્યતાનું મુખાવવરણ ઘણું ખરૂં હટી રહ્યું હતું. હવે તેનો સાચો ચેહરો પ્રજાની સમક્ષ આવી ચૂક્યો હતો. કારણ કે મલઉન બાપના આવારહ બેટા યઝીદે નમાઝ-રોઝા સુધ્ધાં અદા કરવાનો બનાવટી ચહેરો જે મઆવિયા સભ્યતાનું મ્હોરૂં પહેરી ફરતો હતો તે બધું જ ઘણી જ બેફિક્રીથી ફેંકી દીધું હતું.

મઆવિયા પોતાના દરેક બુરા કાર્યને મક્કારીથી-વાણી વિલાસથી સારૂં ચિતરવાની કોશિશ કરતો, જ્યારે યઝીદે આવી બાબતોની કોઇ પરવા જ છોડી દીધી.

આ તરફ ઇમામ હુસૈન(અલ.) અને યઝીદ વચ્ચે કોઇ કોલકરાર(બયઅત-ખલીફાને ખલીફા તરીકેની માન્યતા) ન હતા. મઆવિયાના મૃત્યુ પછી પણ ઇસ્લામી સમાજમાં હજી શર્મો હયા બાકી હતી.

સમાજ જીવંત હતો, મઆવિયાએ પોતાની મલઉનિયતથી, પોતાની મક્કારીથી, પોતાના લંપટ-ઝાની-શરાબી પુત્ર યઝીદના જેવા જ પોતાના ચેહરાને છુપાવી રાખ્યો હતો. તે ઉઘાડો થવા લાગ્યો હતો. દ્રષ્ટાંતરૂપે પ્રચાર કરવા પબ્લિકના દરબારમાં મઆવિયા અઝાનની આવાઝ ઉપર રડી પડતો, જુઠ્ઠી રીતે કાંપતો પછી મહેલમાં જઇ હસતો. આ રીતે મુસ્લિમ સમાજને મુર્ખ બનાવતો. યઝીદે સમાજની કોઇ પરવા જ કરી નહિ. નાચગાન, વ્યભિચાર અને શરાબ વગેરેમાં ચોવીસ કલાક રચ્યો પચ્યો રહેતો.

મઆવિયાની હયાતીમાં આ મક્કાર ઇન્કિલાબે હુસૈન(અલ.)ના રસ્તાની રૂકાવટ હતો. મઆવયિાના મૃત્યુ પછી ઇમામના માટે બની ઉમય્યાની વિરૂદ્ધ કાર્ય કરવાનો રસ્તો સાફ થઇ

ગયો. યઝીદના સમયમાં દરેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર એટલો વ્યાપક ફેલાયો હતો કે લોકો માટે જીવન જીવવું દુર્લભ થઇ ગયું હતું.

યઝીદ અત્યાચારી હોવા સાથે ઘમંડી પણ પુષ્કળ હતો. પોતાના બાપની જેમ દરેક બુરા અને હરામ કાર્યને દીનનું ખોળિયું પહેરાવવા લોકોને છેતરવાનું જાણતો ન હતો. મઆવિયાની હયાતીનું એક નાનું દૃષ્ટાંત અત્રે પ્રસ્તુત છે. મુલકે શામમાંથી ગામડિયા પ્રકારના મોટી મોટી દાઢીઓવાળા કેટલાક લોકો દમિશ્કમાં મઆવિયાને મળવા આવ્યા. આગળ ચાર પાંચ સરકારી અધિકારીઓની અલગ અલગ પૂછપરછ પછી જ મઆવિયાને મળી શકાતું. તે દરમ્યાન બધી જ માહિતી મેળવી મઆવિયાને પહોંચાડવામાં આવતી. જવાબ પણ

જણાવવામાં આવતો કોને કયા પ્રકારનો ઉત્તર વધુ નફાકારક રહેશે.

(1) કોણ છો? (2) ક્યાંથી આવો છો? (3) શું કામ છે? (4) મળવાનો હેતુ શો છે? (5) તમારો હેતુ પાર પડ્યા પછી શું કરશો? વગેરે જાણી લીધા પછી આ મઆવિયાની મુલાકાત લેવા ઇચ્છનાર લોકો દેશના કયા ઇલાકાના છે. ગરીબો છે કે માલદારો છે. નેક છે કે જાહિલ છે, બુદ્ધુ છે કે બુદ્ધિશાળીઓ છે. મુલાકાત અગાઉ પાંચ અલગ અલગ મિટિંગો ગોઠવી વિગતો મઆવિયા જાણી લેતો. જુદા જુદા ગામડાઓના પચાસેક સાદા-સીધા ભલાભોળા લાંબી દાઢીઓવાળા એવા ગામડિયાઓને જાણ થઇ કે મઆવિયા ઢોંગી છે. ભ્રષ્ટાચારી છે. લુચ્ચો છે, બનાવટ કરે છે. જેથી આ બિચારાઓએ વિચાર્યું કે શા માટે આપણે આખા

ઇલાકામાંથી પચાસેક માણસો જાતે જ જઇને આપણા બાદશાહની રૂબરૂ મુલાકાત ન કરી લઇએ. જેથી સાચી પરિસ્થિતિનો આપણને ખ્યાલ આવે.

આ લોકો દમિશ્ક આવ્યા. તેમને મેહમાનખાનામાં ઉતારો મળ્યો. સારી એવી આગતા સ્વાગતા થઇ. ખૂબ જ પુછપરછ થઇ. મઆવિયાના ઠાઠખાઠ જોઇ. આ ગામડિયા તો અંજાઇ ગયા. વળી મહેમાનનવાજી તે પણ બાદશાહની માણી વધારે ખુશ થયા. છેવટે મઆવિયા સિંહાસન ઉપર બિરાજ્યો ગામડિયાઓને બોલાવવામાં આવ્યા. મઆવિયા વારંવાર રસૂલુલ્લાહ(સલ.) શબ્દ બોલે અને રડે. ગામડિયા પણ રડવા લાગ્યા. પછી બધાને ભેટ-સોગાદો આપીને રવાના કર્યા. ગામડિયાના ગયા પછી મઆવિયા જોરથી હસવા લાગ્યો. બધા જ ખુશ થઇ ગયા. ગામડિયાઓએ

પોતાના વિસ્તારમાં જઇને જણાવ્યું કે બધા જુઠ્ઠા છે. આપણો બાદશાહ તો ખૂબજ અલ્લાહવાળો છે.

યઝીદનો બાપ મઆવિયા તો નાપાક અને નાજાઇઝ વાતને પણ દીનનું ખોળિયું ચઢાવી દેતો હતો. અત્યારના રાજકીય પક્ષો એકબીજાને ઉતારી પાડવા અને સકંજામાં લેવા અને સાચા સકંજામાંથી છૂટવા જેવી મક્કારી ભરી દલીલો કરે છે. તેવી દલીલો મઆવિયા કરતો. એક દૃષ્ટાંત જોઇએ. મઆવિયાની મક્કારી ઉપર કિતાબોની કિતાબો લખાઇ ચૂકી છે. આ તો એક નાની કિતાબ હોય તેમાં નમૂનારૂપ વાત જ લઇ શકાય.

મઆવિયાએ શામના ગવર્નરપદેથી પદભ્રષ્ટ થવાનો ઇન્કાર કર્યો. મજબૂર થઇને હઝરત અલી(અલ.)ને મઆવિયા સાથે જંગ લડવી પડી. તેને સિફ્ફીન કહે છે. આ લડાઇમાં બંને પક્ષે 18000

(અઢાર હજાર) માણસો મરાયા. જનાબ અમ્માર બિન યાસિર(રઝિ.) હઝરત અલી(અલ.)ના પક્ષે લડી રહ્યા હતા. આપને પ્યાસ લાગી લશ્કરમાંથી તંબૂમાં આવી કહ્યું: મને પાણી આપો, તરસ લાગી છે. કોઇકે કહ્યું: કે પાણી તો નથી. થોડુક દૂધ છે લો પીઓ. આપે દૂધ પીધું, પછી મેદાનમાં પાછાં ફરતાં ફરમાવ્યું: મને લાગે છે કે હું શહીદ થવાનો છું. પૂછ્યું: કેવી રીતે? ફરમાવ્યું: મને રસૂલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું છે કે “અય અમ્માર! તને બાગી ટોળું કતલ કરશે. તેઓ તને જહન્નમ તરફ બોલાવતા હશે તું તેમને જન્નત તરફ બોલાવશે. તારો છેલ્લો ખોરાક દૂધ હશે. આમ કહી તલવાર સાથે દુશ્મનોમાં ઘુસી ગયા. શહીદ થઇ ગયા. આ હદીસ ઘણાં બધા સહાબાએ સાંભળી હતી. ઘણાંબધા સહાબા એના ગવાહ હતા. બુખારી

મુસ્લિમે પણ આ ઘટનાની નોંધ લીધી છે. લોકોમાં હઝરત અમ્મારની શહાદત ચર્ચાનો વિષય બની. સમાજમાં આ વાત વહેતી થઇ કે મઆવિયા અને તેની પાર્ટી બાગી શયતાની ટોળું છે, જે જહન્નમી છે. એક વૃદ્ધ સહાબીએ ઘણાં બધા લોકોની સમક્ષ મઆવિયાને આ હદીસની સાબિતી આપી. તો આ મલઉનનો મક્કાર ભર્યો જવાબ પણ સાંભળી લો, અત્યારના આપણા કટ્ટરપંથી રાજકીય પક્ષોનો વાણી વિલાસ પણ કંઇક આ જ પ્રકારનો છે.

"હદીસ સાચી છે હદીસને અમે ક્યાં ખોટી કહીએ છીએ? અમ્માર યાસિર જે લોકોના હાથે મરાશે તે જહન્નમી ટોળું હશે. પરંતુ અમ્મારને મારનારા અમે નથી બલકે અમ્મારને મારનારા તે લોકો છે જેમણે એમને અમારી સામે મોકલ્યા.

એમને અમારી સામે લડવા મોકલનારા ખરેખર અમ્મારના કાતિલ છે.”

જુઓ કેવો મક્કારી ભર્યો જવાબ આપી આ નાપાક છટકી જાય છે. આ મક્કારી ભર્યા જવાબ દ્વારા આ નાપાક પેગંબરે ઇસ્લામને પણ ગુનાહના કઠેરામાં ઊભા કરી દે છે. એના ઉત્તર પ્રમાણે પેગંબરે ઇસ્લામની તે સમયની જંગોમાં જે સહાબાએ કિરામ શહીદ થયા તેમના કાતિલ રસૂલુલ્લાહ પોતે જ છે. અલ-અયાઝોબિલ્લાહ. કારણ કે રસૂલ(સલ.) તેઓને મેદાને જંગમાં લઇ ગયા હતા.

એક ત્રીજી વાત પણ નોંધપાત્ર છે કે ઇમામ હુસૈન અલૈહિસ્સલામ અને મઆવિયા વચ્ચે યુદ્ધ ન કરવાના કોઇ કોલ કરાર ન હતા. વળી ઇસ્લામી સમાજ હવે દૌરે યઝીદમાં ઘણી બધી સમજ પામી

ચૂક્યો હતો. તે તમામ કારણો ખતમ થઇ ગયા હતા. જે મઆવિયાની ખિલાફતના સમયમાં ઇન્કિલાબે હુસૈન(અલ.)ના રસ્તામાં રૂકાવટ હતાં. હવે બની ઉમય્યાની હુકુમતની વિરૂદ્ધ ઊભા થવા માટેનો રસ્તો સાફ દેખાતો હતો.

## (7) ઇમામ હુસૈન(અલ.)એ યઝીદથી બયઅત લેવાનો ઇન્કાર કર્યો.

પોતાની ખિલાફતમાં યઝીદ જેમને પોતાના રાજકીય પ્રતિસ્પર્ધી માનતો હતો, જેમાં ખાસ તો હઝરત ઇમામ હુસૈન(અલ.) હતા. તેમાંય ખાસ તો બયઅત (પોતાને ખલીફા તરીકે સ્વીકારવું) લેવાના મામલામાં યજીદે જે ઉતાવળ કરી, આ ઉતાવળના કારણે ઘણાં બધા અફસોસજનક બનાવો પેદા થયા.

પોતાના બાપ મઆવિયાના મૃત્યુ પછી યઝીદનો સૌથી મોટો ધ્યેય આ હતો કે એવા કેટલાક લોકો પાસેથી બયઅત લેવામાં આવે, જેઓ તેને ખલીફા તરીકે સ્વીકારવાનો ઇન્કાર કરે છે. જેથી તેણે મદીનાના પોતાના અધિકારી-પ્રતિનિધિ વલીદ બિન ઉકબા ઉપર એક પત્ર લખ્યો જેમાં

મઆવિયાના મૃત્યુની ખબર દેવાની સાથે આ લખાણ પણ હતું.

કોઇ પણ જાતની નરમાશ વગર જરાપણ આંખ આડા કાન કર્યા વગર હુસૈન ઇબ્ને અલી(અલ.) અને અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબેરને બયઅત લીધા વગર છોડશો નહિ.

(અલ કામિલ ભાગ-3 પેજ નં. 263,
અલ ઇન્સાબુલ અશરાફ જિલ્દ-2 ભાગ-4 પેજ નં. 12, 140)

જ્યારે વલીદે હઝરત ઇમામ હુસૈન(અલ.)થી બયઅત લેવાની કોશિશ કરી તો ઇમામે ઘણી જ શાંતિથી તેના ફિતનાથી બચવા માટે ફરમાવ્યું.

મારા જેવા માણસો છુપાઇને બયઅત નથી કરતા અને ન આવી બયઅત કુબુલ કરવા યોગ્ય ગણાય છે. જ્યારે તુ બધા લોકોને બયઅત માટેનું જાહેરમાં આમંત્રણ આપે ત્યારે લોકોની સાથે અમને

પણ બયઅતનું આમંત્રણ આપજે. તો તે વખતે અમારા બધાનો એક જ ફેંસલો હશે.

મરવાન આ મજલિસમાં હાજર હતો તેણે વલીદને કહ્યું: ‘‘જો ઇમામ હુસૈન(અલ.) અહીંથી બયઅત કર્યા વગર ચાલી ગયા તો તમે હરગિઝ હુસૈન(અલ.) ઉપર કાબુ પામી શકશો નહિ. જ્યાં સુધી તમારા અને તેમના ઘણાં બધા લોકો અંદરો અંદર માર્યા ન જાય. અત્યારે જ એમના ઉપર કબજો જમાવી લો. (પકડી લો) જો બયઅત કરે તો બહુ સારૂં નહીં તો તેમને કતલ કરી દો.’’

ઇમામ હુસૈન(અલ.) આ વાત સાંભળતાં જ પોતાની જગ્યાએથી ઊભા થયા, પછી ફરમાવ્યું:

લઅનત થાય તારી ઉપર અય ઝરકાના પુત્ર મને કતલ કરવાનું કહે છે? તેં જે કંઇ કહ્યું: તે

તારી નીચતાની સાબિતી છે. તું તારા મનમાં શું સમજે છે?

(જુઓ કિતાબ અલ ઇન્સાબ અલ અશરાફ જિલ્દ-4, ભા-2 પેજ નં. 15, આઅ્યાનુશ્શીયા જિલ્દ-4 હિસ્સા અવ્વલ પેજ નં. 183, 184)

મરવાનને ખુલ્લા શબ્દોમાં ધમકાવ્યા પછી ઇમામે પોતાનું મોં મુબારક વલીદ તરફ કરીને ફરમાવ્યું:

અય વલીદ! અમે ખાનદાને નુબુવ્વત, રિસાલતની ખાણંર્ અને ફરિશ્તાઓની સોહબતના લોકો છીએ. હિદાયતે ઇલાહીની શરૂઆત અમારાથી થઇ છે. અને તેની પૂર્ણતા પણ અમારાથી જ થશે. યઝીદ એક ફાસિક અને ફાજિર (ખુલ્લો ગુનેહગાર) શરાબી અને ઇન્સાનોની નાહક (વગર કારણે) કતલ કરનારો વ્યક્તિ છે. જે જાહેરમાં ગુનાહ કરે છે. મારા જેવો વ્યક્તિ એની બયઅત નથી કરી શકતો.

આ શબ્દોની સાથે હઝરત ઇમામ હુસૈન(અલ.)એ ઉમવી હુકુમતના વિરૂદ્ધ જંગનું એલાન ફરમાવ્યું. જો કે ઉમવી હુકુમત શક્તિશાળી, અત્યાચારી અને પોતાના વિરોધીઓ સાથે ઘણી જ બેરહમીથી વર્તનારી હતી. પરંતુ અત્યારે મઆવિયા મૃત્યુ પામ્યો છે. ઇમામ હસન(અલ.) સાથે થયેલો “ના યુદ્ધ કરાર”નો સમય પણ પૂર્ણ થઇ ગયો છે. અત્રે ઇમામ હુસૈન(અલ.)ની સમક્ષ પોતાની એક ઐતિહાસિક જવાબદારી છે.

## (8) ઇન્કિલાબે હુસૈન(અલ.) માટેના જરૂરી પરિબળો.

ઇમામ હુસૈન(અલ.)ને યકીન હતું કે પોતે બયઅત નહીં કરે તો કદીપણ સંપૂર્ણ અરબમાં યઝીદની હુકુમતને માન્યતા મળશે નહિ, અને જો બયઅત કરી લીધી તો ઉમ્મતે ઇસ્લામિયાની ગરદન ઉપર લગાવેલી નવી ઝંજીરને કાનૂની માન્યતા મળી જશે. આ એક એવું કાર્ય હતું જે ઇમામથી હરગિઝ શક્ય જ ન હતું.

એક હુકુમતને ઝાલિમ સમજીને તેને માન્યતા આપી દેવાનો અર્થ કંઇ જુદો થાય છે. ઝાલિમ હુકુમતને ચાલવા દેવી, ચલાવી લેવી, નફરત સાથે એક અલગ વાત છે. પરંતુ એ હકની હુકૂમત છે. એમ માની એને માન્યતા આપવી

અલગ વાત છે. આ બંને બાબતોમાં ઘણો બધો તફાવત છે.

ઉપરોક્ત બંને પરિસ્થિતિઓમાં બીજી પરિસ્થિતિમાં લોકો ઝિલ્લત, ગરીબાઇ, ભાગમભાગી, વંચિતતા અને બેઇઝ્ઝતી પોતાનું કિસ્મત સમજી લે છે. જેનાથી બચવું શક્ય જ નથી. અહીંથી સુધારણાની બધી જ ઉમ્મીદો ખતમ થઇ જાય છે. વળી કોઇ ઇન્કિલાબનો ખ્યાલ સુધ્ધાં ઇન્સાની દિમાગોમાં પેદા થતો નથી. આવા સમયે લોકો જલ્લાદોની વિરૂદ્ધ ઊભા થવાની જગ્યાએ તેમની મદદ કરે છે, વળી તે હાલત ઉપર આવું ગુમાન રાખીને રાજી થઇ જાય છે કે આનાથી બેહતર થવું તો શક્ય જ નથી. માટે આ જ પરિસ્થિતિ સારી છે.

જો લોકોને આ બાબતની જાણ થઇ જાય કે હાકિમને હુકુમત કરવાનો હક બાકી નથી રહ્યો. તો અહીં સુધારણાની ઉમ્મીદ છે. કારણ કે આ વાત જાણી લીધા પછી કે આપણા મંત્રી કે બાદશાહને મંત્રીપણું કે બાદશાહ તરીકે ચાલૂ રહેવાનો અધિકાર નથી. જેથી તેના સુધરવાની ઉમ્મીદ રાખી શકાય. વળી સમાજના લોકોના દિમાગોમાં ઇન્કિલાબની ચિનગારી પણ સળગતી રહે છે. આ પરિસ્થિતિમાં ઇન્કિલાબ માટે કામ કરવાની હિંમત અને શક્તિ પ્રદાન થાય છે. ઇન્કિલાબનો રસ્તો ખુલ્લો થઇ જાય છે.

ઇમામ હુસૈન(અલ.)એ એકલાએ જ આ જવાબદારી ઉપાડવાની હતી. ઇન્કિલાબ આપના જીવનનો ધ્યેય બની ચૂક્યો હતો. દુશ્મને ખુદા વ રસૂલ યઝીદ લાનતુલ્લાહ આપના માર્ગનો પથ્થર

બની ચૂક્યો હતો. વળી બીજા લોકો જેમણે યઝીદની બયઅતથી ઇન્કાર કર્યો હતો, તેઓ તે દરજ્જાના માણસો ન હતા જે દરજ્જા ઉપર ઇમામ હુસૈન હતા. તેઓના યઝીદની બયઅતના ઇન્કારના કારણો પણ જુદા હતાં. ફક્ત અલ્લાહની રઝામંદી અને ઇન્સાનિયતની ભલાઇ જો કોઇના જીવનનો મકસદ હોય-ધ્યેય હોય તો તે ઇમામ હુસૈન(અલ.) હતા. સમાજના ગરીબ, દુ:ખી અને કચડાયેલા વર્ગો જેઓ યઝીદના ઝુલમના શિકાર બની ચૂક્યા હતા. તેઓમાં યઝીદના ઝુલમ વિરૂદ્ધ અવાજ ઉઠાવવા સુધ્ધાંની હિંમત ન હતી.

અબ્દુલ્લાહ ઇબ્ને ઉમરે શરૂમાં યઝીદથી બયઅતનો ઇન્કાર કર્યો. પરંતુ તેમનામાં એ હિંમત ક્યાં હતી? થોડાક જ સમયમાં હથિયાર હેઠાં મૂકી દીધાં. ઝાલિમોની હુકુમતમાં પોતાના અંતરાત્માના

અવાજને દબાવી ઝિલ્લતની જિંદગી સ્વીકારી લીધી. ઇબ્ને ઉમરે કહ્યું કે જ્યારે ઘણાં બધાએ બયઅત કરી લીધી છે તો હું પણ બયઅત કરી લઉં છું.

(જુઓ તારીખે તબરી જિલ્દ-4 પેજ નં. 254, અલકામિલ જિલ્દ-3

પેજ નં. 265, અલ ઇન્સાબુલ અશરફ જિલ્દ-4 ભાગ-2 પેજ નં. 4)

ઇમામ હુસૈન(અલ.) કોણ? માસુમ. જેમની રગોમાં પેગંબરે ઇસ્લામનું લોહી દોડતું હતું. આપ રસૂલ(સલ.)ની અવલાદ હતા. જનાબે ફાતેમા માસુમા અને જનાબે અલી શેરે ખુદાના સંતાન હતા. આદમ(અલ.)થી લઇને ખાતેમુન્નબીય્યીન છેલ્લા નબી સુધીનું તમામ લોહી માસુમ હતું. આપે કહ્યું કે હું યઝીદ જેવા લંપટ, શરાબી હાકેમને હાકેમ તરીકે

સ્વીકારતો નથી. હું કદીપણ યઝીદથી બયઅત લઇશ નહિ.

અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબેર લોકોમાં નાપસંદ વ્યક્તિ હતો. તેણે યઝીદથી બયઅત ન કરવાના કારણોમાં તેને પોતાને હુકુમત કરવાની લાલચ હતી. તેને યઝીદથી કંઇક અંગત દુશ્મની પણ હતી.

ઇબ્ને કસીરે “અલ બિદાયા વન્નહાયા”માં લખ્યું છે કે જ્યારે હઝરત ઇમામ હુસૈન(અલ.) અને અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈર મદીનાથી મક્કા જવા માટે નીકળ્યા જ્યાં રોકાયા ત્યાં લોકો હઝરત ઇમામ હુસૈન(અલ.) તરફ લપકી લપકીને આવતા હતા. લોકોમાં ઇમામનું એક અજીબ (નવાઇ પમાડે એવું) આકર્ષણ હતું. રાત-દિવસ આપના ઘર ઉપર લોકોના આવવા જવાનો સિલસિલો ચાલુ રહેતો. લોકો હંમેશા આપને પોતાના ઝુંડમાં રાખતા. લોકોનું

ટોળું આપની આસપાસ વિંટળાયેલું રહેતું. લોકો ઘણી જ શ્રદ્ધા અને વિશ્વાસથી ઇમામની વાતો સાંભળતા. ઇમામના ખુત્બાથી ફાયદો ઉઠાવતા આપથી સાંભળેલી વાતોને લખી લેતા હતા.

આ રિવાયતનો મતલબ આ થયો કે લોકોની દ્રષ્ટિ ઈમામની તરફ જ લાગેલી હતી. વળી લોકો ફક્ત આપને જ ચાહતા હતા. આ દલીલ છે કે ઇમામ હુસૈન(અલ.)ને મુસલમાનોના દિલોમાં એક ઉચ્ચ દરજ્જાનું સ્થાન પ્રાપ્ત હતું. “અબુલ ફરજ અસફહાની” લખે છે કે

હઝરત ઇમામ હુસૈન(અલ.)નું હિજાઝમાં(મક્કા મદીનામાં) રોકાવાના અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરની માટે સહનશક્તિથી બહાર હતું. ઇબ્ને ઝુબેર એમ ઇચ્છતો હતો કે ઇમામ ઇરાક ચાલ્યા જાય, જેથી હિજાઝ ઉપર તેનો પ્રભાવ કાયમ રહે.

કારણ કે તે જાણતો હતો કે જ્યાં સુધી ઇમામ હુસૈન હિજાઝમાં છે ત્યાં સુધી તે પોતાનો મકસદ હાસિલ કરી શકતો નથી. ઇમામના પ્રભાવ, ઇમામની બહાદુરી, ઇમામનું ઇલ્મ, ઇમામની ઇબાદતો, ઇમામનો ઝિક્રુલ્લાહ કરવું વગેરે એવી ઉચ્ચ બાબતો હતી કે અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબેરથી હિજાઝમાં મોટાભા બનવા માટે ચું કે ચા પણ ન થઇ શકે.

(મકાતિલુત્તાલેબીન, અલ ઇનસાબુલ અશરફ ભાગ-2 પેજ નં. 13,14)

હઝરત ઇમામ હુસૈન(અલ.) પણ આ વાત બખૂબી જાણતા હતા. એક દિવસ ફરમાવ્યું:

અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબેરને આનાથી વધારે તીવ્ર ઇચ્છા બીજી કોઇ વસ્તુની નથી કે હું હિજાઝથી નીકળીને ઇરાક ચાલ્યો જાઉં એને ખબર છે કે મારી હાજરીમાં તે કંઇપણ કરી શકતો નથી. વળી તેને

આ બાબતની ખબર પણ છે કે લોકો તેને તે દરજ્જો નથી આપતા જે દરજ્જો મને આપે છે. તેથી તે ઇચ્છે છે કે હું અહીંથી બહાર ચાલ્યો જાઉં જેથી એના માટે મેદાન સાફ થઇ જાય.

(તારીખ તબરી ભાગ-4 પેજ નં. 276,
અલ ઇન્સાફુલ અશરફ ભાગ 4 પેજ નં. 14)

વળી અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસે પણ (નબી (સલ.)ના કાકાના દીકરાએ) ઇરાક જવાની બાબતમાં આપ(અલ.)થી વાતચીત કરતાં કહ્યું: આપે હિજાઝ છોડીને ઇરાક જવાનો ફેંસલો કરીને ઇબ્ને ઝુબેરના ઇરાદાને, તેના ધ્યેયને પૂરો કર્યો છે. આપની હાજરીમાં ઝુબેર પાસે તો કોઇ ફરકતું પણ ન હતું.

આ બધી બાબતોથી આ વાતની સાબિતી મળે છે કે હઝરત ઇમામ હુસૈન(અલ.) તે જમાનાના

લોકોમાં એક વાહિદ (ફક્ત એક જ) વ્યક્તિતત્વ હતું, જેમણે સમાજમાં પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હતું.

એટલા જ માટે હઝરત ઇમામ હુસૈન(અલ.)એ પોતાની ઉચ્ચોચ્ચ ઐતિહાસિક જવાબદારી સંભાળી લીધી.

એક તરફ બની ઉમૈયાની હુકુમત હતી, જે ફસાદી, ઝુલ્મ, નાઇન્સાફી, બધી જ બુરાઇઓનું મિશ્રણ હતું.

બીજી તરફ બધી બાજુએથી કચડાયેલો સમાજ તેની બેદીની, તેની અભણતા, ઝિલ્લત, પછાતપણું આપની દ્રષ્ટિ સમક્ષ હતું.

ત્રીજી તરફ સમાજમાં પોતાનું ઉચ્ચોચ્ચ સ્થાન, અજોડ ચાહના વગેરે પરિબળો આપને આ ઐતિહાસિક જવાબદારી માટે મજબુર કરતાં હતાં. ઇન્કિલાબનો પરચમ લઇ આપે ઊભું થવું જ પડે.

અમ્ર બિલ મઅરૂફ ભલાઇને હુકમ કરવો આપની જિંદગીનો મકસદ હતો.

આ હતા ઇન્કિલાબે હુસૈન(અલ.) માટેના જરૂરી પરિબળો.

પરંતુ યઝીદ એમ ઇચ્છતો હતો કે આ ઇન્કિલાબની ચિનગારીને પ્રબળ થતાં અગાઉ મદીનામાં જ ઓલવી નાખવામાં આવે. ચિનગારીને ત્યાં જ ખામોશ કરી દેવામાં આવે. ઇતિહાસકાર “યાઅકૂબી” એ પોતાના ઇતિહાસમાં યઝીદના નામે ઇબ્ને અબ્બાસના એક પત્રનું વર્ણન કર્યું છે જેમાં તે વાત તરફ ઇશારો મળે છે કે યઝીદે કેટલાક લોકોને નિયુક્ત કર્યા હતા કે ઇમામ હુસૈન(અલ.)ને મદીનામાં જ ત્યાંથી બહાર નિકળતાં જ શહીદ કરી દેવામાં આવે.

(તારીખે યાઅકૂબી ભાગ-2 પેજ નં. 234 થી 236)

## (9) ઇન્કિલાબ અંગેના કારણો ઇમામ હુસૈન(અલ.)ની દ્રષ્ટિમાં.

યઝીદના મુકાબલા માટે ઇમામ ઊભા થયા તેની એક દિશા ઘણી જ સ્પષ્ટ છે. જો ઇન્કિલાબે ઇમામ હુસૈન(અલ.)નો બારીકાઇથી અભ્યાસ કરવામાં આવે તો જણાશે કે પ્રથમથી લઇ છેલ્લે સુધી સામૂહિક હિતની રક્ષા-પ્રજાના દીનો-ઇમાનની રક્ષા આ જ ઇમામના યઝીદની સામે મુકાબલો કરવા માટે ઊભા થવાનો ધ્યેય હતો. ઇમામ મુસલમાનોના હક્કોની રક્ષા માટે ઊભા થયા. ઇમામને યઝીદ સાથે કોઇ ઝાતી દુશ્મની ન હતી. તે ઉમવી હુકુમતનો બાદશાહ હતો. તે સામાન્ય પ્રજાને માનવીય હકો અને જીવન જરૂરિયાતથી મહરૂમ રાખતો. યઝીદ પ્રજાની દૌલત વડે પોતાની ખ્વાહિશાત (ઇચ્છાઓ) પૂર્ણ કરતો. તેણે પ્રજાના

અવાજને સદંતર દબાવી દીધો હતો. આઝાદીની દરેક ચળવળને જોર ઝુલમથી કચડી નાખતો, ગુંડા બદમાશોને રિશ્વત આપી ખરીદી લેતો, પોતાની સત્તા ટકાવી રાખવા તેણે અરબના મુસલમાનોની એકતાના તાંણાવાણાં વિખેરી નાખ્યાં હતાં. કોમની દૌલતનો ઉપયોગ તેમની આઝાદી ચળવળોને કચડી નાખવા માટે કરતો.

બિન મુસ્લિમો ઉપર પણ તે અને તેના અધિકારીઓ અનહદ ઝુલમ કરતા. બલકે ઉમવી હુકુમતનો આ કપૂત બિન મુસ્લિમોને તદ્દન ખતમ કરી નાખવા જ ઇચ્છતો હતો. તેણે લોકોના ધાર્મિક અસહિષ્ણુતા પેદા કરી દીધી હતી. બે ધાર્મિક વિભાગોમાં પ્રજાને વહેંચી દીધી હતી.

આ હુકુમત હતી, યઝીદ લાનતુલ્લાહની. જેણે હુકુમતના ટીકાકારોને, પોતાના રાજકીય

વિરોધીઓને સરહદપાર કરી દીધા હતા. ઘરથી બેઘર કરી દીધા હતા. તેણે પોતાના રાજકીય વિરોધીઓ મુસ્લિમ હુકુમતની બહાર જ્યાં પણ આશરો લીધો હતો તેઓને ત્યાં જઇને મોતને ઘાટ ઊતારી દીધા. સીમાપાર પરાઇ હુકુમતમાં આશરો લેતા પોતાના રાજકીય વિરોધીઓને કાવાદાવા કરી ત્યાંની સ્થાનિક પ્રજાના ગુંડાઓ ધ્વારા ખતમ કરી દીધા હતા.

ઇમામ હુસૈન(અલ.) માટે યઝીદના આવા સામૂહિક ફસાદને રોકવા માટે ઊભા થવું જરૂરી હતું. કોઇ સાથ આપે કે ન આપે આપ તો અલ્લાહના પ્રતિનિધિ હતા. આપ માટે તો આવા ઝાલિમને પડકારવું વાજિબ હતું. આપે મોહંમદ હનફિયાને પોતાની વસીય્યતમાં ફરમાવ્યું છે.

હું મારી કોઇ મહત્ત્વકાંક્ષા, લાલસા કે વિષયવાસના માટે ઊભો થયો નથી. મારો ધ્યેય ઝુલમ, ફસાદ કે ફિત્નો નથી. ન તો મને હુકુમત કરવાની હવસ છે. હું મારા નાનાની ઉમ્મતની ઇસ્લાહ ઇચ્છું છું. મારો ધ્યેય ભલાઇનો હુકમ કરવો અને બુરાઇથી રોકવું છે. જો કોઇ વ્યક્તિ મારી આ ચળવળના હક હોવાની બુન્યાદ પર કબૂલ કરે છે તો ખુદા હંમેશાથી હકનો (સત્યનો) મદદગાર છે. જો કોઇ મારી દઅ્વતને કબુલ ન કરે તો હું સબર અને ધીરજથી કામ લઇશ. જેથી ખુદા મારી અને તે કોમની વચ્ચે ફેંસલો કરી દે.

ઇમામના આ વસીય્યતનામાંથી સ્પષ્ટ માલુમ પડે છે કે આપનો ધ્યેય આપના નાનાજાનની ઉમ્મતની ઇસ્લાહ કરવી છે. એક સુક્ષ્મ વાત જે આપે આ વસીય્યતમાં ફરમાવી છે.

“જે મને હકના માટે (સત્યને સાથ આપવા માટે) કબૂલ કરે છે તો ખુદા હંમેશાથી હકનો મદદગાર છે.”

આપે એમ નથી ફરમાવ્યું: કે મારૂં વ્યક્તિત્વ ઉમદા ગુણ, મુસલમાનોમાં મારી ઇઝ્ઝત અને રસૂલુલ્લાહ(સલ.)ની સાથે મારી સગાઇની બુનિયાદ પર મને કબૂલ કરો. બલકે આપે ફરમાવ્યું: “જે મને હકના ખાતર (સત્યના સાથ માટે) કબૂલ કરી લે.” આ વાતથી સ્પષ્ટ થાય છે કે આપ દાઇએ એલલ હક(હકની તરફ બોલાવનારા) હતા. વળી જ્યારે લોકો હકના તરફ દઅ્વત દેનારને કબૂલ કરે છે. તો ખરેખર હકના માટે જ(સત્યને ખાતર જ) તેને કબૂલ કરે છે. બુરાઇથી રક્ષણ અને મુસલમાનોની ખિદમત (સેવા) છે. ઇમામની આ વાતો ઘણી જ ઉચ્ચ અને ઉપરવટ

છે. કબાઇલી દુશ્મનાવટો જે તે જમાનામાં મઝહબી અને રાજકારણીય બંને પ્રકારના આગ્રેસરોમાં ફૂટી ફૂટીને ભરેલી હતી. ઇમામની વાતો અને કલામો તમામ પ્રકારની ઇન્સાની બીમારીઓથી પાક છે. બલકે કલામનો એક એક શબ્દ રૂહાનિયતથી ભરપૂર છે.

## (10) ઝાલિમોના વિરૂદ્ધ ઊભા થવું.

ઇમામના ઇન્કિલાબમાં સામૂદાયિક વિચારધારા તે વખતે પણ સ્પષ્ટ દેખાય છે. જ્યારે કે આપે હઝરત હુર બિન રિયાહીની સાથે મુલાકાત કરી. આ તે સમયની વાત છે જ્યારે આપને ખબર પહોંચી ચુકી હતી કે ઇરાકવાસીઓએ આપથી બયઅત લઇને તેને તોડી નાખી છે. આપને સાથ આપવાથી ફરી ગયા છે. આપના સંદેશવાહક હઝરત મુસ્લિમ બિન અકીલને શહીદ કરી દીધા છે. તેમના બે પુત્રો નાના માસુમોને પણ બેરહમીથી મારી નાખ્યા છે. તે સમયે આપને તે ખતરનાક પરિણામની પણ જાણ થઇ ચૂકી હતી. જે પરિણામ આપનો ઇન્તિઝાર કરી રહ્યું હતું. તે સમયે ઇમામે હુર બિન રિયાહીના લશ્કરને ઉદ્દેશીને ફરમાવ્યું:

અય લોકો! રસૂલુલ્લાહ(સલ.)એ ઇરશાદ ફરમાવ્યો છે "જો કોઇ ઝાલિમ હાકેમને એ હાલતમાં જુએ કે તે અલ્લાહે હરામ કરેલી ચીજોને હલાલ કરે છે. અલ્લાહની સાથેના વાયદાને તોડી નાખે છે. સુન્નતે રસુલનો વિરોધ કરે છે. અલ્લાહના બંદાઓ ઉપર ઝુલ્મ કરે છે તો તે પરિસ્થિતિમાં તેને પડકારીને તે બુરા અમલથી રોકે. જો ન રોકે તો તે વ્યક્તિ તે જ ઝાલિમની જેમ અઝાબનો હકદાર બનશે."

લોકો! તે લોકોએ(બની ઉમૈયાએ) શયતાનની તાબેદારી કરીને રહમાનની તાબેદારી છોડી દીધી છે. ચારે તરફ દંગા ફસાદ અને ફિત્ના ઊભા કર્યા છે. વળી ઇસ્લામી કાયદાકાનૂન પ્રમાણેની સજાઓને બંધ કરી દીધી છે. આ લોકોએ સરકારી ખજાનાને પોતાનો ખજાનો બનાવી દીધો

છે. અલ્લાહની શરીઅતના હલાલને હરામ અને હરામને હલાલ બનાવી દીધું છે. ઇસ્લામી હુકુમતને સંભાળવા માટે હું આવા લોકો કરતાં સૌથી વધારે યોગ્ય છું. મારી પાસે તમારા પત્રો આવેલા છે. સાથે બયઅત કરવા માટેના સંદેશાઓ લઇને તમારા પ્રતિનિધિઓ આવ્યા છે. વળી તમે આ પ્રતિજ્ઞા લીધી છે કે તમે મારી મદદથી હાથ ઉઠાવશો નહિ. પ્રતિજ્ઞા તોડશો નહિ. જો તમે તમારી આ પ્રતિજ્ઞા ઉપર અડગ રહ્યા તો હિદાયત પામશો.

અય લોકો! હું હુસૈન ઇબ્ને અલી છું. હું પૈગંબરે ઇસ્લામ, રસૂલે ખુદા(સલ.)ની બેટી ફાતેમા(સલા.)નો ફરઝંદ છું. હું સ્વયં તમારા દુ:ખદર્દમાં ભાગીદાર બનીશ. વળી મારા ઘરવાળા તમારા બાલબચ્ચાઓના સાથી રહેશે. જો તમે લોકોએ બયઅત તોડી નાખી છે તો મને મારી

જિંદગીની કસમ આ કોઇ નવી વાત નથી. તમે મારા બુઝુર્ગ પિતાજી અલી(અલ.)ની સાથે, મારા ભાઇ અને મારા કાકાના દીકરા મુસ્લિમ બિન અકીલની સાથે પણ આ જ પ્રમાણે કર્યું છે. તે વ્યક્તિ ભ્રમમાં રહ્યો જેણે તમારા વાયદાઓ ઉપર ભરોસો કર્યો. તમે લોકોએ તમારી જાતને અભાગી બનાવી દીધી. તમારી કિસમત જ ખરાબ થઇ છે. જે પ્રતિજ્ઞા તોડશે તેની સજા તેને ભોગવવી જ પડશે."

આ જગ્યાએ ઇમામ હુસૈન(અલ.) ઇન્કિલાબ માટે પોતાના ઊભા થવાના કારણો અને સંજોગો બતાવી રહ્યા છે. તે કારણો અત્યાચાર, ગરીબાઇ, દીનનો ગલત ઉપયોગ, લોકોના માલ દૌલતની લુંટ, આ બધું જે કંઇ થઇ રહ્યું છે. શું તેની રોકથામ જરૂરી નથી?

ઇમામ હુસૈન(અલ.)એ આ વાતની નોંધ પણ લીધી કે આ લોકો જિંદગીના લુત્ફથી વંચિત થઇ જવાથી ડરે છે. આ લોકોનો તડીપાર કરવાનો સરહદ પાર કાઢી મૂકવાનો ભય અત્યાચાર વગેરેથી ડર-ખોફ રાખવાથી, દરેક પ્રકારના ઇન્કિલાબથી ડરતા હતા. આ લોકો બેઇઝ્ઝતીની જિંદગીને ઇન્કિલાબના મુકાબલામાં એટલા માટે મહત્વ આપતા હતા કે જો આ મારો ઇન્કિલાબ નિષ્ફળ થઇ જાય તો વધારે તંગી અને ઝુલમના શિકાર બનવું પડે.

તેઓની આવી હાલતથી વાકેફ હોવાથી આપે ફરમાવ્યું:

હું હુસૈન ઇબ્ને અલી(અલ.) હું રસૂલુલ્લાહ(સલ.)ની બેટી ફાતેમા(સલા.)નો ફરઝંદ છું.

અહીં આપે પોતાના રૂહાનિયતથી (આધ્યાત્મિકતાથી) ભરપૂર વ્યક્તિત્વનું ભાન કરાવતાં ફરમાવ્યું:

હું અને મારૂં ખાનદાન તમારા બાલ બચ્ચાંની સાથે દરેક પ્રકારના દુ:ખ દર્દમાં ભાગીદાર રહીશું.

આ જગ્યાએ આપે પોતાની ઉચ્ચોચ્ચ ખાનદાનિયત, અને ઉચ્ચ વિલાયતનો ખ્યાલ અપાવ્યો છે. વિશ્વની તમામ વિલાયતોનો સ્ત્રોત અલી-ફાતેમા(સલા.)નું ઘર છે. ખુદાની પેહચાન, મઅરેફતે ઇલાહી, ઇરફાને ઇલાહી વિશ્વમાં જે કંઇ આધ્યાત્મિકતા છે. જે કંઇ રૂહાનિયત છે. તે અલી-ફાતેમા(સલા.) સુધી પહોંચે છે. ત્યાંથી રસુલુલ્લાહ(સલ.) અને અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત

ઉપર ખતમ થાય છે. પછી ઇરશાદ ચાલુ રાખતાં ફરમાવ્યું.

હું અને મારૂં ખાનદાન તમારા બાલ-બચ્ચાંઓની સાથે બધા જ દુ:ખ દર્દોમાં સામેલ રહેશે.

આપનો આ બતાવવાનો હેતુ છે કે જો કોઇને કોઇ દુ:ખદર્દ પહોંચ્યું,યા કોઇને કંઇક ગુમાવ્યું પડ્યું. કોઇ ફાયદાથી વંચિત રહેવું પડ્યું તો બધાની પહેલાં સૌથી આગળ આ મુસીબતો ઝીલનાર હું પોતે હોઇશ.

એક બીજી સુક્ષ્મદર્શક વાત જે સૈયદુશ્શોહદાએ ફરમાવી તે આ છે કે,

ઇસ્લામી હુકુમતને સંભાળવા માટે હું એવા લોકોથી વધારે યોગ્ય છું. જેમણે દીનમાં ફેરફાર

કર્યો છે. આ સરદારી મારી જવાબદારીઓમાંથી છે મારી ફરજ છે.

ઉપરોક્ત જુમલામાં આપે તે ઉચ્ચોચ્ચ ઐતિહાસિક ઝિમ્મેદારીની તરફ ઇશારો કર્યો છે. જે આપે પુરી કરવાની છે.

## (11) ઇરાકીઓના કાળાં કરતૂતો

હઝરત ઇમામ હુસૈન(અલ.) એક વખત ફરીથી ઇરાકવાસીઓની સમક્ષ ઇન્કિલાબના કારણો અંગે ફરમાવે છે. આ ખુત્બો આપે મેદાને કરબલામાં ઉમવી લશ્કરની સાથે યુદ્ધ કરતાં અગાઉ જ આપ્યો હતો. આપ પોતાના ઘોડા ઉપર સવાર થયા. દુશ્મનોને ખામોશ થવા માટે કહ્યું: પરંતુ તે ઝાલિમો ખામોશ ન થયા. આપના નૂરાની ચેહરા મુબારક ઉપર ગુસ્સાના નિશાન પડતાં હતાં. નૂરાની ચેહરો લાલચોળ દેખાતો હતો. ફરમાવ્યું:

લઅનત થાય તમારી ઉપર. તમે મારી વાત સાંભળતા નથી? હું તમને હિદાયત તરફ બોલાવી રહ્યો છું. જે મારી ઇતાઅત કરશે તે હિદાયત મેળવનારાઓમાં સામેલ ગણાશે. અને જે મારી નાફરમાની કરશે તે હલાક થવાવાળાઓ

ગણાશે. તમને શું થઇ ગયું છે? તમે લોકોએ મારી ઇતાઅત છોડી દીધી છે. તમે મારી વાતો સાંભળવા તૈયાર નથી? તમારા પેટો હરામ ખોરાક ખાઇને ભરાઇ ગયાં છે. તમારા દિલો ઉપર મહોર(ગુમરાહીનો સિક્કો) લાગી ચૂકી છે. અફસોસ છે તમારા ઉપર તમે ચૂપ નથી થતા. મારી વાત નથી સાંભળતા.

આ સાંભળીને "ઉમર બિન સઅદ"ના લશ્કરવાળા (ઉમર બિન સઅદ યઝીદનો સેનાપતિ હતો) અંદરો અંદર એકબીજાને ઠપકો આપવા લાગ્યા કે જુઓ હઝરત હુસૈન(અલ.) શું કહી રહ્યા છે? ત્યારે હઝરત હુસૈન(અલ.)એ અલ્લાહની હમ્દો સના બજાવી લાવ્યા પછી મોહંમદ(સલ.) નાનાજાન અને તમામ અંબિયા અને રસૂલો ઉપર દુરૂદ મોકલ્યા પછી ફરમાવ્યું:

લોકો! અલ્લાહ તમને હલાક કરી દે, શું તમે મારી મદદ નથી માંગી? મને અરજીઓ નથી કરી? મને ફરિયાદો નથી લખી? મને તમારી મદદ માટે તમે નથી બોલાવ્યો? હવે જ્યારે હું તમારી ફરિયાદ સાંભળીને આવી પહોંચ્યો છું, તો તમે તલવારોની સાથે અમારો મુકાબલો કર્યો અને તે આગની દિશા તમે અમારી તરફ ફેરવી નાખી જે આગ આપણે તમારા અને મારા તથા ખુદા-રસૂલના દુશ્મનને હલાક કરવા માટે સળગાવી હતી. હવે તમે જાતે આપણા જ માણસોની વિરૂદ્ધ ઊભા થઇ ગયા છો. તમારા દોસ્તોની વિરૂદ્ધ તમારા દુશ્મનો ભેગા મળી ગયા છો. જેઓ તમારી સાથે ઇન્સાફથી પેશ આવ્યા નથી. જેથી તમે તેમના ઇન્સાફ ઉપર આફરીન થઇ જાઓ. ન હવે પછી કોઇ રાહત કે ફાયદાની તમને તેનાથી ઉમ્મીદ છે. તમે ફક્ત એટલા માટે વિરૂદ્ધ

લડી રહ્યા છો કે તમને બની ઉમય્યાએ દુનિયાના હરામ માલનો એક મામૂલી ભાગ આપી દીધો છે. જેથી તમે ઝિલ્લતની જિંદગી બસર કરો. બેઇઝ્ઝતીથી તમારા અંતરાત્માના અવાજને દબાવી દો. જો કે મેં કોઇ નાનો ગુનોહ પણ કર્યો નથી. જ્યારે તમે પગથી માથા સુધી ગુનેહગારની આજ્ઞા માનો છો.

અફસોસ છે તમારી ઉપર કે તમે અમારા દુશ્મન બની ગયા અને અમને છોડી દીધા તે સમયે તમે ફિત્નાની આગ સળગાવી. તીરોની ટોળાંઓની જેમ એકત્ર થઇ ગયા. હવે માખીઓની જેમ ફિત્ના ફસાદ ફેલાવવાનો ઇરાદો કરી લીધો છે. જ્યારે તલવારો પોતાના મ્યાનમાં હતી ત્યારે લોકોના દીલોમાં આરામ અને સુકૂન હતું.

અય લોકો! તમારા માથા ઉપર ખાક(મિટ્ટી) પડે. અય ગુલામીનું જીવન પસંદ કરનારાઓ! અય વક્ર બોલનારાઓ, અય કિતાબે ખુદાને છોડી દેનારાઓ, અય શયતાનથી દોસ્તી કરનારાઓ, શયતાનના ફંદામાં આવી છેતરાઇ જનારાઓ! અલ્લાહની નાફરમાની કરવા પર એકત્ર થઇ જનારાઓ! ખુદાની કિતાબમાં ફેરફાર કરનારાઓ! અને શરીઅતના ચિરાગને બુજાવી દેનારાઓ! અંબિયાની અવલાદને કતલ કરનારાઓ! અવસિયા અને તેમની સંતાનોને નાબૂદ કરવાની કોશિશ કરનારાઓ! નાજાઇઝ બાળકોને વંશમાં મેળવનારાઓ, મોમેનીનને તકલીફ પહોંચાડનારાઓ! અંબિયાની મજાક ઉડાવનારાઓ અને ખુદાની કિતાબના ટુકડે ટુકડા કરી નાખનારના સાથીઓ! તમે કેટલા મોટા ગુનાહનો ઇરાદો કર્યો છે.

અને હંમેશા હંમેશનો અઝાબ ખરીદી લીધો છે. તમે હરબના બેટાની (મઆવિયા ઇબ્ને અબી સુફયાન) મદદ કરી અને તમારા રસુલના બેટાથી મોં ફરવ્યું?

હાં! આ પ્રમાણે પ્રતિજ્ઞાઓ તોડવી તમારી આદત છે. બેવફાઇના જળથી જ તમારા મૂળિયાં તૃપ્ત થયાં છે. તમારી ડાળીઓને શક્તિ મળી છે. તમારા દિલો પણ પ્રતિજ્ઞા તોડી નાખવાના કાર્યથી મજબુત છે. વળી તમારી છાતીઓ આ ચીજોથી ભડકી ઊઠી છે.

તમે તે સૌથી ખરાબ નફરત ઉપજે એવું ફળ છો. જે છીનવી લેનારના મોંનો કોળિયો બને છે. અને તમે દરેક જોનારના માટે દુ:ખ બની ગયા છો. અલ્લાહની લઅનત છે તે લોકો ઉપર જેઓ વાયદો અને પ્રતિજ્ઞા કર્યા પછી તેને તોડી નાખે છે. જો કે

તમે મારી બયઅત ઉપર અલ્લાહને ગવાહ બનાવ્યો હતો.

વલદુઝ્ઝિના ઇબ્ને વલદુઝ્ઝિનાએ મને કતલ અને બેઇઝ્ઝતીની વચ્ચે લાવીને ઊભો કરી દીધો છે. પરંતુ બેઇઝ્ઝતી તો અમારાથી લાખો કિલોમીટર દૂર છે. અમે માસૂમ-બેગુનાહ અને રસૂલુલ્લાહના ફરઝંદો છે. અલી મુરતઝા શેરે ખુદા અમારા બાપ છે. જનાબ ફાતેમા ઝહરા(સલા.) અમારાં મા છે. તે રસૂલુલ્લાહ(સલ.)ના બેટી છે. રસૂલુલ્લાહ(સલ.) અમારા નાનાજાન છે. અમે તેમના ફરઝંદ છીએ. બેઇઝ્ઝતી તો અમારા નજીક ફરકી પણ શકતી નથી. ખુદા રસૂલ(સલ.) અને મોઅમેનીન અમારી બેઇઝ્ઝતી ઉપર રાજી થશે નહિ. અમારૂં પવિત્ર ખાનદાન, અમારા પાક અને ઇઝ્ઝતવાળો અંતરાત્મા, તેની હિંમત અને ઉચ્ચતા,

અમારૂં શ્રેષ્ઠ શિક્ષણ-પ્રશિક્ષણ વગેરે આ વાતની ઇજાઝત નથી આપતું કે હું ઇઝ્ઝતના મૃત્યુની જગ્યાએ કમીનાઓની તાબેદારી કરૂં.

અય લોકો! જે કંઇ મારે કહેવું હતું તે કહી દીધું અને તમને ખોફે ખુદાની યાદ અપાવી. હવે હું મારા ખાનદાનની સાથે દોસ્તોની કમી અને દુશ્મનોની ભીડ વચ્ચે અલ્લાહ સિવાય મારૂં કોઇ મદદગાર ન હોવા છતાં જેહાદ માટે તૈયાર છું.

**ત્યાર પછી આપે નીચેના અશઆર પઢ્યા.**

(1) જો અમે દુશ્મનોને હરાવી દઇએ તો આ અમારો દસ્તુર છે. અમે હંમેશા દુશ્મનોને પરાજય આપતા આવ્યા છીએ અને જો દેખીતી રીતે અમે પરાજય પામ્યા તો અમે હકીકતમાં નિષ્ફળ ગયા નથી.

(2) અમે ભય કે સહાનુભૂતિમાં તણાય જનારા અને ધ્યેયને છોડી દેનારા બુઝદિલોમાંથી નથી. બલકે

જ્યાં સુધી અમે જીવતા છીએ ઝાલિમોને હુકુમત કરવા દઇએ નહિ. અલબત્ત તેઓ અમારી મોત પછી જ હુકુમત કરશે.

(3) મોત કોમના બુઝુર્ગોને ગળી ગઇ. જેવી રીતે પાછલી સદીઓ ખતમ થઇ ગઇ.

(4) દુનિયામાં બાદશાહો જીવતા રહ્યા હોત તો અમે પણ જીવતા રહેત અને નેક લોકો બાકી રહ્યા હોત તો અમે પણ બાકી રહેત.

(5) જેવી રીતે મોત આજે અમારી પાસે આવી રહી છે આવતી કાલે તમારી પાસે પણ આવશે.

ઉપરોક્ત ખુતબામાં હઝરત ઇમામ હુસૈન(અલ.)એ ઇરાકીઓને, એમની સાચી પરિસ્થિતિ અને દગાબાજીનો ખ્યાલ આપ્યો છે. તેમની જિંદગીમાં બુઝદિલી, અવજ્ઞા અને અનાદરનો ખ્યાલ આપ્યો છે. આ ખુતબામાં આપે

આ વાત પણ બતાવી દીધી છે કે ઇરાકીઓએ પોતાના જલ્લાદોથી છૂટકારો મેળવવા માટે ઇમામની મદદ માંગી, જ્યારે ઇમામ મદદ માટે ત્યાં પહોંચ્યા ત્યારે આ લોકો તે જ જલ્લાદોની સાથે ભેગા થઇ ગયા.

આ તે જલ્લાદો હતા જેમણે એમની સાથે કોઇ પણ જાતનો અદલો ઇન્સાફ કર્યો નથી. આ ઝાલિમ અત્યાચારીએ (મતલબ યઝીદે) પ્રજાના મુનાફિક, લાલચી, આગેવાન લોકોને થોડાક દુન્યવી માલના બદલામાં ખરીદી લીધા. આ લોકોએ પ્રજાને પેગંબરે ઇસ્લામના ખાનદાનને નેસ્તનાબૂદ કરવા જેવા હરામ ગુના તરફ તથા બેઇઝ્ઝતી ભરી જિંદગી તરફ ધકેલી ધીધા.

કત્લે ઇમામ હુસૈન(અલ.)ના બદલામાં આ લાલચીઓને જે કંઇ મળ્યું તેનાથી એમની

જરૂરિયાત પણ પૂર્ણ થતી ન હતી. આ રીતે મુનાફિક, દંભી, લાલચી લોકોને પક્ષપલટો કરાવી ઇમામના ખાનદાન અને તેમના નજીકના સગાંઓની કતલ કરાવી. તેનાથી આ યઝીદોની જે ઝિલ્લત અને બેઇઝ્ઝતી થઇ છે. તેમની દુન્યવી જિંદગી ઝહેર બની ગઇ હતી. આ લોકો પોતાના મૃત્યુ સુધી પ્રજાથી મોં છુપાવી જહન્નમ રસીદ થયા છે.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: મારો દુશ્મન તમારો પણ દુશ્મન છે પરંતુ ઇરાકીઓ પોતાની જિંદગીને પોતાના હાથે જ ખરાબ કરી રહ્યા હતા. વળી જે ઇમાનના રેહબરોએ એમને આઝાદી અપાવી હતી. જે રેહબરો ઇમામ હુસૈન(અલ.)ના નાનાજાન રસૂલુલ્લાહ(સલ.) અને આપના વાલિદ મોહતરમ શેરે ખુદા અલી મુરતઝા(અલ.)એ આ

લોકોને હિદાયતનો રસ્તો બતાવ્યો હતો. હજારો કેદોથી અને દુનિયાના ફિત્નાઓથી આઝાદી અપાવી હતી. આજે આ ઇરાકીઓ તેમની જ સાથે લડી રહ્યા હતા. વળી એમના ઉપર ઝુલમ કરનારાઓ જેમણે એમને બેઇઝ્ઝત કર્યા છે તેઓની સાથે ભળી ગયા છે.

હઝરત ઇમામ હુસૈન(અલ.)નો આ એક ઇન્કિલાબી ખુત્બો છે. જેમાં ઇમામે ઇરાકીઓની બરાબર ફિટકાર કરી છે, મલામત કરી છે. તેમના અંતરાત્માઓ ઉઘાડા કર્યા છે. તેઓના હૃદયોમાં છુપાયેલા દંભને ઉઘાડો પાડી દીધો છે. આ લશ્કરના તમામ સિપાહીઓને બરાબર ખબર હતી કે તેઓ કોની સાથે લડી રહ્યા છે. તેથી ઇમામે તેમના અંતરોને ઝંઝોર્યા. તેઓ કેટલો મોટો ગુનોહ કરવા જઇ રહ્યા છે. ઇમામ એમ ઇચ્છતા હતા કે તે

સમયનો ઝલીલ-નીચ સમાજ આપની અવાજને સાંભળે. આ ખુત્બા દ્વારા ઇમામ(અલ.) ઇચ્છતા હતા કે દરેક મુસલમાન અત્યાચારીઓની વિરૂદ્ધ લાવા બનીને ઊભો થઇ જાય. પરંતુ આ જાહિલો તો એટલા બધા લાલચી અને દંભી હતા કે તેમણે પોતાના અંતરાત્માને, પોતાના ઇમામને દુનિયાની ચંદ કોડીઓના બદલામાં વેચી માર્યું હતું.

## (12) ઇન્કિલાબ સામાન્ય જનસાધારણની દ્રષ્ટિમાં

ઇન્કિલાબે હુસૈન(અલ.)ના સામુદાયિક હેતુઓનો ખ્યાલ ફકત ઇમામને પોતાને હતો. પરંતુ ઇમામના દીલનું દર્દ આ લોકો સમજી શકે એટલા શક્તિમાન ન હતા. છતાંય બધા જ મુસલમાનો તે સમયના ખરાબ સમાજની ઇસ્લાહ સુધારણા ઇચ્છતા હતા. તે લોકોના તો આ વાત અનુભવની જ હતી. જેમણે હઝરત ઇમામને ઇરાક આવવાના આમંત્રણો આપ્યાં હતાં. ઇન્કિલાબ તો તેઓ પણ ઇચ્છતા હતા જેઓએ આપને શહાદતનો જામ પીવડાવ્યો.

જે લોકોએ ઇન્કિલાબ માટે આપને ઇરાક આવવાની દઅ્વત આપી હતી, તેઓ ગણતરીના(થોડા) માણસો ન હતા. બલકે તેઓની સંખ્યા ઘણી મોટી હતી.

કેટલાક ઇતિહાસકારોનું વર્ણન છે કે જુદી જુદી જમાતો અને સંગઠનો તરફથી 150 પત્રો જેમાં સેંકડો અગ્રેસર માણસોની સહીઓ હતી. ઇમામ(અલ.)ને મળ્યા હતા.

(અલ કામિલ ભાગ-3 પેજ નં. 666/667)

બીજા અન્ય ઇતિહાસકારોએ નોંધ્યું છે કે ઇમામની પાસે ઇરાકવાસીઓ તરફથી લગભગ 12 હજાર પત્રો પહોંચ્યા. આ અનુસંધાનમાં મોટા ભાગના ઇતિહાસકારોએ એક કિસ્સો વર્ણવ્યો છે. તે દ્વારા આ પત્રોની સંખ્યાનો અંદાજો આવી શકે છે. તે ઘટના આ છે કે જ્યારે ઇમામ હુર બિન રિયાહીને મળ્યા ત્યારે આપે હુરથી અને તેના સાથીઓ સાથે જે વાતચીત કરી. તેમાં આપે ફરમાવ્યું હતું.

અય લોકો! જો તમે અલ્લાહથી ડરો અને હક હકદારને આપી દો. તો તેનાથી ખુદા રાજી થશે, વળી ઇસ્લામી હુકુમતની આગેવાની કરવા માટે

અમે સૌથી વધારે લાયક છીએ. જેઓ તેનો દાવો કરે છે તેને તેઓ યોગ્ય નથી. વળી જે લોકોએ તમારી ઉપર ઝુલમ કર્યો. ઇન્સાની હકોની પાયમાલી કરી. તેઓ હરગિઝ હુકુમત કરવાને લાયક નથી. હકો અંગે જાણ્યું અજાણ્યું કર્યું. વળી તમારો દ્રષ્ટિકોણ તે નથી, જેનો તમે તમારા પત્રોમાં તમે જાહેર કર્યો છે. અને તમારા પ્રતિનિધિઓએ અમારી મુલાકાત વખતે જણાવ્યું છે તો હું પાછો ચાલ્યો જાઉં છું.”

“ખુદાની કસમ! અમને તે પત્રોના વિષયમાં કોઇ જ જાણકારી નથી. જેનું આપે વર્ણન કર્યું છે.” આ હુરનો ઉત્તર છે.

જનાબ ઇમામ હુસૈન(અલ.) એ ફરમાવ્યું:

અય ઉકબા બિન સમઆન તે બે થેલાઓને બહાર કાઢી લાવો. જેમાં આ લોકોના પત્રો મોજૂદ હોય છે.

(જુઓ તારીખે તબરી ભાગ-4 પેજ નં. 303,
અલ કામિલ ભાગ-3 પેજ નં. 208,
આઅલામુલ વરા પેજ નં. 229,
અલ અખબારૂલ તવાલ પેજ નં. 249)

તારીખે તબરીમાં વર્ણન છે કે કૈસ ઇબ્ને મુસહ્હર સૈદાવી, અબ્દુરેર્રહમાન બિન અબ્દુલ્લાહ બિન શવાદ અલ અરજી, અમાદત બિન અબ્દુલ્લાહ સલૂબી વગેરેની સાથે પત્રો રવાના કરવામાં આવ્યા હતા. છતાંય ઇમામે તેઓના આમંત્રણને કબૂલ ન કર્યું. અહીં સુધી કે એકજ દિવસમાં 60 પત્રો ઇમામની પાસે પહોંચી ગયા. વળી વધા જ પત્રો જુદા જુદા વિસ્તારના હતા. પછી તો પત્રોનો જુવાળ

શરૂ થઇ ગયો. અહીં સુધી કે જુદી જુદી જગ્યાના પત્રોની કુલ સંખ્યા 12 હજાર સુધી પહોંચી ગઇ.

આ રીતે આપણે પત્રોની સંખ્યાના વિષયમાં અંદાજો લગાવી શકીએ છીએ. જે ઇમામની તરફ મોકલવામાં આવ્યા હતા. જેમાં ઊભા થવાની યઝીદના ઝુલમની વિરૂદ્ધ કમર કસવાની સાથે આ લોકોની સંપૂર્ણ મદદ મળવાનો વાયદો હતો. એકેએક પત્રમાં ગમે તે પરિસ્થિતિમાં સંપૂર્ણ સાથ આપવાનો વાયદો કરવામાં આવ્યો હતો.

આ વાત પણ યાદ રાખવામાં આવે કે આ બધા પત્ર વ્યક્તિગત એક એક વ્યક્તિના ન હતા. બલકે દરેક પત્રો એકથી વધુ બેથી લઇને દસ વ્યક્તિનો ભેગો પત્ર હતો.

(તારીખે તબરી ભાગ-30)

આ કોઇ વ્યક્તિગત ચળવળ ન હતી. બલકે સંપૂર્ણ ઇરાકીઓની ચળવળ હતી. જે ઇરાકની બહુમતિએ શરૂ કરી હતી. હઝરત ઇમામ હુસૈન(અલ.)ને ઇરાકીઓ દ્વારા જે સેંકડોની સંખ્યામાં પત્રો પહોંચ્યા તેમનો એક પત્ર દૃષ્ટાંતરૂપે સમજીએ.

**સલામુન અલયકુમ**

અમ્માબાદ શુક્ર છે તે ખુદાના માટે જેણે આપ અને આપના વાલિદ બુઝુર્ગવારના દુશ્મનને નાબુદ કરી દીધો. (આ મઆવિયા મલઉનની હલાકતની વાત છે.) જે અત્યાચારી, કિન્નાખોર, કપટી અને મહાબદમાશ હતો. તે આ ઉમ્મતની ગરદન ઉપર સવાર રહ્યો. તેમની કિસ્મત સાથે રમત રમતો રહ્યો. તેણે બયતુલમાલ ઉપર કબજો જમાવી લીધો હતો. જેણે ખુદાના નેક અને સાલેહ બંદાઓને શહીદ કરી દીધા. કોમની દૌલતને

ખુનખાર અને અત્યાચારી ગુંડાઓમાં વહેંચી. ખુદા તેને કોમે સમૂદની જેમ પોતાની રહમતથી દૂર કરી દે. આપના સિવાય અમારો કોઇ ઇમામ નથી. આપ તશરીફ લઇ આવો, ભલે પધારો, અમે આપનું ભાવભીનું સ્વાગત કરીશું. કદાચ આપના આવવાથી અમે હિદાયતના રસ્તા ઉપર એક થઇ જઇએ. અત્યારે કૂફાનો ગવર્નર નોઅમાન ઇબ્ને બશીર છે જે મહેલમાં રહે છે. ન અમે તેની પાછળ જુમ્આમાં ભાગ લઇએ છીએ, ન ઇદના દિવસે તેની પાછળ અમે નમાઝ પઢીએ છીએ. ઇદ અને જુમ્આની પણ નહિ. જો અમને ખબર મળે કે આપ અહીં પહોંચી રહ્યા છો તો અમે તેને પદભ્રષ્ટ કરીને શામની તરફ ભગાડી મુકીશું. અમારા સલામ અને દુરૂદ થાય આપ ઉપર અય ફરઝંદે રસૂલ.

(જુઓ પ્રખ્યાત ઇતિહાસકાર અને તફસીર કાર તબરીમાંથી જિલ્દ-4

પેજ નં. 261, 262. ઇતિહાસ અલકામિલ ભાગ-3 પેજ નં. 266)

આ એક દૃષ્ટાંતરૂપ-નમૂનારૂપ પત્ર અમોએ વાચકોના જ્ઞાન માટે રજૂ કર્યો છે. જે ઇમામ હુસૈન(અલ.)ને ઇન્કિલાબ માટે ઊભા થવાની દઅ્વત આપતાં લખવામાં આવ્યો છે. આ પત્રો દ્વારા ઇન્કિલાબ અંગેની જનસાધારણની પ્રબળ વેદના જોવા મળે છે. દીને ઇસ્લામના દુશ્મન એવા ઝાની, શરાબી અને ફાસિક બાદશાહને હટાવવો સાથે અત્યાચાર અને ગરીબાઇ જ તે કારણો હતાં, જેના કારણે આ લોકો ઇન્કિલાબ માટે સામૂહિક ધોરણે તૈયાર થઇ ગયા હતા. વળી જનાબ સૈયદુશ્શોહદા જ તે એક વ્યક્તિ હતા કે તેઓ આ

ઇન્કિલાબની સરદારીને કાબિલ હતા. કારણ કે ઇમામના સિવાય તે સમયમાં કોઇ એવો વ્યક્તિ ન હતો જે લોકોના દુ:ખ દર્દને સમજી શકે અને પ્રજાની ઉમ્મીદો ઉપર પૂરો ઊતરે.

## (13) ઇન્કિલાબ સ્વયં ઇન્કિલાબીઓની દ્રષ્ટિમાં

તે લોકોને અલગ કરી દેવામાં આવે જેમણે સૌ પ્રથમ ઇન્કિલાબનું રણશિંગુ ફૂંકયું હતું. પરંતુ પાછળથી અત્યાચારના ડરથી, બુઝદિલીથી અથવા નાણાંની લાલચમાં ઇન્કિલાબના મેદાનમાંથી હટી ગયા. આપણે અત્યારે તે લોકોની જ વાત કરીએ જેઓ પોતાના છેલ્લા શ્ર્વાસ સુધી અડગતા સાથે લડતા રહ્યા. પછી ઇમામ મઝલૂમની સાથે શહાદતનો જામ પીધો. તે લોકોનું દ્રષ્ટિબિંદુ પણ આપણે જોઇએ. ઇમામના આવા મદદગારોનું દ્રષ્ટિબિંદુ પણ ઇન્કિલાબ માટે તેવું જ છે. જેનું વર્ણન અમે પ્રકરણ 12 માં કર્યું છે. તે જ પરિસ્થિતિ અને કારણોના કારણે આ લોકો પણ ઇન્કિલાબની જરૂરતને વાજિબ સમજતા હતા. તેઓ ઉમવી લશ્કરથી(બની ઉમય્યાના યઝીદના) પણ આ જ

કારણો માટે જરૂરી ટેકો લેવો ઇચ્છતા હતા. આ કારણોમાં ખાસ તો પ્રજા ઉપર અત્યાચાર, ગરીબો ઉપર અત્યાચાર, ગરીબોની મશ્કરી, બેઇઝ્ઝતી, વ્યાપક ભૂખમરો વગેરે મુદ્દા ઉપર ઇન્કિલાબ બરપા કરવા આ લોકો લશ્કરની પણ મદદ લેવા માંગતા હતા. તેમનું સમર્થન ઇચ્છતા હતા.

ઝાહિર ઇબ્ને કૈસ પોતાના ઘોડા ઉપર હથિયાર સજીને લશ્કરે ઉમવીના મુકાબલામાં આવ્યા અને આ ખુત્બો પઢ્યા.

અય કૂફાવાસીઓ! હું તમને અઝાબે ઇલાહીથી ખબરદાર કરૂં છું. ચેતવણી આપું છું. દરેક મુસલમાન માટે જરૂરી છે તે પોતાના મુસલમાન ભાઇને નસીહત આપતો રહે. આપણે આપસમાં ભાઇ ભાઇ છીએ. આપણે ત્યાં સુધી એક મિલ્લતના એક દીનના માનનારા છીએ. જ્યાં સુધી આપણી

વચ્ચે તલવારો નથી ચાલતી. હજી સુધી તમે શિખામણને લાયક છો અને જો આપણી વચ્ચે તલવારો આવી ગઇ તો બિરાદરીનો સંબંધ તૂટી જશે. પછી તો તમારો દીન અને અમારો દીન જુદો થઇ જશે.

ખુદાવંદે આલમે અમારી અને તમારી આલે રસૂલ દ્વારા કસોટી લીધી છે. ખુદા જુએ કે અમે અને તમે તેઓની સાથે કેવો વર્તાવ કરો છો. હાલ અમે તમને આમંત્રણ આપીએ છીએ કે તમે આલે રસૂલની મદદ કરો. દુશ્મને ખુદા અબ્દુલ્લાહ ઇબ્ને ઝિયાદની મદદ ન કરો. જો તે લોકોની હુકુમત જેટલી લાંબી ચાલશે. તમારૂં નુકસાન વધારે થશે. આ લોકો તમને અપંગ અને આંધળા કરી દેશે. તમારા હાથ પગ કાપી નાખશે. તમને કતલ કરી નાખ્યા પછી તમારી લાશોના હાથ, કાન, નાક પણ

આ લોકો કાપી નાખશે. ઘણાં જ નીચ લોકો છે. તમારી બુઝુર્ગ શખ્સીયતોને પણ, તમારા નેક-સાલેહ લોકોને પણ કતલ કરી નાખશે. જેવી રીતે કે આ બની ઉમય્યાએ હઝરત હુજર ઇબ્ને અદી(રઝિ.) અને હાની ઇબ્ને ઉરવહ(રઝિ.) જેવા નેક સહાબીઓને કતલ કરી નાખ્યા છે.

લશ્કરે યઝીદે “ઝહીર”ને ગાળો સાથે ઉત્તર આપ્યો ન કહેવાના શબ્દો કહ્યા. યઝીદ અને ઇબ્ને ઝિયાદની તારીફ કરવાનું શરૂ કર્યું. કહેવા લાગ્યા: ખુદાની કસમ! અમે અહીંથી એક કદમ પણ પાછા હટીશું નહિ જ્યાં સુધી તારા ઇમામ અને એમના સાથીઓને કતલ ન કરી દઇશું અથવા ઇમામને જીવતા પકડીને ઇબ્ને ઝિયાદ પાસે ન લઇ જઇએ.

## (14) ઇસ્લામી સમાજમાં ઇન્કિલાબે હુસૈન(અલ.) ની અસરો

કરબલાની કરૂણ ઘટનાએ ઇસ્લામી સમાજનો અંતરાત્મા જાગૃત કરી દીધો. ઇસ્લામી સમાજ ઉપર આ ઘટનાની ઊંડી અસરો જોવા મળી. ઇન્સાનો પોતાની સભ્યતા અને ઇઝ્ઝતનું રક્ષણ કરતાં શીખ્યા. જેહાદ અંગેનો જોશ જે તે સમયે મૃતપાય જેવો થઇ ગયો હતો. ફરીથી જાગૃત થયો. મૃતપાયઃ અંતરાત્માઓને ફરીથી જીવન મળ્યું. તેમના દીલોમાં જેહાદ માટેનો જોશ પેદા થયો. આઝાદીની ભાવના જાગૃત થઇ.

આ અગાઉ અમે ઉમવી હુકુમતના વિરૂદ્ધ ઇન્કિલાબે હુસૈન(અલ.)ના વિવિધ પાસાઓ ઉપર ચર્ચા કરી છે. વળી અમે આ પણ જણાવી ચૂક્યા છીએ કે ઇન્કિલાબે હુસૈન(અલ.)ને જે જે વ્યક્તિગત

અને સામૂહિક પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો. આ બાબતની ચર્ચા પણ કરી છે. વળી અમે ઇન્કિલાબના કારણો અને હેતુઓ ઉપર પણ જરૂરી પ્રકાશ નાખી ચૂક્યા છીએ. પરંતુ વાકેયએ કરબલા ઉપર અમે કોઇ વાત કરી નથી. કારણ કે અમે કહી ચૂક્યા છીએ કે વાકેયએ કરબલા અમારી આ નાની કિતાબનો વિષય નથી.

કેટલાક નાલાયક લોકો ઇન્કિલાબે હુસૈન(અલ.)ને મુલકગીરી માટેની ચળવળ જણાવી તેનું મહત્વ ઘટાડવા માંગે છે. અહીં અમારો મુદ્દો ફક્ત ઇમામનો આ રૂહાની ઇન્કિલાબ શા માટે હતો? ઇમામ હુસૈન(અલ.)નો ઇન્કિલાબ પગથી માથા સુધી રૂહાની ઇન્કિલાબ હતો.

ઇન્કિલાબે હુસૈન(અલ.)ની જીત કે હારનું માપદંડ શું હતું? આ ઇન્કિલાબ જે સમાજમાંથી

ઊઠ્યો હતો તેને સુધારવામાં સફળ રહ્યો? શું ઇન્કિલાબીઓની જીત થઇ? શું તેઓ પોતાના દુશ્મનોને નાબુદ કરી શક્યા?

આ તે પ્રશ્નો છે જે પ્રશ્નો દુનિયામાં આવનાર દરેક ઇન્કિલાબના અભ્યાસીઓ ઉઠાવે છે. દરેક ઇન્કિલાબની હારકે જીતનો ફેસલો કેટલીક પ્રમાણિત, વિશ્વાસપાત્ર અને આધારભૂત વાતોમાં છૂપાયેલો છે. જે ઉપરોક્ત પ્રશ્નો ઉત્તરો તરીકે જણાવવામાં આવે છે. તો શું ઇમામ હુસૈન(અલ.)નો ઇન્કિલાબ કામ્યાબ રહ્યો? અથવા વિશ્વના પરાજિત ઇન્કિલાબોની જેમ જે એક થોડા સમય માટે ભડકી ઊઠ્યો પછી ખામોશ થઇ ગયો.

શક્ય છે કે કોઇક કહી દે કે આ ઇન્કિલાબ નિષ્ફળ રહ્યો છે. કોઇ રાજકીય ફતેહ પ્રાપ્ત થઇ નથી. તે સમયના સમાજ તાત્કાલિક કોઇ ખાસ

ફેરફાર પણ થયો નથી. જેઓ ભૌતિકવાદી પદ્ધતિથી વિચારે છે. તેઓ તો કદાચ એમ કહી દે. ખુલ્લી દ્રષ્ટિ રાખીને બારીકાઇથી જો આ ઇન્કિલાબનો અભ્યાસ કરવામાં આવે તો સમજાશે કે આ એક રૂહાની ઇન્કિલાબ હતો. અલ્લાહ કયામત સુધી એની અસરોને બાકી રાખનાર હતો. બલકે આ ઇન્કિલાબ સેંકડો વર્ષ પછી પણ વિશ્વના ખૂણે ખૂણે બાકી રહેવાનો હતો. દેશ વિદેશમાં બાકી રહેવાનો હતો. રેગિસ્તાનોમાં, ઝુંપડીઓમાં બાકી રહેવાનો હતો. કરોડો રૂપિયા કિંમતની કોઠીઓમાં, મહેલોમાં બાકી રહેવાનો હતો. ગલીઓ કુંચીઓમાંથી આજે પણ "યા હુસૈન" "યા હુસૈન"ની આવાજો બુલંદ થાય છે. એટલું જ નહિ. ચાલીસ ચાલીસ દિવસો સુધી લગાતાર ઇમાન અને ઇસ્લામની મજાલિસો થાય છે. ગામે ગામ અને શહેરે શહેર અલ્લાહના

કલામની વાતો, નબી(સલ.) અને આપની મઝલૂમ બેટીની વાતો, અઇમ્માએ અતહાર 12 ઇમામોની વાતો ઝાકિરો પઢે છે. કરોડોની સંખ્યામાં લોકો વિશ્વના બધા જ ઝાલિમો ઉપર સામાન્ય રીતે અને દુશ્મને ખુદા વ રસૂલ(સલ.) યઝીદ ઉપર ખાસ રીતે લઅનત મોકલે છે. આજે પણ અલહમ્દોલિલ્લાહ ઇન્કિલાબે હુસૈન(અલ.) એટલો જ જીવંત છે.

બલકે ખુદાએ પાકની કસમ! વિશ્વનો કોઇ પણ ઇન્કિલાબ આટલી ઊંડી અસરો નથી છોડી ગયો, જેટલી ઊંડી અસરો ઇન્કિલાબે હુસૈન(અલ.)ની છે. ઇન્કિલાબે હુસૈન(અલ.)ની અસરો આજે ચૌદસો વર્ષ પછી સજીવન છે.

આ એક રૂહાની ઇન્કિલાબ હતો, જે પોતાના જિસ્મ અને રૂહ બંને સાથે આજે પણ ફક્ત કોઇ ગામ

કે શહેરમાં નહિ. બલકે વિશ્વના દરેક શહેર દરેક ગામ અને જંગલો, રેગિસ્તાનો, રણ વિસ્તારો, દરિયાઇ દ્રિપો બધે જ ઇમામ હુસૈન(અલ.)ની અને આપના અહલેબયતની યાદો તાજી છે. એવી તાજી છે કે આ ઇન્કિલાબને હજી એકાદ વર્ષ થયું હશે.

**(અ) ઇન્કિલાબે ઇમામનો ધ્યેય દીને મોહંમદીને જીવંત રાખવાનો હતો**

ઇમામ હુસૈન(અલ.) પોતાના ધ્યેયમાં પુરેપૂરા સંપૂર્ણ કામ્યાબ રહ્યા છે. આ ઇન્કિલાબ ફક્ત રૂહાની રીતે કે વૈચારિક રીતે જીનવ નથી બલકે એના રીતિરિવાજો, એની પદ્ધતિ, એના કાર્યો સાથે જીવતો છે, એના અલમો જીવતા છે, એની તલવારો, ચાંદ તારા જીવતા છે, એના રૂસુમાત જીવતા છે. યા હુસૈન, યા હુસૈનના નારા જીવતા છે.

ઇમામ હુસૈન(અલ.)ના ઇન્કિલાબે વિશ્વની બધી જ કચડાયેલી દુ:ખી પ્રજાઓને માર્ગદર્શન પૂરૂં પાડ્યું છે. તમામ વિશ્વની કોમોએ આ ઇન્કિલાબથી બોધપાઠ લીધો છે. ઇરાનનો ઇસ્લામી ઇન્કિલાબ એ કરબલાના ઇન્કિલાબને જ આભારી છે.

**(બ) ઇમામને ખબર હતી**

હઝરત ઇમામ હુસૈન(અલ.)ને ખબર હતી કે પોતાની સાથે કેવો વર્તાવ થશે. તેથી જ અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબેરે આપને મક્કામાં ઇન્કિલાબ અંગેની જાહેરાત કરવા વિનંતી કરી તો આપે ઇબ્ને ઝુબેરને ફરમાવ્યું:

ખુદાની કસમ! જો હું જમીનના ભોંયતળિયે પનાહ લઇશ. તેઓ મને ત્યાંથી પણ શોધી કાઢશે. તેઓ પોતાનો મકસદ પૂર્ણ કરશે જ.

ખુદાની કસમ! તેઓ મારી સાથે તે જ વર્તાવ કરશે. જે યહુદે હપ્તાના (શનિવારના) દિવસે કર્યો હતો.

(જુઓ તારીખે તબરી જિલ્દ-4 પેજ નં. 279, 296
તારીખે કામિલ ઇબ્ને અષીર જિલ્દ-3 પેજ નં. 275, 276,
અલ અખ્બારૂત્તવ્વાબ પેજ નં. 223)

**આપે બીજા એક વખત ફરમાવ્યું:**

"ખુદાની કસમ! આ લોકો મને કતલ કર્યા વગર છોડશે નહિ. અને જ્યારે તેઓ એમ કરી ચૂકશે તો ખુદા એમના ઉપર એવા લોકોને પ્રભુત્વશાળી બનાવી દેશે, જેઓ એમને બેઇઝ્ઝત કરી દેશે.

**(જુઓ હવાલો ઉપર મુજબ)**

ઇમામ હુસૈન(અલ.)ને કેટલાકે ભલી વાત કે નસીહત કરતાં જે કંઇ કહ્યું તે બધાંનો મત એક જ હતો "આપ આ ઇન્કિલાબમાં એકદમ ઝડપી

પરિણામ સુધી પહોંચી શકો નહિ. કારણ કે લશ્કરી શક્તિ અને આર્થિક શક્તિ દુશ્મનો પાસે ખુબ જ છે. લશ્કર અને અર્થતંત્ર બંને આપથી વિરૂદ્ધ છે. આ લોકો આપને મક્કામાં રોકાઇ રહેવાનો અથવા ઇરાક સિવાયના કોઇ દેશમાં ચાલ્યા જવાની સલાહ આપતા હતા.

"ઉમર બિન અબ્દુર્રેહમાન મખઝૂમી, અબ્દુલ્લાહ બિન અબ્બાસ, અબ્દુલ્લાહ બિન ઉમર, મોહંમદ બિન હનફિયા, અને અબ્દુલ્લાહ બિન જઅફર વગેરે માણસો આ સૂચના આપનારા ગણાય છે. જેઓએ ઇમામને ઉપરોક્ત સૂચન કર્યું. પરંતુ ઇમામ હુસૈન(અલ.)એ આ લોકોમાંથી કોઇના પણ દ્રષ્ટિબિંદુને-વિચારને પસંદ ન કર્યો. આપે અબ્દુર્રેહમાન બિન હર્ષની સૂચના ઉપર ફરમાવ્યું:

અય મારા ભાઇ (કાકાના દીકરા) ખુદા તને ભલાઇનો બદલો આપે. મને ખબર છે કે આપે મને નિખાલસ મશ્વિરો આપ્યો છે. અક્કલવાળી વાતો કરી છે. પરંતુ જે ખુદા ચાહે છે તે જ બને છે. ભલે પછી હું તમારા મત ઉપર અમલ કરૂં કે ન કરૂં. આપ મારી દ્રષ્ટિમાં બેહતરીન મશવેરો આપનાર અને મારી ભલાઇ ચાહનાર છો.

**અબ્દુલ્લાહ બિન અબ્બાસને ફરમાવ્યું:**

અય મારા ભાઇ(કાકાના દીકરા) મને ખબર છે આપ લાગણી સાથે સલાહ આપી રહ્યા છો. પરંતુ મેં જવાનો ફેંસલો કરી લીધો છે.

એક બીજી વખત ઇબ્ને અબ્બાસને ફરમાવ્યું:

કોઇ અન્ય જગ્યાએ કતલ થવું તેના કરતાં બેહતર છે કે મારા કારણે કાબાની માન મર્યાદા અને શાન ઉપર કોઇ આંચ ન આવે.

અને અબ્દુલ્લાહ બિન ઉમરે આપને યઝીદની સાથે સુલેહ કરવાનો મશવેરો આપ્યો ત્યારે આપે ફરમાવ્યું:

શું તને ખબર નથી દુનિયા ધોકાની વસ્તુ છે. દુનિયાનો કોઇ વિશ્વાસ નથી. તેની એક નિશાની આ છે કે હઝરત યહ્યા(અલ.)નું માથું મુબારક બની ઇસરાઇલના એક વ્યભિચારીને ભેટ તરીકે આપ્યું. ખુદાનો ખોફ કર. મને આવી નસીહત ન કર.

**(હવાલો ઉપર મુજબ)**

ફરઝદક શાયરથી જ્યારે ઇમામ હુસૈન(અલ.)ની મુલાકાત થઇ. ઇમામ મક્કાથી

કરબલા તરફ જતા હતા. રસ્તામાં ફરઝદકથી મુલાકાત પર ફરઝદકે આપને કહ્યું:

અય ફરઝંદે રસૂલ! લોકોના દીલ તો આપની સાથે છે પરંતુ તલવારો આપની વિરૂદ્ધ છે.

**ત્યારે ઇમામે ફરમાવ્યું:**

તેં સાચું કહ્યું પરંતુ દરેક વસ્તુ અલ્લાહના હાથમાં છે. જે ચાહે તે કરે મારો રબ દરરોજ એક તકદીર બનાવે છે. જો તકદીરે ઇલાહી અમારા ધ્યેય મુજબની રહી તો અમે શુક્રગુઝાર રહીશું. વળી તેનો શુક્ર અદા કરવા માટે તેનાથી જ મદદ માંગીશું. પરંતુ જો તકદીરે ઇલાહી અમારી અને અમારા ધ્યેયની વચ્ચે અવરોધરૂપ બની ગઇ તો અમારી ઇચ્છાઓ પૂર્ણ થશે નહિ. તો જેમની નિય્યત સત્ય પર આધારિત છે. જેમણે તકવો અને પરહેઝગારીને અપનાવ્યાં છે. તેમને તે વાતોની કોઇ પરવા નથી.

(જુઓ તારીખે તબરી ભાગ-4 પેજ નં. 290, અલ કામિલ ભાગ-3 પેજ નં. 276)

મદીનાનો હાકેમ ઉમર બિન સઇદ બિન આસે ઇમામની સેવામાં એક પત્ર લખ્યો. જેમાં તેણે આપને અમાન(રક્ષણ) દેવાનો તથા આપની ઇઝ્ઝત અને એહતેરામ બાકી રાખવાનો વાયદો કર્યો. આ પત્ર તેણે પોતાના ભાઇ યહ્યા બિન સઇદ અને અબ્દુલ્લાહ બિન જઅફરના હાથે આપની પાસે મોકલ્યો. આ લોકોએ ઇમામને સમજાવવાની ઘણી કોશિશ કરી કે આપ પાછા ફરી જાય. પરંતુ આપે પાછા ફરવાથી ઇન્કાર કર્યો અને ફરમાવ્યું:

મેં આ જિંદગીથી હાથ ઊઠાવ્યી લીધા છે અને ખુદાના હુકમોને લાગુ કરવાનો પાકો ઇરાદો કરી ચૂક્યો છે.

ઇરાકમાં જતાં જ્યાં પણ આપ કોઇ મંઝિલ ઉપર ઊતરતા આપને કોઇ ન કોઇ નસીહત કરતાં કહેતા કે “હુઝુર આપ ઇરાક ન જાઓ” તેઓ ઇરાકીઓની નમકહરામી અને વિશ્વાસઘાતનું વર્ણન કરતા.

હઝરત મુસ્લિમ બિન અકીલ અને હાનિ બિન ઉરવહની શહાદતની ખબર આવી ગઇ, ત્યારે આપ સોઅલબિયામાં પહોંચી ચૂક્યા હતા. કેટલાક સાથીઓએ આપને ત્યાંથી પાછા ફરવા માટે જણાવ્યું. પરંતુ આપે સ્પષ્ટ ઇન્કાર ફરમાવ્યો. જ્યારે આપ ઝબાલા નામી જગ્યાએ પહોંચ્યા ત્યાં આપના દૂધ ભાઇ અબ્દુલ્લાહ બિન યકતરની શહાદતની ખબર આપને પહોંચી. ત્યારે આપે પોતાના અસહાબને આ ખુત્બો ઇરશાદ ફરમાવ્યો.

મને અક દર્દનાક ખબર મળી છે કે મુસ્લિમ બિન અકીલ, હાની બિન ઉરવહ અને અબ્દુલ્લાહ બિન યકતર શહીદ કરી દેવામાં આવ્યા છે અને અમારા માનવાવાળાઓએ અમારી મદદ ન કરી. હવે તમારામાંથી જે પાછો વળવા ઇચ્છે તે મારી દ્રષ્ટિમાં ઠપકાપાત્ર નથી. મેં તેમની ગરદનોમાંથી મારી બયઅત ઉઠાવી લીધી છે.

તે વખતે ઘણાંબધાં લોકો ઇમામને છોડીને ડાબી જમણી બાજુ ચાલ્યા ગયા. હવે ફક્ત તે જ અસહાબો(સાથીઓ) બાકી રહી ગયા હતા. જેઓ મદીનાથી આપની સાથે ચાલ્યા હતા. ઇમામ હુસૈન(અલ.)એ આમ એટલા માટે કહ્યું કે જે લોકો અમને છોડીને જવા ઇચ્છે તે રાતના અંધારામાં ચાલી જઇ શકે છે. આપ જાણતા હતા કે રસ્તામાંથી જે જે અરબો આપને સાથે જોડાયા હતા. રણમાં

રહેનારા આ બદ્દુઓ એમ સમજીને આપની સાથે થઇ ગયા હતા કે ઇમામ એવા ઇલાકાઓમાં જઇ રહ્યા છે. જ્યાં બધા જ આપના ફરમાંબરદારો(આજ્ઞાંકિતો) છે. આવી ગલતફહમીથી જોડાયેલ અરબ બદ્દુઓને સાચી વાતનું ભાન કરાવવું જરૂરી હતું. જેથી ઇમામે જણાવ્યું કે અમે ક્યાં જઇ રહ્યા છીએ અને કયા હેતુસર જઇ રહ્યા છીએ. ઇમામને ખબર હતી કે જો કરબલા પહોંચીને આ વાતની ખબર પડશે તો સિવાય જે લોકો જાન ન્યોછવર કરનારા છે બીજાઓ ત્યાંથી રફૂચક્કર થઇ જશે.

(જુઓ તારીખે તબરી જિલ્દ-4 પેજ નં. 301,
તારીખે કામિલ ભાગ-3 પેજ નં. 278)

હઝરત ઇમામ હુસૈન(અલ.)એ તે વ્યક્તિના મંતવ્યના ઉત્તરમાં જે આપને મશ્વિરો આપતો કે

વસ્તુસ્થિતિનું ચિત્ર આપ ઉપર સ્પષ્ટ થઇ ચૂક્યું છે. હવે આપ કોઇ રક્ષિત સ્થળે પાછા ચાલ્યા જાઓ. આપે ફરમાવ્યું:

વાત તો તમે સાચી કહી છે પરંતુ અલ્લાહના ઇરાદાને કોણ રોકી શકે છે.

(તારીખે તબરી અને તારીખે કામિલ ઉપર મુજબ)

## (15) બલિદાનનો એક ઉચ્ચોચ્ચ નમૂનો

ઉપરોક્ત ચર્ચા દરમ્યાન વાચકો આ વાત બખૂબી સમજી ચૂક્યા છે કે ઇમામ(અલ.) ઇન્કિલાબના પરિણામથી બરાબર વાકેફ હતા. જેથી આમ કહેવું કદાપિ જાઇઝ નથી કે ઇમામ હુસૈન(અલ.)નો ધ્યેય હુકુમત ઉપર કબજો કરવાનો હતો. ઇમામ હુસૈન(અલ.)ના હુકુમતની વિરૂદ્ધ ઊભા થવાનો હેતુ કોઇ તે સમયના પુરતી સફળતા ન હતો. ઇમામે પોતાના સેંકડો વક્તવ્યોમાંથી કોઇ એક વક્તવ્યમાં પણ એમ નથી ફરમાવ્યું કે હું હાકેમ બની જવાનો છું. કોઇએ શક કરવાની જરૂર નથી. કોઇ એક નાનું વાક્ય પણ ઇમામનું આ પ્રકારનું જોવા નહીં મળે. અહીં તો અમે ખુત્બાત જે મક્કાથી કરબલા સુધીમાં આપે ફરમાવ્યા તેમાંથી બે ચાર નમૂનારૂપ દર્શાવ્યા છે. જેમાં ઇમામ પોતાની

શહાદતની ખબર આપે છે. ઝાલિમ છે તે મુસલમાનો જે ઇમામના ઇન્કિલાબને રાજકારણની દ્રષ્ટિથી જુએ છે. હું આગળ લખી ચૂક્યો છું કે ઇમામનો ઇન્કિલાબ એક રૂહાની ઇન્કિલાબ હતો. સત્તાલાલસા સાથે તેને જરાયે સંબંધ ન હતો. ઇમામ હુસૈન(અલ.) જેવી મહાન હસ્તીની સત્તાલાલસાને જોડવી મહાપાપ છે. ખુદા આવા મુસલમાનોને કદી માફ નહીં કરે. જેઓ હંમેશા ઝાલિમોના મદદગાર રહ્યા છે.

અલબત્ત આ વાત ઇન્સાનને ઘણી જ આશ્ર્ચર્યજનક લાગે કે આ વાત કેવી રીતે શક્ય છે કે ઇમામ પોતાના નેકદિલ સાથીઓ સાથે એહલેબયત ઘરવાળાંઓને લઇ સ્વયં મોત સાથે ટકરાય. બલકે ખુશી ખુશી શહાદતનો જામ પીએ. વળી આ વાત પણ કેવી રીતે શક્ય છે કે પરાજય

નિશ્ચિત હોવા છતાં દુશ્મનનો મુકાબલો કરે? વળી પોતાની જાતને દુશ્મનને હવાલે કરી દે. મારી દ્રષ્ટિમાં ઉપરોક્ત પ્રશ્નો ચર્ચા કરવા જેવા છે.

તે સમયનો ઇસ્લામી સમાજ સંપૂર્ણ રીતે ભૌતિકવાદી, દુનિયાપરસ્ત, માલ પરસ્ત બની ચૂક્યો હતો. તે એક બહાદુરીપૂર્વકની કુરબાનીનો તલબગાર હતો. કોઇ બહાદુર એવી કુરબાની આપે કે જેના કારણે સમાજમાં જાગૃતિ આવે. આવી કુરબાની તો કોણ આપે? નબી કે ઇમામ જ આપી શકે, વસી તે પણ શેરે ખુદાનો બહાદુર બેટો જ આપી શકે. તો જનાબ અલી(અલ.)ના બેટા જનાબ હુસૈન(અલ.)એ આ કુરબાની આપી અને ઇસ્લામના તે સમાજમાં જેમનામાં જિહાદનો જોશ મૃતપાય થઇ ગયો હતો. તેમાં નવી રૂહ ફૂંકી દીધી.

તે સમયના સમાજમાં લોકો સમાજને સુધારવા માટે કોઇ અમલી કદમ ઉઠાવતાં એટલા માટે ગભરાતા હતા કે એમને કોઇ કુરબાની ન દેવી પડે. અને એમના દુન્યવી ફાયદાઓ એમના કેટલાક દિવસનો પગાર બંધ ન થઇ જાય આ ફક્ત મોટા માણસોની આદત ન હતી બલકે સામાન્ય ગરીબ માણસો પણ આવા જ બુઝદિલ બની ગયા હતા.

જ્યારે ઇબ્ને ઝિયાદે ઇમામના સંદેશવાહક મુસ્લિમ બિન અકીલની ધરપકડ કરી ત્યારે ઇરાકવાળા પોતાના સગાંવહાલાઓને મુકાબલો કરવાથી રોકતા હતા. તેઓ પોતાના પતિ, પુત્ર, ભાઇ કે બાપના હાથ પકડીને તેમને જેહાદના મેદાનમાંથી પાછા લઇ જતા હતા.

જે લોકોએ ઇમામ હુસૈન(અલ.) ને કહ્યું કે લોકોના દિલો આપની સાથે છે. પરંતુ તલવારો

આપની વિરૂદ્ધ છે. તેમણે ઘણું જ સાચું પૃથ્થકરણ કર્યું ગણાય. કારણ કે ખરેખર લોકો દીલથી ઇમામને ચાહતા હતા. અને તેઓ અર્વાચીન સમાજને સુધારવા માંગતા હતા. પરંતુ જ્યારે તેમણે જોયું કે આ ધ્યેયને પામવા માટે કુરબાની દેવી પડે, વળી જાનથી પણ હાથ ધોવા પડે, ત્યારે તેઓ પાછા હટી ગયા. પોતાની તલવારો દુશ્મનોના હવાલે કરી દીધી. જ્યાંથી જંગ લડવા માટે તેઓને મહેનતાણું મળતું હતું. જો કે ઇમામ(અલ.) સ્વયં પોતે તેઓને આઝાદ કરવા માટે તેમની ઇચ્છા મુજબ આવ્યા હતા.

ઇબ્ને ઝિયાદને જ્યારે યકીન થઇ ગયું કે ઇમામ હુસૈન(અલ.) પોતાના ઇરાદા ઉપર મજબુત છે તો તેણે લોકોને મસ્જિદે કૂફામાં એકત્રિત કર્યા. તેમાં યઝીદ અને તેના બાપની જુઠી તારીફ કરી,

પછી તેમના પગારો ડબલ કરી દીધાનું એલાન કર્યું. ત્યાર પછી તેણે ઇમામ હુસૈન(અલ.)ની સાથે જંગનું એલાન કર્યું સામાન્ય લોકોની બહુમતિનો આવો બુઝદિલી ભર્યો હાલ હતો.

વ્યક્તિ વિશેષ વિષયમાં આપણે અગ્રેસરોનો હાલ આગળ વાંચી ચૂક્યા છીએ. એક દૃષ્ટાંત સમજીએ. બની ઉમય્યાના લશ્કરનો સેનાપતિ "ઉમર બિન સઅદ" હતો તેને ઇબ્ને ઝિયાદના દ્વારા યઝીદનો હુકમ મળ્યો કે તું બે કામમાંથી એક કામ માટે તૈયાર થઇ જા. તે "રય" શહેરનો અને તેની આસપાસના મોટા ગામડા વિસ્તારનો ગવર્નર હતો. તેના દિલમાં ઇમામ સાથે લડવામાં શકનો કીડો સળવળતો હતો. તેને હુકમ મળ્યો કે ઇમામ સાથે લડવા માટે જલ્દીથી લશ્કર

સાથે રવાના થા અથવા “રય” ના ગવર્નરપદેથી અલગ થઇ જા. તે જંગ કરવા તૈયાર થઇ ગયો. (જુઓ તારીખે તબરી જિલ્દ-4 પેજ નં. 1309 અને 1310)

હઝરત ઇમામ હુસૈન(અલ.)એ ઇબ્ને સઅદને ફરમાવ્યું:

અય ઇબ્ને સઅદ! તારી ઉપર અફસોસ છે. શું તને ખુદાનો ખોફ નથી? તુ મારી સાથે લડવા આવ્યો છે? તને ખબર છે કે હું કોનો બેટો છું? તે કોમને છોડી દે અને મારા તરફ આવી જા. જેથી તું ખુદાની નજીક પહોંચી જાય.

ઇબ્ને સઅદ જવાબમાં કહ્યું: મને ડર છે કે આ લોકો મારા ઘરને તબાહ-બરબાદ કરી દેશે.

ઇમામ હુસૈન(અલ.) : હું તને ઘર બનાવી આપીશ.

ઇબ્ને સઅદ : મારી મિલકત ઉપર આ લોકો કબજો કરી લેશે.

ઇમામ હુસૈન(અલ.) : હિજાઝમાં (મક્કા અને મદીનામાં) મારી પાસે જે કંઇ માલ દૌલત છે તેમાંથી હું તને આપીશ.

ઇબ્ને સઅદ : હું મારા બીબી-બચ્ચાંની બાબતમાં ડરૂં છું. આ લોકો તેમને હલાક રકી દેશે.

અહીંથી ઇમામ(અલ.) ઉપર આ વાત સ્પષ્ટ થઇ કે ઇબ્ને સઅદનું દીલ-અંતરાત્મા મૃતપાય થઇ ગયો છે. જે વ્યક્તિ પોતાના સમાજને સુધારવાનું નથી ઇચ્છતો જેના દીલમાં ઇન્સાનિયતની કોઇ કિંમત નથી.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું:

ખુદા કરે તારૂં માથું સૂવાની પથારી ઉપર જ કપાઇ જાય, અને રોઝે મેહશર (કયામતના દિવસે) તારા ગુનાની માફી ન મળે. મને ઉમ્મીદ છે કે તું ઇરાકના ઘઉં વધારે નહીં ખાઇ શકે.

ઇબ્ને સઅદે વ્યંગમાં કહ્યું "ઘઉં નહીં તો જવ સહી" વિચારો ખૂબ વિચારો. ઇમામ હુસૈન(અલ.)ના જમાનાનો ઇસ્લામી સમાજ આવો હતો. બીમાર સમાજ. જેના લોકો થોડીક દુન્યવી દૌલતના બદલામાં ઝુલમની સામે વેચાઇ જતા હતા. ઝલીલ અને બેઇઝ્ઝત સમાજ જેને પોતાની બેઇઝ્ઝતીનો પણ એહસાસ ન હતો.

આવા સમાજમાં ઇન્કિલાબની રૂહ ફૂંકવા, આવા મૃતપાય સમાજને જાગૃત કરવા, આવી જ એક સર્વશ્રેષ્ઠ ઉચ્ચોચ્ચ કુરબાનીની જરૂરત હતી. રસૂલે ખુદાના લોહીથી વધુ ઉચ્ચ લોહી કોનું હોઇ શકે? ફરઝંદે રસૂલ(સલ.) ઇમામ હુસૈન(અલ.) અને આપના એહલેબયતથી વધુ કીમતી લોહી કોનું હોઇ શકે? આપની કુરબાનીની કોઇ જોડ ન બની શકે.

હઝરત ઇમામ હુસૈન(અલ.)ની પાસે ન એટલી દૌલત હતી કે બની ઉમય્યાનો મુકાબલો કરી શકે. આપ માસુમ હતા. ઉસૂલે ઇસ્લામના વિરૂદ્ધ જંગ કરવાની તો વાત જ જુદી છે. આ બાબતનો ખ્યાલ પણ આપના મગજમાં ન ગુજરે કે અન્ય શાસકોની જેમ ઇન્સાનોને ડરાવી-ધમકાવી પોતાના ફેવરમાં કરે. આવા જાહિલ અને અત્યાચારી સમાજમાં જોર ઝુલમ અને લાલચ રિશ્વત દ્વારા જ જંગ કરવામાં આવે છે. ત્યાં લશ્કરી ફતેહ મેળવવી તો હઝરત માટે શક્ય ન હતી. આપ જે કાર્ય કરી શકતા હતા તે આપે કરી દીધું. જેથી સંપૂર્ણ સમાજને તેની ઊંડાઇ સુધી ધ્રુજાવી મૂક્યો. આ જાહિલ સમાજ ઉપર એવી અસર છોડી કે તેઓનો અંતરાત્મા કાંપી ઊઠ્યો.

જ્યારે આપણે તે શહીદો ઉપર દ્રષ્ટિપાત કરીએ જેઓ કરબલામાં આપની સાથે હતા તો ખબર પડે છે કે તેમાં અરબસ્તાનના મોટા મોટા કબીલાઓના લોકો હતા. એવા તો ઘણાં જ ઓછા કબીલા છે જેમના એક કે બે આદમી ઇમામ(અલ.)ની સાથે શહીદ ન થયા હોય.

અમે એટલો દાવો તો જરૂર કરી શકીએ છીએ ઇન્કિલાબે હુસૈન(અલ.)એ નેક માણસોના અંતરાત્માને જાગૃત કરી દીધો. ઇઝ્ઝત, શરાફત અને મઝહબના માટે ઊભા થવું જોઇએ. આ પ્રકારની રૂહ સમાજમાં ફૂંકાઇ પોતાના નબીના નવાસાને તે પણ એકના એક નવાસાના તેમના કુટુંબ સહિત તેમના 72 સાથીઓ સાથે કતલ કરનાર મુસ્લિમ સમાજ ઉપર તે સમયનો બિન મુસ્લિમ સમાજ પણ વરસી પડ્યો. ઇસાઇયો,

યહુદીઓ અને મુશરિકોએ આ બાબતની સ્પષ્ટ ટીકા કરી. તે સમયના લેખકો અને શાયરોએ પણ લેખો લખ્યા, શએરો પઢી મુસ્લિમ સમાજ શરમથી ઝુકી ગયો.

બની ઉમય્યાએ પોતે ઘડેલા પોતાના મઝહબથી લોકો વાકેફ થઇ ગયા. તેની મઝહબી અસરો સમાજ પરથી હટી ગઇ. પોતાની ઝાલિમ હુકુમત ઉપર મઝહબનો રંગ ચઢાવીને વિશ્વની સમક્ષ રજૂ કરતા હતા. આ બધું જ કરબલા પછી ખતમ થઇ ગયું. રાજકારણીઓ ઉઘાડા પડી ગયા.

દરેક મુસ્લિમ અંતરાત્માની અંદર એહસાસે ગુનાહ ગુનાહનું ભાન પેદા કર્યું. મુસલમાનો જેઓ બુઝદિલ બની ગયા હતા. કરબલાથી તેમના અંદર જેહાદનો જોશ પેદા થયો. સમાજ સુધારણાની એક એવી લહેર શરૂ થઇ કે બની ઉમય્યાવાળાઓનો ચહેરો કરમાઇ ગયો.

## (16) ઇમામનો દરજ્જો (હોદ્દો) શું છે?

ઇમામ મિનજાનિબિલ્લાહ હોય છે. ઇમામ ઉપર સમાજની રેહબરી વાજીબ છે. અંબિયા, અવસિયા અને ઇમામો હંમેશા ઝાલિમ-અત્યાચારી બાદશાહો સાથે ટકરાયા છે. અલ્લાહે નિયુક્તિ કરેલા 12 ઇમામોમાંથી આપ ત્રીજા ક્રમે ઇમામ છે. આપની અવલાદમાંથી બીજા ૯(નવ) ઇમામ થયા છે. ઇમામોનો અલ્લાહની સમક્ષ દરજ્જો બની ઇસરાઇલના અંબિયાથી પણ ઉચ્ચ છે. પેગંબરે ઇસ્લામ હઝરત મોહંમદ(સલ.) સિવાય તમામ નબીઓ કરતા આ 12(બાર) ઇમામોનો દરજ્જો ઉચ્ચ છે. પેગંબરે ઇસ્લામ પછી નબુવ્વતના બદલારૂપ અલ્લાહે શરૂ કરેલી ઇમામતમાં પહેલા ઇમામ હઝરત અલી(અલ.) સૌથી વધુ અફઝલ છે.

ત્યારબાદ ક્રમવાર 11 ઇમામો અફઝલ છે. પછી બીજા અંબિયાઓનો દરજ્જો આવે છે.

તો યાદ રાખો

અલ્લાહ એક છે, યકતા છે.

હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ અલ્લાહના રસૂલ છે. આખરી રસૂલ છે. આપ ઉપર નબુવ્વતનો સિલસિલો ખતમ થઇ જાય છે અને ઇમામતનો સિલસિલો શરૂ થાય છે.

## પંજતન પાંચ છે.

મોહમંદ, અલી, ફાતેમા, હસન, હુસૈન અલયહેમુસ્સલામ

## ઇમામ બાર છે.

પહેલા ઇમામ હઝરત અલી(અલ.)

બીજા ઇમામ હઝરત હસન(અલ.)

ત્રીજા ઇમામ હઝરત હુસૈન(અલ.)

ચોથા ઇમામ હઝરત ઝયનુલ આબેદીન(અલ.)

પાંચમાં ઇમામ હઝરત મોહંમદ બાકિર(અલ.)

છઠ્ઠા ઇમામ હઝરત જાફરે સાદિક(અલ.)

સાતમા ઇમામ હઝરત મૂસા કાઝિમ(અલ.)

આઠમા ઇમામ હઝરત અલી રઝા(અલ.)

નવમા ઇમામ હઝરત મોહંમદ તકી(અલ.)

દસમા ઇમામ હઝરત અલી નકી(અલ.)

અગિયારમા ઇમામ હઝરત હસન અસ્કરી(અલ.)

બારમા ઇમામ હઝરત મેહદી આખેરૂઝ્ઝમાં(અલ.)

(પરદએ ગયબમાં હયાત છે.)

**માસૂમ 14 છે.**

પેગંબરે ઇસ્લામ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ અને જનાબે ફાતેમા સલામુલ્લાહે અલયહા સાથે ઉપરોક્ત 12 ઇમામોને ગણતા માસૂમની સંખ્યા 14 થાય છે.

## (17) હક એક અટલ સચ્ચાઇ

જો કોઇ જમાનામાં - કોઇ કોમમાં એક બાતિલ વિચારધારા ચાલી પડી, ગલત અકીદાઓ રિવાજ પામી ગયા, વળી આ બાતિલ અકીદાઓ એક દીન બનીને ઇન્સાની સમાજ ઉપર પ્રભુત્વશાળી બની ગયા, તો તે બાતિલ અકીદાઓની કામ્યાબી નથી, બલ્કે તે બદબખ્ત ખબીસતરીન ઇન્સાનોની ખબાસત છે જેમણે આ અસત્યને ફેલાવ્યું.

હકના માટે આ વાત આપણા દિમાગમાં સ્પષ્ટ હોવી જોઇએ કે હકની ઓળખ આ નથી કે, જીતે તો હક છે અને હારે તો બાતિલ. બલ્કે હક એક કાયમી અને અટલ સચ્ચાઇનું નામ છે. જેને દુનિયા માને કે ન માને, તે દરેક રીતે હક જ રહે છે.

હકના હક હોવાની આ શરત નથી કે દુનિયા તેને માની લે. દુનિયાનું માનવું ન માનવું હક અને બાતિલની કસોટી નથી. જો દુનિયા હકને નથી માનતી તો તે દુનિયાની નિષ્ફળતા છે. દુનિયાની અધોગતિ છે. હકની નિષ્ફળતા નથી. હક જીતીને પણ કામ્યાબ જ રહે અને હારીને પણ કામ્યાબ જ રહે છે. જેવી રીતે કે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અલ.)ની રસૂલે ઇસ્લામના આ દુનિયાથી પડદે થયા પછીની 25 વર્ષની જિંદગી જોઇ લો, પછી આપને જાહેરી ખિલાફત મળી ત્યાર બાદની આપની જિંદગીની જંગોનો પણ અભ્યાસ કરો, જમલ, સિફ્ફીન અને નહરવાનને જુઓ, કરબલાને જોઇ લો.

દુનિયાના અસ્તિત્વથી બે વિચારધારાઓ હંમેશા મોજૂદ રહી છે. હક અને બાતિલ. આ બંને

હંમેશા એકબીજા સાથે ટકરાતાં રહ્યાં છે. અલ્લાહવાળાઓની આ જવાબદારી રહી છે કે તેઓ નિરંતર બાતિલને પડકારતા રહે. પોતાની શક્તિ પ્રમાણે જદ્દોજહદ કરતા રહે. શુદ્ધ નિય્યતથી હકને ગાલિબ કરવા પોતાની દિમાગી શક્તિઓનો ઉપયોગ કરી, બાતિલને પછાડવાની કોશિશમાં લાગેલા રહે. ફેંસલો અલ્લાહ ઉપર છોડી દે.

## (18) ઇન્સાનોની બહુમતિ હંમેશા અલ્લાહની નાફરમાન અને ગૂમરાહ રહી છે.

કેટલાક જાહિલો પોતાની બહુમતિ ઉપર ઇતરાતા હોય છે. આ ઘણી જ બેવકૂફીભરી વાત છે. કરબલામાં હક હઝરત ઇમામ હુસૈન(અલ.)ના પક્ષમાં હતું. યઝીદ લાનતુલ્લાહ કાફિર હતો. યઝીદના પક્ષમાં લાખો ઇન્સાનો હતા. હજારોથી વધુ તો તેનું સૈન્ય હતું. ઇન્સાનોની બહુમતિ હંમેશા અસત્યના પક્ષે રહી છે. લઘુમતિ હક ઉપર રહી છે. શુક્ર કરનારા થોડા હોય છે. વિશ્વમાં ફાસિકોની સંખ્યા હંમેશા વધારે રહી છે. એ જ રીતે ઇલ્મ વગરના જાહિલોની પણ વિશ્વમાં હંમેશા બહુમતિ રહી છે. વિશ્વમાં અલ્લાહની આયાત પ્રત્યે બેદરકારી બતાવનારાઓની સંખ્યા પણ વધુ રહી છે. એ જ

રીતે વિશ્વમાં બેઇમાનોની સંખ્યા હંમેશા વધુ રહી છે. જુઓ અલ્લાહના ઇરશાદો આ બાબત શું કહે છે,

(1) મારા બંદાઓમાં શુક્ર કરવાવાળા ઘણા જ થોડા છે. (સૂ. સબા આ. 13)

(2) ઇન્સાનોમાં ઘણા વધારે ફાસિક છે. (ફાસિક- ખુલ્લા ગુનેગાર બીજાઓને હેરાન કરનાર, દાદાગીરી કરનારા) (સૂ. માએદહ આ. 49)

(3) એમનામાં ઘણાંબધા ફાસિક છે. (સૂ. હદીદ આ. 16, 26, 27)

(4) પરંતુ ઘણાં ઇન્સાનો શુક્ર કરતા નથી. (સૂ. બકરહ આ. 243)

(5) પરંતુ ઘણાં લોકો ઇલ્મ વગરના છે. (સૂ. અઅરાફ આ. 187)

(6) અને નિ:શંસય! ઘણાંબધા ઇન્સાનો અમારી આયાતથી બેદરકાર છે. (ગાફેલ છે)

(સૂ. યુનુસ આ. 92)

(7) પરંતુ ઘણાંબધા ઇન્સાનો ઇમાન લાવતા નથી. (મતલબ હકને હક સમજી-જાણી લીધા પછી કબૂલ કરતા નથી.) (સૂ. રઅદ આ. 1)

## (19) વિશ્વના મહાન નેતાઓના ઇમામ હુસૈન (અલ.) વિશે મંતવ્યો અનેરો ઉત્સાહ મળે છે.

“સત્યને સફળ બનાવવા માટે એને વળગી રહેનારના જાનની કુરબાની માંગે છે. હઝરત ઇમામ હુસૈનના જીવન પ્રસંગો હકીકતમાં દરેક માનવીએ મનન કરવા જોઇએ. હકીકતમાં એના પર મનન કરવાથી કંઇક અનેરો ઉત્સાહ મળે છે. સત્યરૂપે એમનું જીવન જાણે મારા માટે તો ચીંતામણીના રત્નરૂપ છે.”

ગાંધીજી

ઝુલ્ફિકાર(પાકિસ્તાન)

હિ.સ. 1395 મોહર્રમ અંક

**અકીદત પેશ કરૂં છું.**

“અજબ તો એ છે કે, ઇસ્લામી દુનિયાના તખ્તા પર કરબલાના એ સબકથી ભરપૂર

ગમખ્વાર બનાવની અસર સદીઓ પછી પણ આજ શાનદાર રીતે ચાલૂ રહી છે. અને એ અસરે વ્યક્તિગત રીતે અસંખ્યને પોતાના હમદર્દ બનાવ્યા છે. ખરેખર હઝરત ઇમામ હુસૈન(અલ.) હિંમત અને સાબિત કદમીના એક જબરદસ્ત યાદગાર છે. હું પણ તેમને અકીદતના ફૂલો પેશ કરૂં છું.

જવાહરલાલ નહેરૂ
ઝુલ્ફિકાર (પાકિસ્તાન)
હિ.સ. 1395 મોહર્રમ અંક

**અનેરી પ્રેરણા**

“કરબલાની શહાદતની દાસ્તાન માનવ ઇતિહાસનો એક એવો અનેરો બનાવ છે જે કદીએ ભૂલાશે નહીં. અને એની અસર કદી પણ ઓછી થશે

નહીં. બલ્કે વિશ્વભરના કરોડો સ્ત્રી, પુરૂષો અને બાળકો માટે અનેરી પ્રેરણા આપતું રહેશે. વિશ્વભરમાં આ યાદગાર દિન પૂરી ગંભીરતા સાથે મનાવાય છે જેમાં એકલા મુસલમાનો જ નહીં બલ્કે બિનમુસ્લિમો પણ ભાગ લે છે.”

ડૉક્ટર રાજેન્દ્રપ્રસાદ

ઝુલ્ફિકાર(પાકિસ્તાન)

હિ.સ. 1395 મોહર્રમ અંક

“બની ઉમય્યાની હુકૂમત ગેરશરીઅતી હુકૂમત હતી. જેના પાયા અત્યાચાર અને વ્યક્તિગતતા ઉપર મુકાયા હોય, તે ક્યારેય ઇસ્લામી હુકુમત નથી હોઇ શકતી. તેઓએ ઇસ્લામી આઝાદીના પ્રાણ અને લોકશાહીનું નિકંદન કાઢી નાખ્યું અને સલાહ-મશવેરા તથા ઉમ્મતની એકમતીની જગ્યાએ માત્ર જોર-ઝુલમ ઉપર

પોતાની વ્યક્તિગત હુકૂમતનો પાયો નાખ્યો. હઝરત સૈયદુશ્શોહદાએ પોતાની કુરબાનીનો આદર્શ રજૂ કરીને બની ઉમય્યાના અત્યાચાર વિરૂદ્ધની જેહાદનું બીજ રોપ્યું. જેમની હુકૂમતનો પાયો ઝુલ્મને પાપાચાર હતો. તેની તાબેદારી સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો.”

મૌલાના અબુલકલામ આઝાદ [શહાદતે હુસૈન(અલ.)]
“આપની દુનિયા” 23-6-1961, 9મી મોહર્રમ 1381 માંથી

“આપણા ઇતિહાસકારોએ આમ સમજ્યા વિચાર્યા વગર એ કોમના રીત-રવિાજોને એકદમ ઝનૂન અને ધર્માંધતા સાથે સરખાવવા ન જોઇએ. મારા મત પ્રમાણે મોહમ્મદી (ઇસ્લામી) કાયદાઓની રક્ષા મુસલમાનોની પ્રગતિ અને ઇસ્લામની ઉન્નતિ એ સૌ માત્ર હુસૈન(અલ.)ની શહાદતનું પરિણામ છે. એ બનાવે આ બધી વાતોને નવજીવન આપ્યું છે. એ જ રીતે રાજદારી

પ્રકરણોનું જ્ઞાન અને જાણ એટલે અત્યાચારો આગળ સર્વોત્તમ બક્ષિસ ગણાય છે. એ હુસૈન(અલ.)ની અઝાદારીના પ્રતાપે આ કોમના ખમીરમાં શામિલ છે. જ્યાં સુધી તેઓ આ રિવાજને ચાલુ રાખશે, ત્યાં સુધી તેઓ કદી પણ અત્યાચારની સામે માથું નમાવી, સત્યને હાથથી જવા દેશે નહીં. તેમ અવનીતિ તરફ દોડશે નહીં.”

ડૉ. મોરમેન [લંડન(જર્મની) વિખ્યાત ઇતિહાસકાર]

“જગતના મહાન સત્યાગ્રહી” માંથી

ઇમામ હસન અને ઇમામ હુસૈનના આત્મ બલિદાનની પ્રશસ્તિ

“ઇમામ હસન અને હુસૈને સત્યની ખાતર પોતાનો જીવ ખોયો.”

હુસૈન અને તેના સાથીઓને જે અન્યાય જણાયો તેને વશ થવાનું જ્યારે તેમને કહેવામાં

આવ્યું, ત્યારે તેમણે ઇન્કાર કર્યો. તે વેળા તેઓ જાણતા હતા કે તેમને ભાગે મરણ છે. જો તેઓ અન્યાયને વશ થાય તો તેમના પુરૂષાર્થને ઝાંખપ લાગે, તેઓ ધર્મહીન થાય. આ વેળા તેઓએ મરણ ભેટ સ્વીકારી.

ઇમામ હુસૈને પોતાને સારૂં પોતાના છોકરાં તથા ભત્રીજા સારૂં મરણની ભેટ અને તરસ સ્વીકાર્યાં, પણ તેઓ અન્યાયી શાસનને શરણે ન થયા. મારી માન્યતા છે કે "ઇસ્લામની ઉન્નતિ તલવારથી નથી થઇ, પણ ઇસ્લામના ફકીરોની આહુતિથી જ થઇ છે.

મહાત્મા ગાંધીજી (જગત માન્ય હ.ઇ.હુસૈનનું સંક્ષિપ્ત જીવન વૃત્તાંતમાંથી)

પ્રેમચંદ મુન્શી કહે છે ‘‘કરબલાનો મોરચો એ દુનિયાની તવારીખમાં પહેલી પોકાર છે અને કદાચ આખરી પણ, કે જે મઝલૂમોની સહાયતા માટે બુલંદ થઇ હતી. અને જેનો અવાજ આજે પણ જગતના વાતાવરણમાં ગુંજી રહ્યો છે હુસૈન(અલ.)ને ખિલાફતની મોહબ્બત કૂફામાં લઇ આવી ન હતી. તેઓ જંગ કરવાના ઇરાદે પણ આવ્યા ન હતા. જો એમને યુદ્ધ ખેલવું હોત તો તેઓ લશ્કર સાથે લઇને આવતે. ના... રાજ કરવાની લાલસા ન તો એમને હતી કે ન તે એમના ઉચ્ચ નફસને ડગમગાવી શકતી હતી. તેઓ કૂફીઓના આમંત્રણથી માત્ર ઇલાહી કાનૂનોની સહાયતા માટે આવ્યા હતા અને સમજી વિચારીને આવ્યા હતા.

આ મોરચાનું પરિણામ શું આવવાનું એ એમનાથી છાનું ન હતું. તેઓ બહુ સારી રીતે

જાણતા હતા કે કરબલાની ખાક આંધી બનીને ઉડશે. પરંતુ એ બુલંદ હિંમત-દર્દનો પોકાર સાંભળીને દિલ પર કાબૂ રાખી શકતી ન હતી. મુલ્કો ફતેહ કરવા માટે, આબરૂની રક્ષા માટે, પોતાના હકોનું સંરક્ષણ કરવા માટે, મોટા મોટા મોરચાઓ સર્જાયા છે. પરંતુ સિદ્ધાંતના પાલનને કદી આટલી મહાન કુરબાની નસીબ નથી થઇ.

અને એનો મોરચો કોણ કહેશે? આ તો કુરબાની અને સ્વાર્પણની એક ચિરંજીવી દાસ્તાન. એક બાજૂએ કુલ્લે માત્ર બોંતેર નેક વ્યક્તિઓ છે. જેમાં વધુ ભાગે ઘરડા, ઝઇફ હુસૈન(અલ.) અને એમના બાળકો અને બીમારો છે જ્યારે બીજી બાજુએ એક મોટું લશ્કર છે.

આ લશ્કર, તીડોનું ટોળું યુદ્ધના સરસામાનથી પૂરેપૂરૂં સુસજ્જ છે. હુસૈન(અલ.)ની

કુરબાનીને કારણે આ બનાવ અજોડ અને અદ્વિત્તીય છે, તો કદાચ હુસૈન(અલ.)ના વિરોધીઓની દગાબાજી, ફરેબ, જંગલિયત અને હેવાનિયતની બાબતમાં પણ એ બેનમુન છે.

આહ! કૂફાના ઝાલિમોએ દૌલત અને જાગીર ખાતર દરજ્જા અને મરતબા માટે એ ઉચ્ચ ચારિત્ર્યવાળા બુઝુર્ગ સાથે છેતરપિંડી કરી કે, જે એમની દર્દભરી ફરિયાદ સાંભળીને હથેલીમાં મસ્તક રાખીને આવી પહોંચ્યા હતા.

આજે ન તો એ સલ્તનત બાકી રહી ગઇ છે, ન તો એ દોલત બાકી રહી છે. ન તો એ રૂત્બાઓ બાકી છે, ન તો એ માનમરતબાઓ બાકી છે. કૂફાવાસીઓ તમારા હાડકાંઓ પણ ખાક બની ગયાં છે. પણ તમારા લલાટ પરથી કલંકનો ડાઘ ભૂસાયો નથી અને કયામત સુધી ભૂસાવાનો પણ નથી!

તમે આ કોની સાથે છેતરપિંડી કરી! હુસૈન(અલ.) સાથે જે તમારા નબી(સ.અ.વ.)ના નવાસા હતા, જે રાહબર હતા, દુનિયાની લાલચો જેમના હૈયાને સ્પર્શી પણ સકતી ન હતી.

તમે જાણો છો? કે તમારી આ દગાબાજીએ કેટલી ભવ્ય ક્રાંતિ સર્જાવી છે? એક મહાન ઇન્કિલાબને જન્મ આપ્યો છે.

મુન્શી પ્રેમચંદજી “વતન સાપ્તાહિક” માંથી વતન

તારીખ 7-3-71

મુન્શી પ્રેમચંદજી ઉર્દૂ અને હિંદી સાહિત્યના નામવર કલમકારે કરબલાના મઝલૂમ ઇમામ(અલ.)ને એક દિલપૂર્વકની અનોખી અંજલી પેશ કરી છે. એ અંજલીમાં મુનશીજીની કલાત્મક શૈલીનો પરિચય પણ છે અને હુસૈનિયતના મતવાલાઓ માટે એક દર્દ ભર્યો દિલાસો પણ છે.

એક વર્ગ પ્રથમ પુસ્તક દ્વારા યઝીદને “વલી” રૂપે રજૂ કરશે. અને પછી મોહર્રમના પ્રસંગોની વિરૂદ્ધ આવાઝો કરશે. અમારે આજથી આવા ફિત્નાનું મોજું કચડી નાખવું જોઇએ. આશ્ચર્યની વાત છે કે સેંકડો વર્ષોના દોરમાં કે જ્યારે દુનિયા મહાન સલ્તનતોની મારફત તેની તાકતો અને શક્તિઓ વેડફાઇ ગઇ કે એહલેબયત(અલ.)નું નામ-નિશાન સુદ્ધાં મિટાવી દેવામાં આવે પરંતુ તે હંમેશા અમર રહ્યું અને કરબલા તેની પહેલા અને પછીના ઇતિહાસમાં સુરક્ષિત રહ્યું છે.

**નોંધ** : “મુનાદિ” નામનું છાપું દિલ્હીથી પ્રગટ થતું હતું. લગભગ આ લેખ “મુનાદિ”ના તંત્રીનો હશે.

“મુનાદિ” (દિલ્હી) અપની દુનિયા માસિક 23-6-1961ના મોહર્રમ અંકમાંથી

“ઇમામ હુસૈનને અપની કુરબાનિયોં ઔર ઇસારસે દુનિયા પર યહ સાબિત કર દિયા કે દુનિયામેં હક્કો, સદાકત કો ઝિન્દા વ પાઇન્દા રખને કે લિયે હથિયારોં ઔર ફૌજોં કી બજાય જાનોં કી કુરબાની પેશ કરકે કામ્યાબી હાસિલ હો સકતી હૈ. ઉન્હોંને દુનિયા કે સામને એક બેમિસાલ નઝીર પેશ કી હૈ. આજ હમ ઉસ બહાદુર જાન ફિદા કરનેવાલે ઔર ઇન્સાનિયતકો ઝિંદા કરનેવાલે અઝીમુશ્શાન ઇન્સાન કી યાદગાર મનાતે હુવે અપને દિલોંમેં ફખ્રો મુબાહાત કા જઝબા મહસૂસ કરતે હૈં. ઇમામ હુસૈનને હમ કો બતા દિયા કે હક્કો સદાકત કે લિયે અપના સબકુછ કુરબાન કિયા જા સકતા હૈ.

સર રાધાકૃષ્ણન સાબિક સદરે જમ્હૂરિયે હિન્દ રાષ્ટ પ્રમુખ-હિન્દ

**સ્વામી શંકરાચાર્ય ફરમાતે હૈં**

“મૈંને ઇમામ હુસૈનસે બઢકર કોઇ શહીદ ન દેખા ઔર ઇમામ હુસૈનકી શહાદત કી અસરસે ઝયાદા કિસી શહીદકી કુરબાનીકા અસર ન હુવા.”

**હિન્દી ભાષા કે મહાન લેખક પ્રેમચંદ કી રાય**

“મારેકએ કરબલા દુનિયા કી તારીખમેં પહેલી આવાઝ હૈ ઔર શાયદ આખરી ભી, જો મઝલૂમોં કી હિમાયત મેં બુલંદ હુઇ ઔર જિસકી સદા આજતક ફિઝાએ આલમમેં ગૂંજ રહી હૈ.”

(ખ્) બુલબુલે હિન્દ મિસિસ સરોજીની નાયડુને તકરીર કરતે હુએ કહા કે “હઝરત ઇમામ હુસૈનને આજસે 1300 સાલ કબ્લ દુનિયાકે સામને જો પૈગામ ઔર ઉસૂલ પેશ કિયા થા, વોહ ઇતના બેનઝીર ઔર મુકમ્મલ થા કે આજ હમ ઉસકી યાદગાર મના રહે હૈં. મેરે પાસ કોઇ ઐસે અલફાઝ

નહીં ઔર ન દુનિયાકી કોઇ ઐસી ફસીહ વ બલીગ ઝબાન હૈ કે જિસકે ઝરીયે મૈં ઉન જઝબાતે અકીદત કો બયાન કર સકું, જો ઉસ શહીદે આઝમકે લિયે મેરે દિલમેં હૈં. હઝરત ઇમામ હુસૈન સિર્ફ મુસલમાનોંકે નહીં બલ્કે રબ્બુલ આલમીન કે સારે બન્દોં કે લિયે હૈં. મૈં મુસલમાનોંકો મુબારકબાદ દેતી હું કી ઉનમેં એક ઐસા બુલંદ ઇન્સાન ગુઝરા હૈ જિસે દુનિયા કી હર કૌમ યકસાં તરીકે સે માનતી હૈ. ઔર ઉનકી ઇઝ્ઝત કરતી હૈ."

(ગ્) આપને (સરોજીની નાયડુને) "હુસૈન ડે કમીટી, મુંબઇ" કે નામ અપને પયગામમેં કહા હૈ કિ "કરબલા કા દર્દનાક સાનેહા આજ ભી વૈસાહી તાઝા, દર્દઅંગેઝ ઔર વૈસાહી અસરખેઝ હૈ જૈસા કે ઉસ રોઝ થા જબ ઇસ્લામ કા યે બેહતરીન રેહબર શહીદ કિયા ગયા થા. 1300 સાલ કે બાદ ભી

ઇમામ હુસૈન કી મિસાલ હક વ હુર્રિયત કી તલાશ રખનેવાલોં કી રેહનુમાઇ કે લિયે રોશની કા મિનારા બની હુઇ હૈ ઉનકી ઝાત તમામ ઇખ્તેલાફાત સે બાલાતર હૈ. વક્ત ઔર ઝમાનેકી કૈદસે આઝાદ હૈ ઔર બુરાઇયોં કે મુકાબલે મેં સદાકત કી ફતેહ કા લાફાની નિશાન હૈ.”

(ધ્) હૈદરાબાદ ડકન કે ઇજલાસ “યાદગારે હુસૈની” કે મૌકે પર જો પયગામ ભેજા હૈ વહ હસ્બે ઝૈલ હૈં. “અકસર જબ લોગ મરતે હૈં તો ઉનકી યાદ ભી મૌસમે ખિઝાંમેં પત્તોં કી તરહ ગાયબ હો જાતી હૈ ઔર ખત્મ હો જાતી હૈ. લેકિન હઝરત ઇમામ હુસૈન(અલ.) કિસ્મતે ઇન્સાની કી ઉન નાદિર ઔર મુન્તખબા હસ્તિયોંમેં સે હૈ જિનકે નામ ઉફકુે તારીખ પર એક રોશન સિતારે કી તરહ ઝગમગા રહે હૈં. શાયદ હી કિસી હસ્તી કો ઇસ્લામ કે હરદિલઅઝીઝ

રેહનુમા કે તરહ ઐસી ગૈરફાની શૌકત ઔર હુસૈન નસીબ હુઆ હો. શાયદ હી કોઇ કિસ્સા ઇતના અલમનાક ઔર દિલસોઝ હો જિતના કિ વાકેએ કરબલા હૈ. જો આજ 13 સદિયોં કે બાદ ભી લાખોં કરોડો ઇન્સાનોં કો ખૂન કે આંસુ રૂલાને કી કાબિલીયત રખતા હૈ. 13 સદિયોં કે બાદ ભી ઇસ મુકદ્દસ શહાદત અઝમત વ શૌકત ઝુલ્મ ઔર બાતિલ કે ખિલાફ કશમકશ કી આલાતરીન નિશાની હૈ. ઔર ઇન્સાની આઝાદી ઔર હકપરસ્તી કી રાહમેં સબસે બઢી હુઇ ઇન્સાની કુરબાની ભી.''

**નોંધ** : મિસિસ સરોજીની નાયડુ ઉત્તર પ્રદેશના ગવર્નર હતાં. તેઓ ઉર્દૂના બેહતરીન શાયર હતાં. અને તેઓની આવાજ બેહતરીન હતી. તેઓ પોતાના રચેલ કાવ્ય ગાતાં હતાં. તેઓના અમુક

કાવ્ય ઇંગ્લિશમાં પણ મળે છે. જેઓને બુલબુલે હિંદનો ખિતાબ મળેલ છે.

મિસ્ટર કે. એલ. રુલિયારામ હિંદુસ્તાની ઇસાઇયોં કે બહુત બડે લીડર હૈં. આપને મુલતાનમેં ફરમાયા,

“ઉસ શખ્સ કી ઝિંદગી પર મૈં ક્યા કહું જો રૂએ ઝમીન પર હક વ સદાકત કા અલમ બલંદ કરનેવાલા પહલા ફર્દ હૈ. ઇમામ હુસૈન કી શહાદત કા વાકેઆ કિસી એક કૌમ સે મુતઅલ્લિક નહીં હૈ. ઇમામ ઉસ વક્ત અપની બલંદ સીરતકા ઇઝહાર ફરમાકર આનેવાલી કૌમોં કે સામને સબાત વ ઇસ્તેકલાલ, સબ્ર વ સકૂત ઔર હક પસંદી કા એક કામિલ નમૂના રખ ગએ હૈં તાકે ઉનકી કુરબાનીકો સામને રખ કર ઝાલિમોં ઔર જફાકારોં કે સામને સરે તસ્લીમ ખમ ન કરે. કરબલા કે મૈદાનમેં

ઇમામ હુસૈન કી સીરત કે વો જૌહર ખુલે હૈં જિન પર ગર્વ કરકે ઇન્સાન અંગુશ્ત બદન્દાં (દાંતોસે ઉંગલી કો દબા લેના) રહ જાતા હૈ. ઇસ ચૌદહવીં (14) સદી મેં જબ કે દુનિયા ઇન્સાનિયત ઔર સદાકત સે સૈંકડોં કોસ દૂર હટ ગઇ હૈ. આપકી બલંદ સીરત કો મોલ કે લિયે મસાએલ હિદાયત કા કામ દે સકતી હૈ. ઇમામને ચુંકિ હક વ સદાકત કે એક આમ ઉસૂલ કે લિયે જાન દી. ઇસ લિયે હક કૌમ વ મઝહબ કે લોગ આપકી મઝલૂમિયત ઔર ફિદાકારી પર આંસુ બહાતે હૈં. દુનિયા સે સેંકડો સલ્તનતેં મિટ ગઇં, હઝારોં બડે સે બડે ઇન્સાન પૈવંદે ઝમીન હો ગએ કે આજ કોઇ ઉનકા નામ ભી નહીં લેતા. લેકિન ઇમામને અપની કુરબાનીસે તારીખ પર ઐસા નકશ છોડા જો અપની પાએદારી સે જરીદએ આલમ પર હમેશાં કે લિયે સબ્ત હો

ગયા હૈ. દુનિયા બદલ જાએગી. આલમે ઝાહિર કે આબો રંગમેં તગય્યુર આ જાએગા. લેકિન ઝાલિમ ઔર મઝલૂમ બાકી રહેંગે, ઔર જહાં ભી હક વ સદાકત, જબ્ર ઔર ઝુલ્મ સે બરસરે પૈકાર હોગી વહાં હુસૈન ઔર યઝીદ કો યાદ કિયા જાએગા. હર દૌર મેં યઝીદ પૈદા હોતે રહેંગે લેકિન હુસૈન(અલ.) જૈસે શહાદત પસંદ, બલંદ સીરત કા ઇન્સાન અબ પૈદા ન હોગા. ઇમામ હુસૈન કી શહાદત એક ઐસા વાકેઆ હૈ જિસ પર તમામ કૌમોં કી ઇત્તેહાદ કી બુનિયાદ રખી જા સકતી હૈ.

ડૉક્ટર એસ. કે. બેનરજી, પી. એચ. ડી.(લંડન) સોનીએ તારીખ (લખનૌ યુનિવર્સિટી)

હુસૈનને ખુદ્દારી ઔર અપને ન મિટનેવાલે હક કે સિલસિલેમેં મુકાવેમત કરકે શહીદ કી મૌત મરના ઔર તકલીફ ઉઠાના પસંદ કિયા. દુનિયાકી

તારીખ કે શહાદતમેં વોહ મનઝર સબસે ઝયાદા દર્દઅંગેઝ હૈ જબ યેહ મુકદ્દસ હસ્તી ચટીયલ ઔર વિરાન રેગિસ્તાનસે રવાના હુઇ ઔર કરબલામેં બહાદુરાના મુકાબલા કિયા. જિસકે નતીજેમેં હુસૈન ઔર ઉનકી જમાઅત કે બહુતસે અફરાદકો જામે શહાદત નોશ કરના પડા.

હુસૈન કી રૂહાની અઝમત કા અંદાઝા રૂહ કો બેચેન કરનેવાલે ઉન ઉસૂલોંસે લગ સકતા હૈ, જિસકા મુઝાહેરા ઉનકે સાથિયોંને કિયા જબ નીંદ, ગિઝા, પાની સબકે દરવાઝે ઉનપર મસદૂદ કર દિયે થે, ઉસ વક્ત ભી ઉન્હોંને ઉસકા ખ્વાબ ન દેખા થા કે હુસૈન કો છોડ કર ચલે જાએં. ઉસ વક્ત ભી ઉન્હોંને અપને દુશ્મનોં કે ખિલાફ કોઇ કલેમએ બદ નહીં કહા. બલકે અપને કાએદ (ન્ર્ૂીકુકૂશ્ર્વ, નેતા) કે હાથ પર હાથ રખકર ઉસકી બરકત વ

દોઆ હાસિલ કરનેકે મુતમન્ની હોકર અપની જાનેં દે દીં.

હુસૈન કી તાલીમાત ઔર બહાદુરાના શહાદતને ઉન બાઅઝ હકાએક વ સદાકત કી તસ્દીક કર દી, જિસ પર રસૂલ યાને ઉનકે જદ્દને રોશની ડાલી થી. અપને મકસદ પર મઝબૂતી સે કાયમ રહના દુનિયા કે માદ્દી મફાદ કી પરવા ન કરના, ઉનસે કત્અે તઅલ્લુક કર લેના, મસાએબ સબ્રો ઇસ્તેકલાલ કા સબક મૈદાને કરબલામેં ઇસ તરહ દોહરાયા ગયા જિસ તરહ અરબમેં કભી ઇસકી તલકીન નહીં કી ગઇ થી.

હુસૈનને અપને ઔર અપની ઔલાદકે લિયે એક ગૈરફાની કામ્યાબી ઔર લાઝવાલ (ન મિટનેવાલી) શોહરત હાસિલ કર લી. કરબલા કે શોહદાકી ઝિંદગીકે સાથ હુસૈન કે બલંદ

નસબુલઐન કા ખાતમા નહીં હુવા યહ નસબુલઐન અકસર દોહરાયા ગયા ઔર દુનિયા કે હર ગોશેમેં આજ ભી ઉસકી યાદ તાઝા હૈ.

મિસ્ટર ગોખલે(સદર ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ) :

“અગર હુસૈન અપની શહાદત સે ઇસ્લામ કે ઉસૂલ કો અઝસરેનવ ઝિંદા ન કરતે તો યા તો ઇસ્લામ મિટ જાતા ઔર અગર ઇસ્લામ કા વુજૂદ હોતા ભી તો બેઉસૂલ ઔર બદતરીન મઝહબકી હૈસીયતસે, જિસકે અંદર બડી આઝાદી વોહ સબ બુરાઇયાં ફૈલ જાતી જિનકા રિવાજ યઝીદ ઔર ઉસકે ઝમાને કે મુસલમાનોંકી રોઝમર્રહ ઝિંદગીમેં ફૈલ ગયા થા.

હઝરત જુનૈદ બગદાદી રેહમતુલ્લાહ તઆલા અલૈહને એક બાર શહાદતે હુસૈન કે બારેમેં ફરમાયા:

હઝરત ઇમામ હુસૈન કી શહાદતમેં બહોતસે બસાએર વ મઆરીફ (મારેફત હાસિલ) હૈ, જિનસે રૂહ કો તસલ્લી હોતી હૈ. ઉન્હોંને હક વ સદાકત કી હિમાયત કે લિયે અપના ખૂન બહાયા. ઉન્હોંને અઝીમત વ ઇસ્તેકામત સે કામ લિયા. સાહલિ ફુરાત કા રેગઝાર ગવાહ હૈ કિ હુસૈન રાહે હક પર થે. હુસૈન કે હર ઝખ્મને બાતિલ કે આગે સરે તસ્લીમ ખમ કરનેસે ઇન્કાર કર દિયા. ઇસમેં કોઇ શક નહીં કી યઝીદકી હુકુમત કતઅન ગૈર શરઈ થી. ઉસકી બુન્યાદ શખ્સી જબ્રો ઇસ્તેબદાદ પર થી. હઝરત ઇમામને ઉસસે ટક્કર લી, બહત્તર(72) ભૂખેપ્યાસે દાઇયાને હક ઉસસે ટકરાએ. હઝરત

ઇમામને બેમિસાલ ઇસ્તેકલાલકા મુઝાહેરા ફરમાયા. અપની આંખોં કે સામને દિલ કે ટુકડોં કો તડપતે દેખા, લેકિન અઝમો હૌસલે મેં ફર્ક નહીં આયા. અર્ઝે કરબલા પર ઇમામકા ખૂન બહા લેકિન ઉસકે એક એક કતરેને દુનિયાકો ઇસ્તેકલાલ કા સબક દિયા, યહાં તક કે બાતિલ કમઝોર હો ગયા. ઔર ચંદ રોઝ કે બાદ સાહેબાને જબ્રો ઇસ્તેબદાદ ભી ખાકો ખૂનમેં તડપે.

**હઝરત ઇમામ હુસૈન(અલ.) માટે વિદ્વાનોના મંતવ્યો**

હુસૈન એટલે દુનિયાની મૂડી - કૈયઝર (જર્મની)

માનવતાનો દીપ એટલે હુસૈન -ચેમ્બરલેઇન (ઇંગ્લેન્ડ)

નિડરતા એજ હુસૈન - હિટલર (જર્મન)

હુસૈનમાં ધીરજ હતી, ગુસ્સો ન હતો - મર્હૂમ ગાઝી અનવરબેગ (તુર્કી)

દુનિયાનું જીવન એટલે હુસૈન - મર્હૂમ સર સૈયદએહમદ (અલીગઢ)

સદાચારનું ઘરેણું - નેપોલિયન (ફ્રાંસ)

પહેલો સત્યાગ્રહી - લોકમાન્ય તિલક (ભારત)

અસત્યનો, અન્યાયીનો વેરી - મર્હૂમ મૌલાના હાલી (ભારત)

હકનો રહેબર એટલે હુસૈન - સરોજીની નાયડૂ (ભારત)

મઝહબનો અલ્લામા - અલ્લામા ઇકબાલ

નિતી, ટેક, ધૈર્યનો અખૂટ ખઝાનો - સાતમા એડવર્ડ (ઇંગ્લેન્ડ)

સારો રાજ નિતિજ્ઞ - વિકટોરીયા (ઇંગ્લેન્ડ)

અલ્લાહનો ફકીર એટલે હુસૈન - મર્હૂમ મીર તકી (લખનૌ)

મઝલૂમ મુજાહિદ - મર્હૂમ હઝરત ઇન્શા (દિલ્હી)

હૃદયમાં સબ્ર થઇને રહે એ જ હુસૈન - મર્હૂમ મીર ગાલિબ

અનિતિને પાપાચારનો કાળ - સયાજીરાવ ગાયકવાડ (વડોદરા)

હુસૈન લડાઇની વિરૂદ્ધ હતા - રાણા પ્રતાપ

હુસૈન વગર સત્ય ન જ હોત - શીવાજી મહારાજ (મહારાષ્ટ્ર)

ઇસ્લામ ઝિન્દા હોતા હૈ હર કરબલા કે બાદ - મર્હૂમ મોહંમદઅલી

દુનિયાનો માર્ગદર્શક - લોર્ડ વિલિંગ્ડન

હકનો હીરો - મોતીલાલ નેહરૂ

અહિંસાનો પિતા એટલે હુસૈન - ગાંધીજી (ભારત)

## (20) શાયરોની કતાઅ

**શાહ અસ્ત હુસૈન બાદશાહ અસ્ત હુસૈન**

**દીં અસ્ત હુસૈન દીંપનાહ અસ્ત હુસૈન**

**સર દાદ, ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ**

**હક્કા કે બિનાએ લાઇલાહ અસ્ત હુસૈન**

(હઝરત ખ્વાજા મુઇનુદ્દીન ચીશ્તી અજમેરી રહ.)

**હુસૈન(અલ.) બાદશાહ છે.**

**હુસૈન(અલ.) દીન છે.**

**હુસૈન(અલ.) દીનનું આશ્રય સ્થાન છે. શરણ છે.**

**માથું આપી દીધું, હાથ ન આપ્યો યઝીદના હાથમાં**

(મતલબ યઝીદથી ઇમામે બયઅત ન કરી)

હક આ છે કે લાઇલાહા ઇલ્લલ્લાહની બુનિયાદ-પાયો-સ્તંભ ઇમામ હુસૈન(અલ.) છે.

**અય કરબલાકી ખાક ઉસ એહસાન કો ન ભૂલ**

**તડપી હૈ તુજપે લાશે જિગર ગોશએ બતુલ**

ઇસ્લામ કે લહૂ સે તેરી પ્યાસ બુજ ગઇ
સૈરાબ કર ગયા તુજે ખૂને રગે રસૂલ
ચઢ જાએ કટ કે સર તેરા નૈઝે કી નોક પર
લેકનિ યઝીદીયોં કી ઇતાઅત ન કર કબૂલ

(મૌલાના ઝફર અલી ખાન)

ક્યા સિર્ફ મુસલમાન કે પ્યારે હૈં હુસૈન?
ચર્ખે નૌએ બશર કે તારે હૈં હુસૈન.
ઇન્સાન કો બેદાર તો હો લેને દો
હર કૌમ પુકારેગી હમારે હૈં હુસૈન.

(જોશ મલીહાબાદી)

જો દહકતી આગ કે શોલોં પે સોયા વો હુસૈન
જિસને અપને ખૂનસે આલમ કો ધોયા વો હુસૈન
જો જવાં બેટેકી મય્યતપે ન રોયા વો હુસૈન
જિસને સબ કુછ ખો કે ફિર કુછ ભી ન ખોયા વો હુસૈન
જિસને અપને ખૂન કી કર દી સખાવત વો હુસૈન
જિસને હંસકે પી લિયા જામે શહાદત વો હુસૈન

(જોશ મલીહાબાદી)

**નોંધ** : પ્રકરણ 19 પેજ નં. 92 થી 110 ભાઇ શબ્બીર અલી ડી. નૂરાની તંત્રી લબ્બૈકની કિતાબમાંથી લીધું છે.

**સમાપ્ત**